gujaratvandan.com



એક સમય એવો પણ હતો જ્યારે ફિલ્મો મળતી ન હતીઃ કૃતિ

પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 28 મે 2023

જેઠ સુદ-08, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 03 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**

મોડું સમજાયેલું સત્ય, તાળું તોડાયા પછી ખોવાયેલી ચાવી મળ્યા જેવું છે...

## દેશના આઝાદી પછીના ઈતિહાસમાં ઉમેરવા જઈ રહ્યું છે એક નવું સોનેરી પ્રકરણ



નયે દૌર મેં લિખેંગે હમ મિલકર નયી કહાની

# PM નરેન્દ્ર મોદી આજે રાષ્ટ્રને અર્પણ કરશે નવું સંસદ ભવન


### કોંગ્રેસ સહિતના કેટલાક વિપક્ષોના વિરોધ વચ્ચે ભવ્યતિભવ્ય સમારોહમાં સંપન્ન થશે સમગ્ર કાર્યક્રમ

ગુજરાત | વંદન

દેશના આઝાદી પછીના ઈતિહાસમાં એક નવું સોનેરી પ્રકરણ ઉમેરવા જઈ રહ્યું છે. અંગ્રેજો દ્વારા અંદાજે 100 વર્ષ પહેલા નિર્માણ પામેલ વર્તમાન વર્તુણાકાર સંસદ ભવનની નજીક નવું ત્રિકોણાકાર સંસદ ભવનનું લોકાર્પણ એક દમદાર, શાનદાર અને ઝાકમઝોળ સમારોહમાં નયા ભારતના પ્રણેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આવતીકાલ 28 મેના રોજ સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરની પુણ્યતિથિએ દેશને અર્પણ કરવામાં આવશે. નવું સંસદ ભવન અંદાજે રુ. 1000 કરોડ઼ કરતા વધુના ખર્ચે અને ગુજરાતના જાણીતા આર્કિટેક્ચર બિમલ પટેલ દ્વારા બનાવવામાં આવ્યું છે. નવું સંસદ ભવન વડાપ્રધાન મોદીના ડ્રીમ પ્રોજેક્ટ તરીકે માનવવામાં આવી રહ્યું છે. નવા સંસદ ભવનના ઉદ્ઘાટનને લઈને રાજકીય વિવાદ પણ જોવા મળ્યો હતો. વિરોધપક્ષ દ્વારા નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન મહામહિમ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ દ્વારા કરાવવાનો આગ્રહ રખાયો હતો. પરંતુ આ અંગે વિરોધ પક્ષમાં ભાગલા પડ્યા અને કોંગ્રેસ સહિત 20 વિપક્ષો ...અનુસંધાન પેજ નં. 6 પર

### રેકોર્ડ 28 મહિનામાં તૈયાર...

દેશની નવી સંસદ તૈયાર છે. નવું સંસદ ભવન રેકોર્ડ 28 મહિનામાં બનાવવામાં આવ્યું હતું. નવા સંસદ ભવનના નિર્માણમાં વપરાયેલી બાંધકામ સામગ્રી તેમની વિશેષતાઓને ધ્યાનમાં રાખીને દેશના વિવિધ રાજ્યોમાંથી મંગાવવામાં આવી હતી. બીજા શબ્દોમાં કહીએ તો નવું સંસદ ભવન એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને આત્મસાત કરે છે. કારણ કે લોકશાહીના આ મંદિરને બનાવવા માટે દેશભરમાંથી કોઈને કોઈ સામગ્રી આવી છે.



### 1000 કરોડનો ખર્ચ

ભારતનું નવું સંસદ ભવન રૂ.1000 કરોડમાં પૂર્ણ થયું છે. તે રેકોર્ડ 28 મહિનામાં તૈયાર કરવામાં આવ્યું છે. સંસદની આ નવી ઈમારતના નિર્માણમાં 60 હજારથી વધુ મજૂરોએ કામ કર્યું છે. નવું સંસદ ભવન 64,500 ચો.મી.વિસ્તારમાં ફેલાયેલું છે. ગુજરાતની આર્કિટેક્ટ કંપનીએ તેની ડિઝાઈન તૈયાર કર્યું છે. તેના મુખ્ય આર્કિટેક્ટ બિમલ પટેલ છે. 10 ડિસેમ્બર 2020 ના રોજ, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ હેઠળ બનેલા નવા સંસદ ભવનનો શિલાન્યાસ કર્યો હતો . તેનું બાંધકામ 15 જાન્યુઆરી 2021થી શરૂ થયું હતું.

### કઈ સામગ્રી ક્યાંથી આવી...

નવી ઈમારતમાં વપરાયેલ સાગનું લાકડું મહારાષ્ટ્રના નાગપુરથી મંગાવવામાં આવ્યું છે. રાજસ્થાનના સરમથુરાથી સેન્ડસ્ટોન (લાલ અને સફેદ)ની આયાત કરવામાં આવી છે. સંસદ ભવનમાં જે કાર્પેટ બિછાવવામાં આવી રહ્યા છે તે યુપીના પ્રખ્યાત મિર્ઝાપુરના છે. ત્રિપુરાના અગરતલામાંથી વાંસ મેળવીને અહીં લાકડાનું માળખું બનાવવામાં આવ્યું છે. યુપીના નોઈડા અને રાજસ્થાનના રાજનગરમાં પથ્થરની જાળીનું કામ કરવાયું છે. મહારાષ્ટ્રના ઔરંગાબાદ અને રાજસ્થાનના જયપુરે અશોક ચિહ્નના નિર્માણમાં ફાળો આપ્યો હતો. જ્યારે અશોક ચક્ર મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાંથી બનાવવામાં આવ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### યુપીએસસી પરીક્ષા પાસ કર્યાનો જુઠો દાવો કરનારા સામે કાર્યવાહી થશે



યુપીએસસીની પરીક્ષામાં પાસ થવાનો જુઠો દાવો કરનારા બે ઉમેદવારોની સામે યુપીએસસી દ્વારા ગુનાહિત પગલા લેવામાં આવશે. આ બન્ને ઉમેદવારો પર દસ્તાવેજો સાથે ચેડા કર્યા અને પરીક્ષા પાસ કરી હોવાનો જુઠો દાવો કરવા બદલ કાર્યવાહી કરવા યુપીએસસી વિચારી રહ્યું છે. મધ્ય પ્રદેશની આયશા મકરાણી અને હરિયાણાના તુષારે દાવો કર્યો હતો કે તેમણે યુપીએસસીની પરીક્ષા પાસ કરી લીધી છે. જોકે યુપીએસસીએ કહ્યું છે કે બન્ને ઉમેદવારો જુઠો દાવો કરી રહ્યા છે. પોતાના આ દાવાને સાબિત કરવા માટે બન્ને ઉમેદવારોએ દસ્તાવેજોની સાથે છેડછાડ કરી છે. આમ કરીને બન્ને ઉમેદવારોએ સિવિલ સર્વિસ પરીક્ષાના નિયમોનો ભંગ કર્યો છે.

### 'સત્તા પર બેઠેલા લોકો દેશનો ઈતિહાસ બદલી નાખશે': નીતિશના પ્રહારો



બિહારના સીએમ નીતિશ કુમારે નવી સંસદ ભવનનાં ઉદ્ઘાટન સમારોહનો બહિષ્કાર કર્યા બાદ નીતિ આયોગની બેઠકથી પોતાને દૂર કરી લીધા છે. શનિવારે નીતિશ કુમારે કેન્દ્રની ભાજપ સરકારને ઘેરી હતી અને કહ્યું હતું કે સત્તામાં બેઠેલા લોકો સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ બદલી નાખશે. મને બહુ ખરાબ લાગે છે સીએમ નીતિશે કહ્યું કે નીતિ આયોગની બેઠક અને નવા સંસદ ભવનનાં ઉદ્ઘાટનમાં હાજરી આપવાનો કોઈ અર્થ નથી. નવી સંસદની શું જરૂર હતી? મેં વારંવાર કહ્યું છે કે સત્તામાં રહેલા લોકો આ દેશનો ઈતિહાસ બદલી નાખશે. શું તમે ઈતિહાસ ભૂલી જશો?

### ઝારખંડમાં વિજળી પડવાથી બે દિવસમાં 12 ના મોત


ઝારખંડના વિભિન્ન વિસ્તારોમાં વિજળી પડવાથી બે દિવસ દરમિયાન 12 લોકોના મોત નીપજ્યા. ધનબાદ જિલ્લાના બરવદ્દા વિસ્તારમાં વિજળી પડવાથી એક મહિલા અને તેમની પુત્રીનું મોત નીપજ્યુ. જમશેદપુરના બાહરાગોરા વિસ્તાર અને ગુમલા જિલ્લાના ચિરોદિહ વિસ્તારમાં પણ વિજળી પડવાથી બે લોકોના મોત નીપજ્યા. ઝારખંડ સરકારે મૃતકોના પરિવારજનોને 4-4 લાખ રૂપિયા વળતર આપવાનું એલાન કર્યુ છે. ઝારખંડના લોહરદગામાં એક વ્યક્તિનું વિજળી પડવાથી મોત નીપજ્યુ. ગુરુવારે પણ અલગ-અલગ ઘટનાઓમાં સાત લોકોના મોત નીપજ્યા હતા.

### વાંકી નજરે...

સૌજન્યથી...




## IPL-16: નમો સ્ટેડિયમમાં કોણ જીતશે-ધોની કે ફરીથી પંડયા...!



■ ભરચક દર્શકોની વચ્ચે રમાનાર ફાઈનલ મેચમાં વરસાદનું વિઘ્ન ન નડે તે માટે પ્રાર્થના

ગુજરાત | વંદન



IPLની 16મી સિઝન હવે તેના ટાઇટલ મેચમાં પહોંચી ગઈ છે. રવિવાર આઈપીએલના ફાઈનલ મુકાબલામાં CSK ડિફેન્ડિંગ ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સ સાથે ટકરાશે. ગુજરાત ટાઈટન્સે શુક્રવારે ક્વોલિફાયર-2માં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને 62 રનથી હરાવ્યું હતું. આ સાથે ગુજરાતની ટીમ ફાઈનલમાં પહોંચી ગઈ છે. હવે તેને વિચિત્ર સંયોગ કહો કે IPLની 16મી સિઝન એક જ જગ્યાએ અને તે જ બે ટીમો વચ્ચે સમાન મેચ સાથે સમાપ્ત થશે. CSKની ટીમ આ ટૂર્નામેન્ટમાં 10મી વખત ફાઈનલ રમશે. તે ચાર વખત ચેમ્પિયન પણ રહી હતી.


ગુજરાતની ટીમે આ સિઝનમાં જોરદાર પ્રદર્શન કર્યું છે. ટીમે 18 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જો કે, પ્રથમ ક્વોલિફાયર મેચમાં ગુજરાત ટાઇટન્સનો CSK સામે પરાજય થયો હતો, જેના કારણે ગુજરાતને બીજા ક્વોલિફાયરમાં મુંબઈ ઈન્ડિયન્સનો સામનો કરવો પડ્યો હતો. જો કે, અહીં ગુજરાતે જોરદાર વાપસી કરી અને જીત મેળવીને સતત બીજી વખત ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. IPL 2023ની ફાઈનલ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. સાથે જ ટોસનો સમય 7 વાગ્યાનો રાખવામાં આવ્યો હતો. આ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે.

IPLની 16મી સિઝનની શરૂઆત અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચથી થઈ હતી. તે મેચમાં પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈએ 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 178 રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાતે 19.2 ઓવરમાં પાંચ વિકેટે 182 રન બનાવીને મેચ જીતી લીધી હતી. હવે આ બંને ટીમો ફાઈનલમાં પણ પહોંચી ગઈ છે. આવી સ્થિતિમાં સ્પર્ધા રસપ્રદ બને તેવી અપેક્ષા છે. એક તરફ ડિફેન્ડિંગ ચેમ્પિયન હાર્દિક પંડ્યાની ગુજરાત ટાઈટન્સ અને બીજી તરફ ચાર વખતની ચેમ્પિયન મહેન્દ્ર સિંહ ધોનીની ચેન્નાઈ સુપર કિંગ્સ હશે.

### ચોથા સેમેસ્ટરમાં સાવરકર, સાતમામાં ગાંધી

## દિલ્હી યુનિ.એ કવિ 'ઈકબાલ'ને સિલેબસમાંથી હટાવ્યાં, ગાંધીજી કરતાં વીર સાવરકરને 'પ્રાથમિકતા'

ગુજરાત | વંદન



શુક્રવારે મોડી રાત સુધી ચાલેલી દિલ્હી યુનિવર્સિટી (DU) ની એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતા. અવિભાજિત ભારતના પ્રખ્યાત કવિ અને 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા'ના લેખક મોહમ્મદ અલ્લામા ઈકબાલને અંડરગ્રેજ્યુએટ પોલિટિકલ સાયન્સના અભ્યાસક્રમમાંથી હટાવી દેવામાં આવ્યા છે.

આ ઉપરાંત વિનાયક દામોદર સાવરકરનું સંપૂર્ણ પેપર અભ્યાસક્રમમાં ઉમેરાયું છે. તેના વિશે ચોથા સેમેસ્ટરમાં ભણાવવામાં આવશે. જોકે આ અગાઉ છઠ્ઠા સેમેસ્ટરમાં સાવરકર અંગે ભણાવવામાં આવતું હતું. પરંતુ તેમનો માત્ર એક પ્રકરણ જ તેમાં સામેલ હતો. આ ઉપરાંત સાતમા સેમેસ્ટરમાં મહાત્મા ગાંધી પરનું પેપર મુકવામાં આવ્યું છે. અગાઉ તેમના વિશે ચોથા સેમેસ્ટરમાં ભણાવાતું હતું. જેનો અનેક સભ્યોએ વિરોધ કર્યો છે. શુક્રવારે સવારે શરૂ થયેલી સભાની શરૂઆત સૌપ્રથમ સમરવીર માટે બે મિનિટનું મૌન પાળી કરવામાં આવી હતી, જે હિંદુ કોલેજમાં તદર્થ શિક્ષક હતા. મોડી સાંજ સુધી શૂન્યકાળ ચાલ્યો. જેમાં સભ્યોએ વિવિધ મુદ્દા ઉઠાવ્યા હતા. જેમાં તદર્થ શિક્ષકનો મુદ્દો મહત્વનો હતો.

## નવું સંસદ ભવનઃ કેજરીવાલ-ખડગે વિરુદ્ધ ફરિયાદ

■ રાષ્ટ્રપતિ મુર્મુની જાતિનો ઉલ્લેખ કરીને ઉશ્કેરણીજનક નિવેદન આપવાનો આરોપ

ગુજરાત | વંદન





દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે નવા વિવાદમાં ફસાયા છે. આ બંને સિવાય અન્ય કેટલાક નેતાઓ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની જાતિનો ઉલ્લેખ કરીને ભડકાઉ નિવેદનો કરવાનો આરોપ છે. આ નેતાઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, નવા સંસદ ભવનનાં ઉદ્ઘાટન સમારોહની વાત કરતી વખતે તેઓએ આ ઉશ્કેરણીજનક ભાષણો આપ્યાં હતાં.આ નેતાઓ પર રાજકીય લાભ માટે આવા નિવેદનો કરીને બે સમુદાયો/જૂથો વિરુદ્ધ દુશ્મનાવટ અને ભારત સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પેદા કરવાનો આરોપ છે. આ મામલે આઈપીસીની કલમ 121, 153A, 505 અને 34 હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે.

### મોદીના પ્રવાસ પહેલાં મોટું પગલું

## USમાં દિવાળી પર રજા જાહેર કરવા સંસદમાં લવાયું બિલ

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત પહેલા અમેરિકાએ મોટું પગલું ભર્યું છે. અમેરિકામાં દિવાળીના દિવસને સંઘીય રજા તરીકે જાહેર કરવા માટે અમેરિકી કોંગ્રેસ (સંસદ)માં એક બિલ રજૂ કરવામાં આવ્યું છે. અમેરિકી મહિલા સાંસદ ગ્રેસ મેંગે શુક્રવારે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં દિવાળી દિવસ બિલ રજૂ કર્યું હતું. તેમના આ પગલાને દેશભરના વિવિધ સમુદાયોએ આવકાર્યો છે. જો કોંગ્રેસ દ્વારા દિવાળી દિલ બિલ પસાર કરવામાં આવે તો તે રાષ્ટ્રપતિની સંમતિ બાદ કાયદો બની જશે અને ...અનુસંધાન પેજ નં. 6 પર

## ભારતને નાટો પ્લસનો ભાગ બનાવવું જોઈએ



■ US સમિતિ દ્વારા બાઈડેન સરકારને ભલામણ કરવામાં આવી

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા મહિને અમેરિકાના પ્રવાસે જવાના છે. દરમિયાન, યુએસ કોંગ્રેસની એક સમિતિએ ભારતને નાટો પ્લસનો ભાગ બનાવવા માટે બાઈડેન સરકારને ભલામણ કરી છે. સમિતિનું કહેવું છે કે ભારતના સમાવેશથી નાટો પ્લસ મજબૂત થશે. નાટો પ્લસ એ વૈશ્વિક સંરક્ષણ સહયોગને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ સુરક્ષા વ્યવસ્થા છે. તે પાંચ દેશો વચ્ચેનું જોડાણ છે. આ દેશો ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, જાપાન, ઈઝરાયેલ અને દક્ષિણ કોરિયા છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે જો નાટો પ્લસનો છઠ્ઠો ભાગ ભારતને બનાવવામાં આવે છે, તો આ દેશો વચ્ચે ગુપ્ત માહિતી શેર કરવાની સુવિધા હશે. તેમજ જો ભારતને નાટો પ્લસમાં સામેલ કરવામાં આવે તો દેશને સંરક્ષણ અને સુરક્ષા માટે અમેરિકા સાથે સરળતાથી જોડી શકાય છે.


...અનુસંધાન પેજ નં. 6 પર

## કર્ણાટકઃ સિદ્ધારમૈયા સરકારની કેબિનેટમાં 24 નવા મંત્રીઓ જોડાયા

■ 'ટીમ 33' પૂર્ણ, માત્ર 1 મહિલાને સ્થાન

ગુજરાત | વંદન

કર્ણાટકમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના નેતૃત્વમાં કોંગ્રેસની સરકાર રચાયાના એક સપ્તાહ બાદ આજે 24 ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કર્ણાટક સરકારમાં 34 મંત્રીઓ હોઈ શકે છે. મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા અને નાયબ મુખ્ય પ્રધાન ડીકે શિવકુમાર સહિત દસ પ્રધાનોએ 20 મેના રોજ શપથ લીધા હતા. રાજભવન ખાતે સવારે 11.45 કલાકે શપથ ગ્રહણ સમારોહ શરૂ થયો હતો. શપથ સમારોહને ધ્યાનમાં રાખીને રાજભવન અને તેની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી હતી. વરિષ્ઠ ધારાસભ્યો એચ કે ...અનુસંધાન પેજ નં. 6 પર



## કુશ્તીબાજોને બાબા રામદેવનું સમર્થન, બ્રિજભૂષણની તાત્કાલિક ધરપકડ કરવા કરી માગ




ગુજરાત | વંદન

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહની મુશ્કેલી સતત વધતી જઈ રહી છે. હવે યોગગુરુ બાબા રામદેવ પણ દેખાવકાર કુશ્તીબાજોના સમર્થનમાં ઊતરી આવ્યા હતા. બાબા રામદેવે કહ્યું કે કુશ્તી સંઘના પ્રમુખ પર યૌન ઉત્પીડનના ગંભીર આરોપો છે. તેમની તાત્કાલિક ધરપકડ થવી જોઈએ. તેમણે કહ્યું કે દેશના કુશ્તીબાજો માટે જંતર-મંતર પર બેસીને રેસલિંગ એસોસિએશનના પ્રમુખ પર જાતીય સતામણીનો આરોપ લગાવવો ખૂબ જ શરમજનક બાબત છે. આવા લોકોની તાત્કાલિક ધરપકડ કરીને જેલના સળિયા પાછળ મોકલી દેવા જોઈએ.

બાબા રામદેવે માત્ર બ્રિજભૂષણની ધરપકડની માગણી જ નથી કરી, પરંતુ તેમના નિવેદનો માટે ભાજપના સાંસદ પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે તે દરરોજ વારંવાર મા-બહેન-દીકરીઓ વિશે બકવાસ કર્યા કરે છે. આ ખૂબ જ ટીકાને પાત્ર અને મોટો પાપ છે.

બીજેપી સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ મહિલા રેસલર્સના યૌન ઉત્પીડનના આરોપોને સતત નકારી રહ્યા છે. આ દરમિયાન તેમણે કુશ્તીબાજોના આંદોલન પર ગંભીર આરોપ લગાવ્યા હતા. બ્રિજભૂષણે કહ્યું હતું કે આ આંદોલન દિલ્હીથી પંજાબ અને ખાલિસ્તાન અને કેનેડા તરફ આગળ વધી રહ્યું છે. આ આંદોલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી વિરુદ્ધ નારા લગાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે બજરંગ પુનિયા શિરચ્છેદની વાત કરી રહ્યો છે, તે પોતાની ભાષા નહીં પણ બીજા કોઈની ભાષા બોલી રહ્યો છે. કુશ્તીબાજોના પ્રદર્શનને સમર્થન આપતી ખાપ પંચાયતો અને રાજકીય પક્ષો પર કટાક્ષ કરતા તેમણે પૂછ્યું કે શું આ લોકો શિરચ્છેદની ભાષાને સમર્થન આપે છે.



# નવા સંસદ ભવનના ઉદ્ઘાટનમાં હાજરી આપશે સીએમ ભૂપેન્દ્ર પટેલ

■ 27-28 દિલ્હી ખાતે, નીતિ આયોગની બેઠકમાં ભાગ લેશે

ગુજરાત | વંદન

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ 27 અને 28 મેએ દિલ્હીના પ્રવાસે રહેશે. 27 અને 28 મેની દિલ્હી મુલાકાત દરમિયાન તેઓ નીતિ આયોગની બેઠકમાં ભાગ લેશે. 28મી મેના રોજ નવા સંસદ ભવનનાં ઉદ્ઘાટન થવાનું છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નવા સંસદ ભવનના ઉદઘાટનમાં ઉપસ્થિત રહેશે.

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ બે દિવસના દિલ્હી પ્રવાસે જવાના છે. 27 અને 28 મેના રોજ દિલ્હીમાં તેઓ મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. મુખ્યપ્રધાન નીતિ આયોગની બેઠક અને નવા સંસદ ભવન લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે. 29 મેથી મુખ્યપ્રધાન રાબેતા મુજબ કાર્યાલયમાં મુલાકાતીઓને મળશે.28મી મેના રોજ નવા સંસદ ભવનનાં ઉદ્ઘાટન માટેના નિમંત્રણ દેશભરના વિવિધ નેતાઓને મોકલવામાં આવ્યા છે જેમાં અનુક્રમે લોકસભા અને રાજ્યસભાના ભૂતપૂર્વ સ્પીકર્સ અને સ્પીકર્સનો સમાવેશ થાય છે. ભાજપ શાસિત રાજ્યોના CM નવા સંસદ ભવનના ઉદ્ઘાટનમાં હાજર રહેશે. જેમાં ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહેશે.

## પાટનગર કાંઠે સાબર મૈલી....



રાજ્યના પાટનગર ગાંધીનગર થઈને વહેતી સાબરમતી નદીમાં કચરના ઢગલા અને ભારે ગંદકી જોવા મળી રહી છે. ગાંધીનગર ચિલોડા તરફ નદીમાં પાણી સાફ ઓછું અને કચરા ઢગલાઓને કારણે તેની અસર પાણીની ગુણવત્તા પર પડે તે સ્વભાવિક છે. નદીના પાણીમાં આ કચરાના ઢગલા અને ગંદકી કોણ દૂર કરશે...? ગાંધીનગર મનપા....ગુડા....કે પછી નજીકની કોઈ પંચાયત....? (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

### ગુજરાતના 9 લાખ કર્મચારીઓ માટે ખુશખબર

# રાજ્ય સરકારે મોંઘવારી ભથ્થુ આઠ ટકા વધાર્યું

ગુજરાત | વંદન

ગુજરાતના 9 લાખ કરતાં વધુ સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સ માટે સરકારે મોંઘવારી ભથ્થામાં વધારો કર્યો છે. રાજ્ય સરકારે કેન્દ્ર સરકારના ધોરણે ચાર ટકાનો વધારો તારીખ 01-07-2022ની અસરથી તેમજ બીજા ચાર ટકાનો વધારો તારીખ 01-01-2023ની અસરથી આપવાનો નિર્ણય કર્યો છે. મોંઘવારી ભથ્થાના આ વધારાના પરિણામે રાજ્ય સરકારને અંદાજે વાર્ષિક રૂપિયા 4,516 કરોડનું નાણાકીય ભારણ વધશે.

સરકાર દ્વારા વધારવામાં આવેલ મોંઘવારી ભથ્થાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે તેમને જ મળશે. મુખ્યમંત્રી દ્વારા લેવાયેલ આ નિર્ણય પ્રમાણે રાજ્ય સરકારના પંચાયત સેવા તથા અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળીને અંદાજે 9.38 લાખ કર્મચારીઓને મોંઘવારી ભથ્થાનો વધારાનો લાભ મળવાનો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 1 જુલાઈ 2022થી તથા 1 જાન્યુઆરી 2023ની અસરથી આપવાના થતાં મોંઘવારી ભથ્થામાં આઠ ટકાવા વધારાથી જે એરિયર્સની રકમ આપવાની થાય છે તેને ત્રણ હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે. તે ઉપરાંત તફાવતની રકમનો પ્રથમ હપ્તો જૂન 2023ના પગાર સાથે, બીજા હપ્તો ઓગસ્ટ 2023 અને ત્રીજો હપ્તો ઓક્ટોબર 2023ના પગાર સાથે ચૂકવવામાં આવશે.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

# કર્ણાટક બાદ તામિલનાડુએ કહ્યું- 'અમૂલ ધી બેડ ટેસ્ટ ઓફ ઈન્ડિયા..અટરલી.. બટરલી..અમારે ત્યાં ના આવલી....?!'




ધી ટેસ્ટ ઓફ ઈન્ડિયા એટલે અમૂલનો ટેસ્ટ કાંઈ બગડતો જઈ રહ્યો હોય તેમ દૂધ ડેરીના ઈતિહાસમાં એવુ પહેલીવાર બની રહ્યું છે અમૂલને સીબીઆઈની જેમ કેટલાક રાજ્યોમાં નો એન્ટ્રીનો સામનો કરવો પડે ઐસા માહૌલ બન રહા હૈ...યા કોઈ બના રહા હૈ...

અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા...જિંગલમાં એવુ ઉમેરવુ પડે કે અમૂલ કા મહંગા દૂધ પીતા હૈ ઈન્ડિયા...! કેમ કે અમૂલ દ્વારા ભાવ વધારો કરવાની કૂટેવ પડી ગઈ છે. તેને એકલાને જ મહંગાઈ ડાયન લાગે છે, દૂધના કરોડો વપરાશકારોને તો જાણે મોંઘવારી ગમતી હોય તેમ અમૂલ અમુક સમય થાય એટલે સમાચાર આવે- લિટરે બે રૂપિયાનો વધારો....!

મામલા યે હૈ કી કરનાટક કે બાદ અબ તામિલનાડુ ને ભી લુંગી બાંધ કર એલાન-એ- જંગ કર દિયા- હમારે રાજ્ય મેં અમૂલ કા જરૂરત નઈ...હમારે પાસ એવિન બ્રાન્ડ દૂધ-ચીઝ..સબકુછ ચીજ હૈ...! કેટલાક ભાજપપિડિત રાજ્યોએ પોતાના રાજ્યમાં સીબીઆઇને પૂર્વ મંજૂરી વગર પ્રવેશવુ નહીં એવુ બોર્ડ લગાવ્યાં...તેમ અમૂલ માટે પણ કેટલાક રાજ્યો, નો એન્ટ્રી કહીને કહેશે-અમૂલજી..અટરલી..બટરલી...અમારે ત્યાં ના આવલી....?!

### લગ્નમાં જમણવાર જેટલો ખર્ચ બે કલાકના ડીજે પાછળ થાય છે....એટલે હવે ડીજે ભગાવ..દિકરી બચાવ..! થેંક્સ ગેનીબેન...






કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ફરી એકવાર વંડી ઠેકવા થનગની રહ્યાંની વચ્ચે સિનિય મહિલા ધારાસભ્ય ગેનબેન ઠાકોર ઝળક્યા છે. ના, તેઓ કાંઈ કેસરિયા કરવા તૈયાર નથી. પણ તેમણે સમાજની દિકરીઓની ચિંતા કરી છે. સ્વાભાવિક છે કે એક મહિલા અને જનપ્રતિનિધિ હોય એટલે મહિલાઓની ચિંતા તો કરે જ.

તેમણે એક એવુ રસપ્રદ તારણ અને કારણ શોધી કાઢ્યું છે કે સમાજમાં કેટલીક દિકરીઓ ભાગી જવા પાછળનું એક કારણ ડીજે છે...ડીજે વાગે અને દિકરી ભાગે...! ડીજેવાલે બાબુ મેરા ગાના બજા દે...ગાના બજા દે...! ગાના વાગે અને પછી હમ તુમ એક કમરે મેં બંધ હો...માટે જાય પોબારા....!

ગેનીબેને સમાજને અપીલ કરી છે- ડીજે ભગાવ..દિકરી બચાવ.... એટલે લગ્નો વગેરેમાં ડીજેનો ખર્ચ બચાવો અને સાદાઈથી લગ્ન કરવા જોઈએ. ગેનીબેનની એક વાત સાચી-લગ્નમાં જમણવાર જેટલો ખર્ચ બે કલાકના ડીજે પાછળ થાય છે....આખી ટ્રક ભરીને સ્પીકર... વાગે અને ઝુમ બરાબર...ચાલ્યા કરે..એમાં વળી પ્રતિબંધિત પીણું લગાવ્યું હોય તો તો....જાન સમયસર પહોંચે તો ગનીમત સમજો....સમાજને એક સારો સંદેશો આપવા બદલ ગેનીબેનનો આભાર...

### આવ રે વરસાદ...પિઝારિયો વરસાદ...ઉની ઉની ઇડલી... સાથે ટોપરાની ચટણી...!.





આ લખાય છે ત્યારે 26મી મેના રોજ સમી સાંજે અમદાવાદ મધ્યે વરસાદનું ફરી આગમન થયું...વાદળોનો ગ ડ ગ ડા ટ સંભળાયો..ભારે પવન ફૂંકાયો કેટલાક વિસ્તારમાં અને ગરમીમાં કંઈક રાહત મળી. આમ તો ચોમાસાનો વરસાદ ઢુકડો છે. બસ આ કેરળમાં વરસાદ પહોંચે એટલે તેના 15 દિવસ બાદ ગુજરાતમાં રૂમઝુંમ...રૂમઝુમ.. કરતો મેહુલિયો આવ્યો સમજો...

ઉનાળામાં વૈશાખમાં..જેઠમાં...જે વરસાદ થયો તે કમોસમી વરસાદ.બોલે તો માવઠા. પણ માવઠા એટલા પડ્યા કે જાણે ચોમાસુ આવી ગયું... ખૈર, હવે રિયલ મોનસુનની તૈયારી છે અને તેની સાથે ઉની ઉની રોટલી અને કારેલાનું શાક....ખાવાનું આયોજન તો બનતા હૈ...

આવ રે વરસાદ...ઢેબરિયો વરસાદ...ઉની ઉની રોટલી અને કારેલાનું શાક...એને આજની નવી પેઢીના પિઝા-બર્ગર-અને તેની સાથે કોકોકોલાનો રસાસ્વાદ માણીને ઓડકાર લેવાના ભોજન સંસ્કારને જોતા એમ કહીએ...આવ રે વરસાદ...પિઝારિયો વરસાદ...ઉની ઉની ઇડલી...સાથે સંભાર-ટોપરાની ચટણી...!

-પ્રવીણ ઘમંડે

### ડમીકાંડમાં 16 અધિકારીઓની તપાસ થશે

# ગુજરાતમાં 51 અધિકારીઓ સામે સરકારે અપ્રમાણસર મિલકતની તપાસના આદેશ

ગુજરાત | વંદન


ભાવનગરમાં સામે આવેલા ડમીકાંડ બાદ તોડકાંડ હજી ચર્ચામાં છે. ત્યારે એસીબી દ્વારા ડમીકાંડ સહિત રાજ્ય સરકારના જુદા જુદા વિભાગના 51 સરકારી કર્મચારીઓ સામે અપ્રમાણસર મિલકતની તપાસના આદેશ આપવામાં આવ્યાં છે. સરકારી વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચાર દૂર થાય તે માટે રાજ્ય સરકારે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. એસીબીએ આધુનિક ઉપકરણોના ઉપયોગથી લાંચીયા કર્મચારીઓને પકડવા તેમજ ભ્રષ્ટાચારમાંથી વસાવેલ મિલકતો શોધી કાઢવા ઝુંબેશ હાથ ધરી છે.

આ ઝુંબેશના ભાગરૂપે તાજેતરમાં એસીબી દ્વારા જુદા જુદા સરકારી વિભાગના લાંચીયા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની યાદી તૈયાર કરવામાં આવી છે અને તેમની પર નજર રાખવામાં આવી રહી છે. આ અંતર્ગત 35 અધિકારીઓ અને કર્મચારીઓએ તેમની કાયદેસરની આવકના પ્રમાણમાં વધુ સ્થાવર અને જંગમ મિલકત વસાવી હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થતાં આ તમામ અધિકારીઓ સામે અપ્રમાણસર મિલકતની તપાસના આદેશ એસીબી દ્વારા આપવામાં આવ્યાં છે.

આ વિભાગોના અધિકારીઓની તપાસ થશે

આ વિભાગોમાં શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, ગૃહ વિભાગ, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, મહેસૂલ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, નર્મદા અને જળસંપત્તિ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સામે એસીબીએ અપ્રમાણસર મિલકતના તપાસના આદેશો આપ્યાં છે. આ વિભાગોમાં વર્ગ-1ના 4, વર્ગ-2ના 12, વર્ગ-3ના 19 કર્મચારીઓ સામે તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત તાજેતરમાં ભાવનગર જિલ્લામાં ઉજાગર થયેલ ડમીકાંડના કૌભાંડમાં સંડોવાયેલા જુદા જુદા વિભાગ અને વર્ગના કુલ 16 અધિકારી અને કર્મચારીઓએ ભ્રષ્ટાચાર આચરી તેમની કાયદેસરની આવકના પ્રમાણમાં વધુ સ્થાવર અને જંગમ મિલકત વસાવેલ હોવાની પુરી સંભાવનાઓ રહેલ હોવાથી તેમની સામે પણ અપ્રમાણસર મિલકતની તપાસના આદેશ આપવામાં આવ્યાં છે.



### અંબાજીના પહાડી વિસ્તારમાં ડ્રોન દ્વારા બીજનો કરાશે આકાશી છંટકાવ

# હરીયાળુ ગુજરાત બનાવવા ડ્રોનનો થઈ રહ્યો છે ઉપયોગ


ગુજરાત | વંદન

ગુજરાતના પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, 5 જૂન-વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી 'વન કવચ' થીમ પર અંબાજી ખાતે કરાશે. કાર્યક્રમ દરમિયાન 10,000 જેટલા વૃક્ષો વવાશે અને ડ્રોન દ્વારા બીજની વાવણી સંદર્ભે પણ ખાસ કાર્યક્રમ યોજશે. મંત્રી પટેલે ઉમેર્યું કે, આ ઉજવણીમાં અમદાવાદ, આણંદ, કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, નવસારી, ભરૂચ, ભાવનગર, મોરબી, વલસાડ અને સુરત એમ 11 જિલ્લાઓમાં MISTHI કાર્યક્રમ હેઠળ મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવશે. આ ઉપરાંત ગીર સોમનાથ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, નડિયાદ, પંચમહાલ, બનાસકાંઠા, ભાવનગર અને સાબરકાંઠાના ૮ જેટલા પવિત્ર યાત્રાધામ સ્થળોએ ખાસ ઝુંબેશ હાથ ધરી દરેક સ્થળે વૃક્ષારોપણ કરવાનું આયોજન છે. મંત્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, અમરેલી, અરવલ્લી, ગાંધીનગર, છોટાઉદેપુર, ડાંગ, તાપી, દાહોદ, નર્મદા, પાટણ, પોરબંદર, મહિસાગર, મહેસાણા, રાજકોટ, વડોદરા અને સુરેન્દ્રનગરની શાળાઓમાં પણ વિશેષ કાર્યક્રમો યોજાશે. આ ઉજવણી પ્રસંગે સંસદ સભ્યઓ, ધારાસભ્યોઓ, સ્થાનિક મહાનુભાવો, વિવિધ NGO,માછીમારો સહિત સ્વયંસેવકો સહભાગી થશે.

# શાળા પ્રવેશોત્સવની 18મી શૃંખલા આગામી મહિનાની 12થી 14 જૂન દરમિયાન યોજાશે

ગુજરાત | વંદન

રાજ્યના પ્રવકતા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૦૩થી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધારવા શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવની ૧૮ મી શૃંખલા આગામી તા. ૧૨ થી ૧૪ જૂન દરમ્યાન યોજાશે.રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો, સાંસદઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં થશે



પ્રવકતા મંત્રીએ ઉમેર્યું હતું કે, ચાલુ વર્ષે યોજાનાર શાળા પ્રવોશોત્સવ કાર્યક્રમ અંગે આજે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરીને આખરી ઓપ અપાયો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યભરના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩નો કાર્યક્રમ તા. ૧૨- ૧૩-૧૪, જૂન ના રોજ યોજવામાં આવશે.

# એક જ મહિનામાં સરકારને મળી 6421 રજૂઆતો, 5587નું નિવારણ

■ સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી દ્વારા જાહેરાત

ગુજરાત | વંદન




રાજયકક્ષાના સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં સીએમ ભૂપેન્દ્ર પટેલે અરજદારોને સંવેદના અને ધીરજપૂર્વક સાંભળી તેમની રજૂઆતોના નિવારણ માટે જિલ્લા કલેકટરોને જરૂરી સુચનાઓ પણ આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાના માનવીઓની સમસ્યા-રજૂઆતોનું ત્વરિત નિવારણ સ્થાનિક સ્તરે જ લાવી દેવાની અને તે માટે ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તંત્ર વાહકોને તાકિદ કરી. મે મહિનામાં ગ્રામ-તાલુકા-જિલ્લા અને રાજ્ય સ્વાગતમાં મળેલી 6421 રજૂઆતોમાંથી 5587નું ત્વરિત નિવારણ થયું. સીએમએ જનસંપર્ક એકમમાં સ્વયં હાજર રહી નાગરિકો-અરજદારોની રજૂઆતો સંવેદનાપૂર્વક સાંભળી. નાના માનવીઓની સમસ્યા-રજૂઆતોનું ત્વરિત નિવારણ લાવવા તંત્ર વાહકોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની તાકિદ મુખ્યમંત્રીએ સ્વાગત કાર્યક્રમના 20 વર્ષ પૂરા થવા નિમિત્તે ઉજવાયેલા રાજ્ય વ્યાપી 'સ્વાગત સપ્તાહ'ના રિપોર્ટની પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

### વિરોધ પક્ષોને આડે હાથે લેતા સીએમ

# લોકાર્પણ સમારોહના 19 વિપક્ષી દળો દ્વારા બહિષ્કારના નિર્ણયની આકરી નિંદા કરી

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડા જિલ્લાના નડિયાદ સ્પોર્ટ્સ સંકુલ ખાતે સાંસદ ખેલ સ્પર્ધાના સમાપન કાર્યક્રમમાં જણાવ્યું કે, નવા સંસદ ભવનના લોકાર્પણ સમારોહના ૧૯ વિપક્ષી દળો દ્વારા બહિષ્કારનો નિર્ણય નિંદનીય છે. વિરોધ પક્ષોનું આ પગલું લોકતાંત્રિક મૂલ્યો અને સંવૈધાનિક માન્યતાઓ પર હુમલો છે. ૨૮ મે ના રોજ નવા સંસદ ભવનનું લોકાર્પણ નિશ્ચિત છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંસદ ભવનના મૂલ્યો સંદર્ભે જણાવ્યું કે, લોકતંત્રમાં સંસદ એક પવિત્ર સંસ્થા છે તેમજ લોકશાહીના હૃદયના ધબકારા સમાન છે. સંસદ ભવનમાં દેશની નીતિઓ ઉપર નિર્ણય થાય છે. જેનાથી લોકોના જીવનમાં બદલાવ આવે છે. ભૂતકાળમાં વિપક્ષી દળોએ સંસદીય પ્રણાલી અને નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. દેશહિતમાં આયોજિત GST વિશેષ સત્ર સહિતના ઘણા સત્રોનો વિપક્ષે બહિષ્કાર કર્યો છે. વિપક્ષ લોકતંત્રનું અપમાન કરતું આવ્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિપક્ષ



દ્વારા અણછાજતા વિરોધની આ પ્રથમ ઘટના નથી, જ્યારે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રાષ્ટ્રપતિ બનવાના હતા ત્યારે વિપક્ષ દ્વારા સામાન્ય શિષ્ટાચારમાં પણ વિલંબ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ભારત રત્ન એનાયત કરવાના પ્રસંગનો પણ વિપક્ષે વિરોધ કર્યો હતો.

દ્રૌપદી મુર્મુ જ્યારે રાષ્ટ્રપતિના પદ માટે નામાંકિત થયાં ત્યારે પણ વિપક્ષે વિરોધ પ્રગટ કરી તેઓનું અપમાન કર્યું હતું જે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમુદાયનું પણ અપમાન હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વિપક્ષ દેશની પ્રગતિશીલ યોજનાઓને વિરોધ કરી અટકાવે છે. વિપક્ષે રાજનીતિક મર્યાદાઓનું સ્તર નીચું લાવી ૧૪૦ કરોડ ભારતીયોનું અપમાન કર્યુ છે જેને જનતા ક્યારેય ભૂલશે નહિ.

### પરીક્ષાર્થીઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન ફરજિયાત

# ધોરણ 12 સાયન્સમાં એક કે બે વિષયમાં નાપાસ થયા છો? જુલાઈ મહિનામાં લેવાશે પૂરક પરીક્ષા

ગુજરાત | વંદન

ગુજરાત શિક્ષણ બોર્ડનું ધો.12 સાયન્સ અને ધો.10નું પરિણામ જાહેર થઈ ગયું છે. સમગ્ર રાજ્યનું ધોરણ 12 સાયન્સનું 65.58 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ધોરણ 10નું 64.62 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. હવે ધોરણ 12 સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાની વિદ્યાર્થીઓ રાહ જોઈને બેઠા છે. બીજી તરફ ધોરણ 12 સાયન્સની પૂરક પરીક્ષા અંગે શિક્ષણ વિભાગે જાહેરાત કરી છે. એક કે બે વિષયમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની જુલાઈમાં પરીક્ષા લેવાશે. ધોરણ 12 સાયન્સમાં એક કે બે વિષયમાં



નાપાસ થનારા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગે તૈયારીઓ કરી લીધી છે. જુલાઈ મહિનામાં આ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓ પાંચમી જૂન સુધીમાં ઓનલાઈન અરજી કરી શકશે. વિદ્યાર્થીઓએ બોર્ડની વેબસાઈટ http://Gseb.org પર અરજી કરવાની રહેશે. પરીક્ષાર્થીઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

સમાજ માટે પ્રેરણાદાયીઃ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 111 મું અંગદાન કરવામાં આવ્યું

# બ્રેઈનડેડ વર્ષાબેન પરમારના અંગદાને જરૂરિયાતમંદોને નવજીવન બક્ષ્યું

**» મીડિયાના માધ્યમથી અંગદાનની જાગૃતિ સમાજમાં પ્રવર્તી છે તેનું આ જીવંત ઉદાહરણ છે - ડૉ.રાકેશ જોષી**

ગુજરાત | વંદન

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૧૧મુ અંગદાન થયું છે. અમદાવાદના વર્ષાબેન પરમાર બ્રેઈનડેડ થતા તેમના પરિવારજનોએ અંગદાનનો સેવાકીય નિર્ણય કર્યો અને જરૂરિયાતમંદોને નવજીવન બક્ષ્યુ. મહત્વની બાબત એ છે કે, વર્ષાબેનના પરિવારને અવાર-નવાર મીડિયામાં આવતા અંગદાનના સમાચારથી તેની અગત્યતા વિશે અગાઉ થી જ સમજ હતી.



વધુમાં તેમના ભાઈના મિત્રનું ગયા વર્ષે જ લીવર ટ્રાન્સપ્લાન્ટ થયું હતુ જે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી જ મળેલા અંગદાનની મદદથી કરવામાં આવ્યું હતુ.એટલે જ્યારે તેઓ વર્ષાબેનને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈને આવ્યા અને હાલત અતિગંભીર જણાઈ ત્યારે જ તેમણે મનમા અંગદાન કરવાનો દ્રઢ નિશ્ચય કરી લીધો હતો.

સમગ્ર વિગતો એવી છે કે, અમદાવાદના સોલા ગામમાં રહેતા ૩૭ વર્ષના વર્ષાબેન પરમારને બ્રેઈન હેમરેજ થતા સઘન સારવાર અર્થે ૨૫ મે ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં તબીબોના અથાગ પ્રયત્નો છતા પણ ૨૪ કલાકની સઘન સારવારના અંતે તેઓને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા.

અગાઉ સમાચાર પત્રો અને વિવિધ મીડિયાના માધ્યમથી અંગદાનની સમજ ધરાવતા વર્ષાબેનના પરિવારજનો ખાસ કરીને તેમના માતૃશ્રી અને ભાઈએ અંગદાન અને ચક્ષુદાનની સંમતિ આપી. જેના પરિણામે રીટ્રાઈવલના અંગે વર્ષાબેનની બે કિડની અને બે ચક્ષુઓનું દાન મેળવવામાં સફળતા મળી છે. સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, અંગદાનની જાગૃતિ આજે સમાજમાં મહદઅંશે પ્રવર્તી છે તેનું આ જીવંત ઉદાહરણ છે. વર્ષાબેનના પરિવારજનોએ ગણતરીની મીનિટોમાં અંગદાનની આપેલી સમજૂતી દર્શાવે છે કે આજે જન જનમાં આ સેવાકીય કાર્યની મ્હેક પહોંચી છે.

## અમદાવાદની હદ વધી છે તો નવી મિલકતો શોધી કાઢવા આદેશ

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિ.હદ વિસ્તારમાં બે વર્ષ અગાઉ નવા વિસ્તારો સમાવાયા હતા.શહેરનો વિસ્તાર વધ્યો હોવાથી નવી મિલકત શોધી આકારણી કરી ટેક્સની આવક વધારવા મ્યુનિ.કમિશનરે ટેક્સ વિભાગના અધિકારીઓને આદેશ કર્યો છે. ઉપરાંત વિવિધ આવાસ યોજનામાં ગેરકાયદે રહેતા લોકો સામે એક સપ્તાહમાં કાર્યવાહી કરવા એસ્ટેટ અધિકારીઓને સુચના આપી છે.

મનપાની ચૂંટણી અગાઉ એએમસીની હદમાં સમાવવામા આવેલા વિસ્તારો પૈકી હાલમાં ઘણા વિસ્તારમાં રહેણાંક તથા કોમર્શિયલ મિલકત વધી હોવાછતાં તેની આકરણી કરવામા આવી નહી હોવાથી તંત્રને ટેક્સની આવક મળતી નથી.મ્યુનિ.કમિશનર એમ.થેન્નારસને અધિકારીઓ સાથેની બેઠકમાં ટેક્સ વિભાગ દ્વારા કરવામા આવેલી મિલકત આકારણી અંગેની વિગત માંગી હતી.

# કોંગ્રેસના પૂર્વ MLAના આક્ષેપ બાદ ટેન્ડરના નિયમો બદલાયા

**ગ્યાસુદ્દીન શેખે માનીતા કોન્ટ્રાક્ટરોને ફાયદો કરાવવાનો લગાવ્યો હતો આરોપ**

ગુજરાત | વંદન

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી દ્વારા સ્કૂલના બાળકો માટે સ્કુલ બેગ હાફ પેન્ટ અને ટીશર્ટ ખરીદવા માટેના ટેન્ડરની શરતો અને નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે માનીતા કોન્ટ્રાક્ટરોને ફાયદો કરાવવાનો આરોપ લગાવ્યો હતો.

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ટેન્ડરની શરતો અને નિયમો અંગેની નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં પૂર્વ વિધાયક દ્વારા ઉઠાવવામાં આવેલ વિવાદાસ્પદ નિયમો અને શરતોને દૂર કરી દીધા છે.

નોંધનીય છે કે, અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી દ્વારા સ્કૂલના બાળકો માટે સ્કુલ બેગ હાફ



પેન્ટ અને ટીશર્ટ ખરીદવા માટે રૂ. 12.48 કરોડનું ટેન્ડર બહાર પાડ્યું છે. દરિયાપુરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે આક્ષેપ કર્યો હતો કે, સ્કૂલ બોર્ડ દ્વારા આ ટેન્ડરમાં માનીતા કોન્ટ્રાક્ટરોને ફાયદો થાય તે મુજબ ટેન્ડરોમાં શરતો અને મૂકી ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

ટેન્ડરમાં હવે મ્યુનિસિપલ કોર્પોરેશન જ નહીં પરંતુ, ગુજરાતનો જ અનુભવ માંગવામાં આવ્યો છે. જેથી ટેન્ડરમાં જે પોતાના માનનીતા કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપવો હોય તેને તેઓ આપી શકે. બજારકિંમત કરતા બેઝ પ્રાઇઝ વધુ રાખવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો.

તેમણે આક્ષેપ કરતાં જણાવ્યું હતું છે કે, રૂ.12.48 કરોડના ટેન્ડરમાં કોન્ટ્રાક્ટરને ફાયદો થાય તે રીતે સીવીસીની ગાઈડલાઈનના ધજાગરા ઉડાડી અને આ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે.

ત્રણ જેટલા કોન્ટ્રાક્ટરોને ફાયદો થાય તે રીતે આ ટેન્ડર પ્રક્રિયાની શરતો મૂકવામાં આવી છે. ગત વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જ માલ સપ્લાય કરવાની શરત મૂકી હતી પરંતુ, આ વખતે તેઓએ માત્ર ગુજરાતના જ અનુભવને માન્ય ગણ્યો છે, જેથી પોતે પોતાના માનીતા કોન્ટ્રાક્ટરોને ક્વોલિફાય કરી શકે છે.

# PDPU રોડ પર સ્ટ્રોમ વોટર લાઈન પૂરીને બિલ્ડરો દ્વારા દબાણ થયાનો આરોપ

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં દબાણ મુદ્દે ફરી રાજકારણ ગરમાયું છે, જેમાં લારી ગલ્લા હટાવવાની કામગીરી સામે સવાલ ઉભા વિપક્ષ નેતા અંકિત બારોટે તંત્ર પર પ્રહાર કર્યા હતા. અંકિત બારોટે આ અંગે મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી હતી. જેમાં આક્ષેપ કર્યો છે કે પાલિકાને નાના શ્રમજીવીઓના લારી-ગલ્લા દબાણમાં નડે છે, જ્યારે મોટા માથાઓના દબાણ દૂર કરવામાં આવતા નથી. મ્યુનિસિપલ કમિશનર દબાણની વ્યાખ્યા શું છે તે જાહેર કરે તેવ માંગણી કોંગ્રેસે કરી છે. વીઆઈપી સેક્ટર-8, સેક્ટર-1, સેક્ટર-19 સહિતના વિસ્તારમાં અનેક લોકોએ ઘર સામે બગીચા બનાવી દબાણ કર્યા છે.ત્યારે માલેતુજારો દ્વારા કરવામાં



આવેલ દબાણ ક્યારે હટાવવા જશો તેમ કહીંને અંકિત બારોટે આડકતરી રીતે મેયર હિતેશ મકવાણાના બંગલો આગળ બનેલા ગાર્ડન પર પણ નિશાન સાધ્યું હતું. થોડા દિવસ પહેલાં પણ દબાણોનો મુદ્દો ઉઠતાં એક પદાધિકારીને મળવા પહોંચેલા અંકિત બારોટે મેયર બંગલો બહાર બનેલા ગાર્ડન મુદ્દે રજૂઆત કરી હતી. પોતાની લેખિત રજૂઆતમાં અંકિત બારોટે દાવો કર્યો છે કે, પીડીપીયુ રોડ શાહપુર અને આજુબાજુના વિસ્તારમાં સ્ટ્રોમ વોટર લાઈન પર પુરાણ કરીને બિલ્ડરો દ્વારા દબાણો કરાયા છે.

કાળા બજાર અટકાવવા પોલીસ એક્શનમાં આવી

# પોલીસ કમિશ્નરનું જાહેરનામું: IPL માટે એક વ્યક્તિ 3થી વધુ ટીકિટો રાખી નહીં શકે

ગુજરાત | વંદન

શહેરમાં આજે આઈપીએલની મેચ રમાઈ રહી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ વચ્ચે આજે મેચ રમાઈ રહી છે. ત્યારે અમદાવાદ પોલીસે જાહેરનામું બહાર પાડીને ટીકિટોનું કાળા બજાર કરનારા લોકોને ચેતવણી આપી છે. પોલીસે મેચની ટીકિટોનું કાળા બજાર અટકાવવા માટે તૈયારી કરી લીધી છે. શહેરના પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડીને કોઈ પણ વ્યક્તિ આઈપીએલની ત્રણથી વધુ ટીકિટો રાખી નહીં શકે તેવો આદેશ કર્યો છે. પોલીસ કમિશ્નરના જાહેરનામા પ્રમાણે જો કોઈ વ્યક્તિ IPLની મેચની



ટીકિટોનું કાળાબજાર કરતાં પકડાશે, નિયત કિંમત કરતાં વધુ દરે ટીકિટોનું વેચાણ કરશે અને પોલીસના હાથે પકડાશે તો તેની સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે. પોલીસનું આ જાહેરનામું 28મી મે સુધી અમલમાં રહેશે. અમદાવાદમાં રમાયેલી આઈપીએલની મેચોની ટીકિટોના કાળા બજાર કરતાં લોકો પોલીસના હાથે ઝડપાયા છે. જેને લઈને પોલીસ એલર્ટ થઈ ગઈ છે. મેચની ફાઈનલની ટીકિટની માંગને લઈને કાળા બજારી વધુ વકરે નહીં તે માટે પોલીસ એક્શનમાં આવી છે.

# અમદાવાદની 8 સહિત ગુજરાતની 157 શાળાઓનું રિઝલ્ટ ઝીરો આવ્યું

ગુજરાત | વંદન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ 2023માં લેવાયેલી 10મા ધોરણની પરીક્ષાનું પરિણામ 64.62 ટકા જાહેર થયું છે, જે ગયા વર્ષની સરખામણીમાં 0.56ટકા ઓછું છે. ગુજરાતમાં 272 સ્કૂલોનું100 ટકા રિઝલ્ટ આવ્યું છે, પરંતુ અમદાવાદની 8સહિત ગુજરાતની 157 સ્કૂલોનું પરિણામ ઝીરો ટકા આવ્યું છે એટલે કે ગુજરાતની 157સ્કૂલોના વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થયા છે, એક પણ પરીક્ષાર્થી પાસ થયો નથી.

જાહેર થયેલાં 10મા ધોરણનાં રિઝલ્ટમાં અમદાવાદ શહેરની 8 અને અમદાવાદ ગ્રામ્યની




૩ સ્કૂલોનું પરિણામ શૂન્ય ટકા આવ્યું છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાની 4, જામનગરની ૫, જૂનાગઢની ૯, કચ્છની ૮, સુરત જિલ્લાની ૬ અને વડોદરા જિલ્લાની ૧ સહિત ગુજરાતની ૧૫૭ સ્કૂલનું રિઝલ્ટ શૂન્ય આવ્યું છે. એટલું જ નહીં, ગુજરાતમાં ૧૦૮૪ સ્કૂલોનું ૩૦ ટકા કરતાં ઓછું પરિણામ આવ્યું છે.

બનાસકાંઠા જિલ્લાના કુંભારિયા કેન્દ્રનું સૌથી વધુ ૯૫.૯૨ ટકા અને નર્મદા જિલ્લાની ઉતાવળી કેન્દ્રનું સૌથી ઓછું ૧૧.૯૪ ટકા રિઝલ્ટ આવ્યું છે. ગુજરાતી માધ્યમ કરતાં અંગ્રેજી માધ્યમનું પરિણામ વધુ આવ્યું છે. ગુજરાતી માધ્યમનું ૬૨.૧૧ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૮૧.૯૦ ટકા પરિણામ આવ્યુ છે. મરાઠી માધ્યમનું ૭૦.૯૫ ટકા પરિણામ આવ્યુ છે.

ગુજરાત ભાજપ આગામી લોકસભા માટે અત્યારથી જ ચૂંટણીના મૂડમાં

# ભાજપ સંગઠનમાં પાટીલની દ્વારા ફેરફારો, દોઢ ડઝન નેતાઓ બદલાયા

ગુજરાત | વંદન

ગુજરાત ભાજપ આગામી લોકસભા પહેલાં કોઈ પણ ભૂલ કરવાના મૂડમાં નથી. લોકસભાની ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત ભાજપના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે આઠ મહાનગરનો રિપોર્ટ માગ્યો છે, તો બીજી તરફ સૌરાષ્ટ્રના ચાર જિલ્લામાં સર્જરી કરી છે. જેમાં રાજકોટ શહેર, જિલ્લો, કચ્છ, મોરબી જિલ્લાનો સમાવેશ થાય છે.

ગુજરાત બીજેપી પ્રમુખ સીઆર પાટીલ લોકસભા 2024ની ચૂંટણીમાં મોટી જીત મેળવવા માટે એક્શન મોડમાં છે. પાટીલ સામાન્ય ચૂંટણીની ખાસ તૈયારીઓ માટે સંગઠનના



સ્ક્રૂને સતત કડક કરી રહ્યા છે. આ અંતર્ગત પાર્ટીએ એક જ ઝાટકે સૌરાષ્ટ્ર ભાજપના સંગઠનમાં મોટી સર્જરી કરી છે અને ચાર જિલ્લાના પ્રમુખોની બદલી કરી છે. જેમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીનો સમાવેશ થાય છે, જેઓ પૂર્વ સીએમ વિજય રૂપાણીના નજીકના ગણાતા હતા. પાટીલે રાજકોટ શહેર ઉપરાંત રાજકોટ જિલ્લા, કચ્છ અને મોરબી જિલ્લામાં નવા પ્રમુખોની વરણી કરી છે. આ પહેલા અન્ય એક ડઝન જિલ્લાઓમાં પાર્ટી પ્રમુખો બદલાઈ ચૂક્યા છે.ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે કમલેશ મિરાણીના સ્થાને રાજકોટ શહેર પ્રમુખ તરીકે મુકેશ દોશીની નિમણૂંક કરી છે. દોશી શિક્ષણ સમિતિના પૂર્વ અધ્યક્ષ છે. મિરાણી પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના ખૂબ નજીકના ગણાય છે. તેઓ અનેક ટર્મ સુધી ભાજપના શહેર પ્રમુખની બાગડોર સંભાળી રહ્યા હતા અને 10 વર્ષથી વધુ સમય સુધી રાજકોટ શહેર ભાજપના પ્રમુખ હતા. રાજકોટ ભાજપમાં થોડા સમય પહેલાં પક્ષે સમગ્ર શહેર પ્રાથમિક સમિતિના બોર્ડમાંથી રાજીનામું લઈ લીધું હતું. લગભગ એક મહિના બાદ હવે પાર્ટીએ શહેર પ્રમુખ બદલ્યા છે.

ત્રણ સામે ગુનો નોંધાયો

# અજબ-ગજબ: કુરિયરનાં પાર્સલમાંથી સવા લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ગુજરાત | વંદન

ગાંધીનગરના રણાસણ રેલવે ફાટક પાસે આવેલ DTDC કુરિયરનાં ગોડાઉનમાં રાખેલ પાર્સલમાંથી રૂ. 1.26 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા ડભોડા પોલીસે ત્રણ ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના રણાસણ રેલવે ફાટક પાસે આવેલ DTDC કુરિયરની આડમાં દારૂની હેરાફેરી થતી હોવાનું ડભોડા પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. અત્રેના ગોડાઉનમાં રાખવામાં આવેલા પાર્સલોમાંથી દારૂની પુષ્કળ વાસ આવતી હોવાના પગલે પોલીસે ગોડાઉન મેનેજરને બોલાવ્યો હતો. બાદમાં ગોડાઉનમાં રાખવામાં આવેલા છ પાર્સલોની તલાશી લેવામાં આવી હતી. જેમાંથી પાર્સલની ઉપર અંગ્રેજીમાં માધુ પંડ્યા આનંદ ઓર્ગેનિક કંપની, સારથી કોમ્પલેક્ષ, અલકાપુરી, વડોદરાનું સરનામું તેમજ બાકીના બિજા પાર્સેલ ઉપર જપ્પન શર્મા, બી - 27,બાલાજી ટેનામેન્ટ, આજવા રોડ, વડોદરાનું સરનામું લખેલું હતું.

આ પાર્સલોને ખોલતા જ અંદરથી મોંઘીદાટ કિંમતની વિદેશી દારૂનો 60 નંગ બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. જેમાથી કેટલીક ફૂટી ગયેલી હાલતમાં હતી. જેનાં પગલે પોલીસે મેનેજરની પૂછતાંછ કરતાં પ્રથમ ચાર પાર્સલ સત્યવીર એગ્રો ઓર્ગેનિક, રાજસ્થાન તેમજ બીજા પાર્સલ તેજસ એન્ટરપ્રાઈઝ કેશવામાં તરફથી મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.


સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવાયો મહત્ત્વનો નિર્ણય

# અમદાવાદ: ગાંધી આશ્રમના નવીનીકરણ પ્રોજેક્ટમાંથી AMCને હટાવી દેવાઈ

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરની ઐતિહાસિક ધરોહર અને મહાત્મા ગાંધીજીએ જેની સ્થાપના કરી હતી એ ગાંધી આશ્રમના નવીનીકરણ પ્રોજેક્ટમાંથી AMCને હટાવી દેવામાં આવી છે. અમદાવાદ મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ગાંધી આશ્રમનાં પ્રોજેક્ટને લઈને મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આશ્રમના નવીનીકરણનાં નિર્ણયો લેવાની સત્તા એક્ઝિક્યુટિવ કાઉન્સિલનાં ચેરમેનને આપવામાં આવી છે. રૂપિયા 1200 કરોડના ખર્ચે તૈયાર થનારા ગાંધી આશ્રમ પ્રોજેક્ટમાં રૂપિયા 275 કરોડના



ખર્ચે થનારા કોર્પોરેશન સંબંધિત રોડ પાણી અને ગટરના જે કામ કરવાના હતા તે સંબંધી તમામ ફેરફાર કે વહીવટી, સૈદ્ધાંતિક અને નાણાકીય નિર્ણયો એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ચેરમેન કે કૈલાશ નાથન દ્વારા લેવામાં આવશે.

સાબરમતી ગાંધી આશ્રમ ડેવલપમેન્ટ માટે રચાયેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ જ આ તમામ પ્રકારના કાર્યોનો નિર્ણય લેશે. 1200 કરોડના આ પ્રોજેક્ટમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂપિયા 275 કરોડના ખર્ચે રોડ પાણી ગટર સહિતની સુવિધાઓ કરવાની હતી. અન્ય ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રતિનિધિ તરીકે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આઈ. કે. પટેલની નિમણૂક કરવામાં આવી છે.

સાબરમતી ગાંધી આશ્રમ પ્રોજેક્ટમાં પ્લાનિંગમાં થતા ફેરફારો કે અન્ય પ્લાનિંગ સિવાય વધારાની કામગીરીની વહીવટી સૈદ્ધાંતિક અને નાણાકીય મંજૂરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સાબરમતી ગાંધી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટને આપવાની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂરી અપાઈ છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**ચકલી છે, પાણી નથી:** શહેરના વિવિધ વિસ્તારોમાં શોભામાં અભિવૃદ્ધિ કરવા ફુવારો બનાવવામાં આવ્યા છે. આવો જ એક આઈકોનિક ફુવારો ખોખરા વિસ્તારમાં એવી હાલતમાં છે કે, ચકલી ચાલુ છે પણ પાણી....




**વિરોધ:** શહેરના એક સિનેમાં હાઉસમાં The creator નામની ફિલ્મનું પ્રમોશન કરવામાં આવ્યું ત્યારે આ ફિલ્મ વિવાદી છે અને ધાર્મિક લાગણીઓ ઉશ્કેરે તેવી છે એમ કહીને કેસરીયા બ્રિગેડ દ્વારા તેનો વિરોધ કરાયો હતો.



**ડીલિસ્ટીંગ મહારેલી:** આદિવાસી સમાજમાં ધર્માતરણ અંગે શનિવાર સાંજે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે સિંહ ગર્જના ડી-લિસ્ટિંગની મહારેલી યોજાઈ હતી જેમાં ભાગ લેવા ભારી સંખ્યામાં લોકો જોડાયા હતા.




**દબાણ હટાવ ઝુંબેશ:** અમદાવાદની જેમ ગાંધીનગરમાં પણ ગેરકાયદે દબાણ એક વિકટ સમસ્યા બની રહી છે. સેક્ટર-20માં આવા જ દબાણો પોલીસની મદદથી દૂર કરવામાં આવ્યા તે પ્રસંગની તસ્વીરમાં બુલડોઝર દેખાય છે.

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલા જિમમાં બનેલી ઘટના

# જીમમાં વર્કઆઉટ કરનારી મહિલાઓ ચેતે, પોલીસે કરી એક ટ્રેનરની ધરપકડ

**જીમમાં આવતી પરિણીત મહિલાને કરી હેરાન, માંગી વસ્ત્રહિન તસવીર**

**» હવસખોર આરોપીએ કથિત રીતે તેને મારી નાખવાની ધમકી આપી હતી**

ગુજરાત | વંદન

શહેરના ચાંદખેડા વિસ્તારમાં છેડતીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક 28 વર્ષીય મહિલાએ બુધવારે પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર તેના ટ્રેનરે જિમની લિફ્ટની અંદર તેની છેડતી કરી હતી જ્યાં તે રેગ્યુલર વર્કઆઉટ કરવા આવે છે. ઓટોમોબાઈલનો બિઝનેસ કરતી મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણે લગભગ 10 દિવસ પહેલા જિમ જવાનું શરૂ કર્યું હતું અને આરોપી નિલેશ ચૌહાણ તેનો પર્સનલ ટ્રેનર હતો.

ફરિયાદ અનુસાર 21 મેના રોજ તે સાંજે 4 વાગ્યે જિમ પરિસરમાં પહોંચી અને જ્યારે તે પાંચમા માળે જવા માટે લિફ્ટમાં એન્ટર થઈ ત્યારે ચૌહાણ તેની પાછળ આવ્યો અને કથિત રીતે તેની છેડતી કરવાનું શરૂ કર્યું. જ્યારે તેણીએ પ્રતિકાર કર્યો અને જણાવ્યું કે, આ અંગે તે તેના પતિને જાણ કરશે. ત્યારે હવસખોર ચૌહાણે કથિત રીતે તેને મારી નાખવાની ધમકી આપી હતી. જેના કારણે ડરી ગયેલી પરિણીતાએ તેના પતિને જાણ કરી ન હતી.

23 મેના રોજ જ્યારે તે જ્યારે જિમમાં હતી ત્યારે ચૌહાણે કથિત રીતે તેનો લેટેસ્ટ ફોટોગ્રાફ માંગ્યો હતો અને કહ્યું હતું કે તે તેની ફિટનેસ પ્રોગ્રેસ ચકાસવા માટે છ મહિના પછી લેવામાં આવેલા ફોટા સાથે તેની તુલના કરશે. ફરિયાદમાં એવો પણ આરોપ છે કે ચૌહાણે પરિણીતા પાસે કપડાં વગરની તસવીર પણ માંગી હતી. જો કે, પરિણીતાએ ફોટોગ્રાફ આપવાની ના પાડીને એરોબિક્સ ક્લાસમાં જતી રહી હતી. ત્યાર બાદ પણ ટ્રેનરે લિફ્ટમાં તેની સાથે જાતિય સતામણી કરી હતી અને




તેનાથી ત્રાસીને મહિલાએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને ચૌહાણ સામે પીછો, છેડતી અને ફોજદારી ધમકીની ફરિયાદ નોંધાવી હતી.

પરિણીતાની ફરિયાદના આધારે ચાંદખેડા પોલીસ દ્વારા આરોપી ચૌહાણ સામે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને બાદમાં તેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સંપાદકીય સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# પ્રિય, બ્રિજભૂષણ શરણસિંહજી, કિંમત સોના-ચાંદીના મેડલની નથી પણ કિંમત જીતનારના મહેનત અને કામિયાબીની હોય છે...!



દુનિયામાં કોઈપણ દેશના રમતવીરો, જવાનો, બહાદૂર સિપાહીઓ અને સર્વોચ્ચ ચંદ્રક જેમ કે ભારત રત્નના મેડલની કિંમત કેટલી..? મહિલા પહેલવાનો દ્વારા જેમની સામે જાતિય સતામણી બદલની પોલીસ ફરિયાદ કરવામાં આવી છે એ ભાજપના સાંસદ અને ભારતીય પહેલવાન સંઘના અધ્યક્ષ બ્રિજભૂષણ શરણસિંહના શબ્દોમાં કહીએ તો પહેલવાનોને વિવિધ સ્તરની સ્પર્ધામાં મળેલા મેડલની કિંમત 15 રૂપિયા જ છે...!

પોક્સો જેવી ગંભીર કલમ લગાવવા છતાં જેમની હજુ ધરપકડ થઇ નથી એ બ્રિજભૂષણ શરણસિંહની ધરપકડ નહીં થાય તો અમે દેશ માટે જીતેવા મેડલ પરત કરી દઈશું એવી ચીમકી ધરણાં પર બેઠેલા મહિલા પહેલવાનોએ આપતાં તેના જવાબમાં બ્રિજભૂષણે મહિલા પહેલવાનોએ દેશ માટે જીતેલા મેડલની ઠેકડી ઉડાડતાં ઉપરોકત મુજબ કહ્યું છે. તેની સાથે સાથે તેમણે એમ પણ કહ્યું કે આ પહેલવાનોએ તેમની તાલીમ પાછળ જે ખર્ચ સરકારે કર્યો છે તે પરત આપી દેવું જોઈએ...



બ્રિજભૂષણ શરણસિંહની ધરપકડ ક્યારે થશે અને થશે કે પછી શું થશે એ તો આગામી સમયમાં ખબર પડશે પણ તેમના દ્વારા વિજેતા મેડલની ઠેકડી ઉડાડવી યોગ્ય નથી., ભારત રત્નના મેડલની કિંમત પણ કાંઈ કરોડો રૂપિયા નથી, અમુક જ હજાર રૂપિયા હશે. પણ જેને એ પુરસ્કાર અપાય છે તેનાથી એનું માનપાન વધે છે. જેમ કે ઓલિમ્પિક રમતોત્સવમાં અપાતા મેડલની કિંમત પણ અમુક ડોલર જ હશે, પણ તેને જીતનારનું નામ રમતગમતના ઈતિહાસમાં લખાય છે. મેડલની કિંમત લખાતી નથી પમ વિજેતાનું નામ લખાય છે એ તો આ સાંસદ જાણતા જ હશે. ભાજપના 6 વખત સાંસદપદે રહેલા પહેલવાનબ્રિજભૂષણ શરણસિંહ લોકસભામાં જે ખુરશી પર બેસતા હશે એ ખુરશીની કિંમત કેટલી..? બે-પાંચ હજારથી વધારે નહીં હોય. પણ મહત્વ એનું છે કે જે એના ઉપર બેસે છે. સાંસદ બ્રિજભૂષણ શરણસિંહ ખુરશી નહીં પણ મતવિસ્તારના નામથી ઓળખાતા હશે. તેમનો ધરણાં પર બેઠેલા પહેલવાનો સામેનો ગુસ્સો તેમની રીતે તેમને વાજબી લાગતો હશે પણ કોઈ સગીરા કે કોઈ મહિલા જ્યારે એવી ફરિયાદ કરે કે કોઈએ તેમની જાતિય સતામણી કરી છે ત્યારે એને એ ખબર હોય જ છે કે તેની સાથે એની પણ બદનામી થઇ શકે. તેમ છતાં તેઓએ હિંમત બતાવીને કોઈની સામે ગંભીર આરોપો કર્યા હોય તો યોગ્ય કાર્યવાહી થવી જોઈએ. આસાંસદબ્રિજભૂષણશરણસિંહશરતોવાળાલાગેછે. પહેલાએમકહ્યુંકેવડાપ્રધાનમોદી કહેશે તો રાજીનામુ આપીશ.... પછી કહ્યું કે પહેલા મારી સામે આરોપ કરનારાઓનો નાર્કો ટેસ્ટ કરાવો પછી હું મારો ટેસ્ટ કરાવીશ....અને સૌ જોઈ રહ્યાં છે કે પોલીસ ફરિયાદ અને પોલીસમાં પિડિત સગીરા દ્વારા જુબાની છતાં તેમની ધરપકડ થઇ નથી. આરોપ કરનારા પહેલવાનો કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલા નથી. તેઓ રમતના મેદાનના છે અને તેમનો લક્ષ્ય દેશ માટે મેડલ જીતીને લાવવુ એ જ એકમાત્ર હોય છે. તેમ છતાં તેઓ પોતાની કરિયર જોખમામાં મૂકીને ધરણાં કરી રહ્યાં છે ત્યારે તેમને ન્યાય ક્યારે મળશે તેવા સવાલો હવે પહેલવાનોના ટેકામાં આવેલા લોકો કહી રહ્યાં છે.ન્યાય મળે કે ના મળે પણ તેમણે કે વિશ્વમાં કોઈએ પણ જીતેલા મેડલની કિંમત અમુક રૂપિયા નથી હોતી, તેનું મૂલ્ય અમૂલ્ય હોય છે. લોકસભામાં જે ખુરશી હોય છે એની કિંમત કરતાં તેમાં બેસનારની કિંમત હોય છે.

## ઇજિપ્તની રાણીઓમાં ક્લિયોપેટ્રા તે સમયની વિશ્વની સૌથી વધુ સ્વરૂપવાન ગણાતી હતી...

# જ્યારે સુંદરતા વધારવા અને મસાજ માટે ગધેડીના દૂધનો ઉપયોગ કરાતો હતો...!

### એક રિવાજ એવો હતો કે માત્ર ઉચ્ચ અને રાજવી પરિવારોની સ્ત્રીઓ જ લાંબા વાળ રાખી શકતી હતી...,!

સાપ્તાહિક ગુજરાત વંદન

એક સ્ત્રી માટે પોતાના શ્રૃંગારથી વધારે મહત્વ બીજુ હોઈ જ ન શકે. ગરીબમાં ગરીબ સ્ત્રી પણ પોતાની યથાશક્તિ મુજબ છેવટે હોઠ પર લાલી તો લગાવશે જ. ઉત્તર ભારતમાં લાલી લગાવવાનું પ્રમાણ વધારે છે તો સાઉથમાં માથામાં એક વેણી નહીં પણ ઢગલાબંધ વેણીઓ બાંધવાની પ્રથા રહી છે. દરેક દેશ, દરેક પ્રદેશમાં સ્ત્રી શ્રૃંગારની પોતાની અલગ અલગ ખાસ વિશેષતા જોવા મળે છે. એવુ નથી કે માત્ર આજના યુગની સ્ત્રીઓ જ પોતાની સાજ સજાવટ માટે સક્રિય હોય છે.સુશોભિત અને સુંદર દેખાવાની મહિલાઓની ઈચ્છા પ્રાચીન સમયથી હતી.

સ્ત્રી શૃંગારના ઈતિહાસમાં આ અંગે ખૂબ મોટા પ્રમાણમાં ઉલ્લેખો જોવા મળે છે. જેમાં ઈજિપ્તની ચુનંદા વર્ગની સ્ત્રીઓ સુંદર દેખાવા માટે માથે મુગટ પહેરતીથી લઈને . ભારતમાં ઉબટાન લગાવવાથી લઈને દૂધ અને ગુલાબથી સ્નાન કરવા સુધીનો શૃંગારરસથી ભરપૂર શાસ્ત્રોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારતમાં, પ્રાચીન સમયમાં આ વિશે એક આખું પુસ્તક લખવામાં આવ્યું હતું. બ્રિટનમાં મહિલાઓ આર્સેનિક અથવા નાગદમનનો ઉપયોગ કરતી હતી.

ચહેરા પર મેકઅપનો અર્થ લેપ, પાવડર, દ્રાવણ, પ્રવાહી દવા વગેરે. એવો થાય છે. કહેવાય છે કે ચહેરા પર મેકઅપની શરૂઆત સૌપ્રથમ પ્રાચીન ઈજિપ્તમાં થઈ હતી. ત્યારબાદ ત્યાંની મહિલાઓએ ચહેરાને સુંદર બનાવવા માટે કેમિકલથી બનેલી પેસ્ટ અને અન્ય ઉત્પાદનોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. તે સમયની મહિલાઓ પણ પોતાની જાતને અવનવા કપડાં અને સોના-ચાંદીના ઘરેણાંથી સજાવવામાં આગળ હતી.. પિરામીડના પ્રાચીન દેશ ઈજીપ્તમાં સૌંદર્ય પ્રસાધનો પર સંશોધનમાં ઘણું કામ કરવામાં આવ્યું હતું. આજે જે સૌંદર્ય પ્રસાધનો અને સૌંદર્ય પ્રસાધનો જોઈએ છીએ તે મોટાભાગે પ્રાચીન ઈજિપ્ત અને ભારતથી પ્રેરિત છે.

પ્રાચીન ઈજિપ્તની રાણી નેફેરતીએ તેની સુંદરતાનું ખૂબ ધ્યાન રાખતી હતી. તે સમયે તેની ગણતરી વિશ્વની સુંદર સ્ત્રીઓમાં થતી હતી. ઈજિપ્તની સ્ત્રીઓ તેની ફેશનેબલ રીતભાત માટે પાગલ હતી. નેફેરીટીનો અર્થ સુંદર સ્ત્રીનું આગમન એવો થતો હતો..

નેફેરીટીની ગરદન પાતળી અને લાંબી હતી અને તેની આંખો હિરનની જેમ મોહક હતી. તેની દાસીઓ તેને સુંદર રાખવા માટે ઘણા પ્રયત્નો કરતી હતી. તેના શરીરને દરરોજ ઓલિવ-જૈતુન તેલથી માલિશ કરવામાં આવતી હતી. તમામ પ્રકારના અત્તર, પેસ્ટ લગાવવામાં આવતી હતી. ત્યારબાદ કેશ, આંખ, કાન, ચહેરાની સજાવટ અને કપડાંની સજાવટ થતી હતી.,

ઈજિપ્તની રાણીઓમાં ક્લિયોપેટ્રા તે સમયની મહિલાઓમાં વિશ્વની સૌથી વધુ સંદર સ્ત્રી ગણાતી હતી. તેના જીવન પરથી હોલીવુડમાં ફિલ્મ પણ બની છે. ક્લિયોપેટ્રાની સુંદરતા અને સંમોહન વિશે વિશ્વમાં ઘણું કહેવામાં આવ્યું છે અને લખવામાં આવ્યું છે. આજે પણ જ્યારે સૌંદર્યની વાત આવે છે ત્યારે ક્લિયોપેટ્રાનું નામ સૌથી પહેલા આવે છે.. તેણી પાસે સુંદરતાના એવા બધા અને એટલા બધા રહસ્યો હતા કે તેણે તેના પર એક પુસ્તક પણ લખ્યું હતું..

કહેવાય છે કે ક્લિયોપેટ્રાએ પોતાની દેખભાળ, સાજસજ્જા અને સૌંદ્રયપ્રસાધન માટે એક અલગ વિભાગ બનાવ્યો હતો, જે તેની રાણીને સુંદર અને યુવાન રાખવા માટે તમામ યુક્તિઓ અને સંશોધનો કરતો હતો. ખરા અર્થમાં, ઈજિપ્તની આ પ્રખ્યાત અને અત્યંત સુંદર રાણી દ્વારા માદા ગદર્ભના દૂધ અને ખાસ પ્રકારના ગુલાબથી શરીરની માલિશ-સ્પા-ને સૌથી વધુ લોકપ્રિય બનાવવામાં આવ્યું હતું. તે પોતાના ચહેરા પર ખાસ માટીનો લેપ કરતી હતી, જેથી તેના ચહેરાની ચમક-દમક વધી શકે.

તેમના લાંબા વાળને દરરોજ એક ખાસ પ્રકારની ગૂંથણીથી ગૂંથવામાં આવતા હતા. આજે બ્યુટી પાર્લરોમાં જે આઈલાઈનર કરવામાં આવે છે એવુ આઈલાઈનર તેની. આંખો પર કરવામાં આવતું હતું, તેના રસીલા હોઠ પર ખાસ સુગંધિત દ્રવ્યોનો મેક-અપ લગાવાતો હતો. દરરોજ તે અલગ-અલગ ડિઝાઈનની જ્વેલરી અને કપડાંનો ઉપયોગ કરતી હતી. કદાચ તે વિશ્વની પ્રથમ મહિલા હોત, જેણે તેના શાસન દરમિયાન સૌંદર્ય સંબંધિત ઘરેણાં, કપડાં અને કોસ્મેટિક ઉદ્યોગોને પ્રેરણા આપવાનું કામ કર્યું હતું.

આજના માર્કેટીંગની જેમ દુનિયાભરમાંથી બ્યુટી પ્રોડક્ટ્સના વેપારીઓ ક્લિયોપેટ્રાના દરબારમાં પોતાની પ્રોડક્ટ લઈને આવતા હતા. તેની અનન્ય વસ્તુઓ દરબારમાં તેની સમક્ષ રજૂ કરવામાં આવતી હતી..અને. જો ક્લિયોપેટ્રાને એ પ્રોડક્ટ ગમી જાય તો માનો કે તેનો બેડો પાર થઈ જતો હતો.

કેમ કે ત્યારબાદ એવો પ્રચાર કરાતો કે મહારાણીને આ પ્રોડકટ ગમી અને તેનો ઉપયોગ પોતાની સુંદરતા વધારવા માટે કરે છે તે સાંભળીને તેનો માલ બજારમાં સામાન ગમ્યો હોય તો માનો કે એ માલ બજારમાં હિટ થઈ જતો હતો. પ્રાચીન ઈજિપ્તમાં, ફક્ત ચોક્કસ વર્ગને આવા સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરવાની મંજૂરી હતી. મેક-અપ અને ગ્રૂમિંગ પણ સ્ટેટસ અને ક્લાસ દર્શાવે છે.


ઉદાહરણ તરીકે, એક રિવાજ કે નિયમં એવો હતો કે માત્ર ઉચ્ચ અને ભદ્ર અને રાજવી પરિવારોની સ્ત્રીઓ જ લાંબા વાળ રાખી શકતી હતી...,! નીચલા વર્ગની સ્ત્રીઓ માટે લાંબા વાળ રાખવાની મનાઇ હતી. અને જો કોઈ મહિલાના વાળ લાંબા હોય તેમના વાળ કાપીને ટૂંકા કરી દેવાતા હતા.. સુંદરતા જાળવવા માટે, ક્લિયોપેટ્રાએ કેટલીક વિચિત્ર વસ્તુઓનો ઉપયોગ કર્યો - ઉદાહરણ તરીકે, તેના ફેસ પેક માટે મગરની લાદ અને ગધેડીના દૂધનું મિશ્રણ ઉપયોગમાં લેવાતું હતું.:


સૌંદર્ય પ્રસાધનોના ઉપયોગ અને સ્ત્રીઓના શરીરની સુંદરતાના પુરાવા પ્રાચીન ભારતમાં સિંધુ ખીણની સંસ્કૃતિ પહેલાં પણ જોવા મળે છે, એટલે કે લગભગ 2500 બીસી પહેલાં. . મહાભારતમાં જ્યારે પાંડવોનો વનવાસ થયો હતો, ત્યારે તેમના વનવાસ દરમિયાન પાંડવોએ રાજા વિરાટના સ્થાન પર અલગ-અલગ રૂપમાં આશ્રય લીધો હતો. મેક-અપના સહારે દ્રૌપદી સાયરંધ્રી એટલે કે મહેલની દાસી બની હતી. એવી વિગતો છે કે તેણી હંમેશા તેની સાથે એક સૌંદર્યપ્રસાધન પેટી રાખતી હતી, જેમાં કોસ્મેટિક્સ અને જ્વેલરી રહેતી હતી.


સોલાહ શ્રૃંગારનો ખ્યાલ આપણા દેશમાં પ્રાચીન સમયથી હતો. સોલાહ શૃંગાર એટલે પગના નખથી માથા સુધીનો મેકઅપ. હવામાન અને ઋતુ પ્રમાણે શરીર વધારનારી પેસ્ટનો ઉપયોગ થતો હતો. શિયાળા દરમિયાન કોટિંગમાં વપરાતી સામગ્રી ઉનાળામાં વપરાતી સામગ્રી કરતાં સંપૂર્ણપણે અલગ હતી.

ભારતમાં આયુર્વેદ હેઠળ દોઢ હજાર વર્ષ પૂર્વે અષ્ટાંગ હૃદય નામથી આઠ ઋતુઓમાં સૌંદર્ય પ્રસાધનો પર સંપૂર્ણ પુસ્તક લખવામાં આવ્યું હતું. તૈલમ એટલે કે તેલ અને ઘી (માખણ અથવા ઘી)નો ઉપયોગ ભારતમાં ખાસ સુંદરતાના કાર્યોમાં થતો હતો. એટલું જ નહીં, ભારતમાં દાંત, મોં અને હોઠની સજાવટ પર ધાર્મિક રીતે ભાર મૂકવામાં આવ્યો હતો, તે સ્વચ્છતાને સુંદરતા સાથે જોડતો જોવામાં આવ્યો હતો.

એવું માનવામાં આવે છે કે આધુનિક સૌંદર્ય પ્રસાધનોની સમગ્ર શ્રેણી પ્રાચીન ભારતની ભેટ છે. ભારતના પ્રાચીન સૌંદર્ય વિજ્ઞાનમાં પણ યોગનું ઘણું મહત્વ હતું. એટલે કે બાહ્ય સ્વરૂપની સાથે શરીરની આંતરિક પ્રણાલીની સુધારણા પર ભાર. વૈશાલીની નગરવધુ(ગણિકા) આમ્રપાલીની ગણતરી વિશ્વની સૌથી સુંદર મહિલાઓમાં થાય છે.









આમ્રપાલી વિશે એવું કહેવાય છે કે તે પોતાની દિનચર્યાનો એક ભાગ યોગને આપતી હતી જેથી શરીર સુંદર રહે અને મન સુગંધિત રહે. આમ્રપાલી પોતે એટલી આકર્ષક હતી કે તેની સુંદરતાની ચર્ચા દૂર-દૂર સુધી ફેલાઈ હતી, પરંતુ સૌંદર્ય પ્રસાધનો સાથે મેકઅપ કર્યા પછી તે એક અનોખી સુંદરતા અને જાદુઈ અપ્સરા જેવી દેખાતી હતી.

ભારતીય મહિલાઓને તેમના આકર્ષક દેખાવ અને ચમકતી આંખોના કારણે સૌથી સુંદર માનવામાં આવતી હતી. આ માટે, તે વિજ્ઞાનનો આભાર માનવો જોઈએ, જેને આયુર્વેદ કહેવામાં આવે છે, જે જીવનનું વિજ્ઞાન પણ હતું.

ત્વચાને સાફ કરવામાં ગૌમૂત્રનું ખૂબ મહત્વ હતું . મોગલ સમયમાં મહિલાઓ માનતી હતી કે સોપારી ચાવવાથી સુંદરતા વધે છે. તેથી સોપારીને ખાસ ખાતી હતી, સોપારી તેના હોઠને માત્ર લાલ જ રાખતી નહોતી પણ તેમના દાંતને પણ સુરક્ષિત રાખતી હતી.


પ્રાચીન ગ્રીસમાં સૌંદર્ય પ્રસાધનોના ઉપયોગનું પ્રમાણ અલગ હતું. તેઓ શરીર સૌષ્ઠવ પર વધુ ધ્યાન આપતો હતો. તેથી જ તેની સુંદર મહિલાઓ હંમેશા ઓછા મેકઅપમાં જોવા મળતી હતી. એટલુ ખરૂ કે તેઓ મેક-અપમાં મધ અને ઓલિવ ઓઈલના ઉપયોગ પર ઘણો ભાર મૂકતા હતા. વાળની સજાવટ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

જાપાનમાં પ્રાચીન સમયમાં, ગેઈસા આંખના ઘેરા મેક-અપ પર ઘણો ભાર મૂકતી હતી. જાપાની મહિલાઓની સુંદરતા પણ તેમના લાંબા વાળ દ્વારા માપવામાં આવતી હતી. તેનો આદર્શ એવો રહેતો હતો કે કમરથી ઓછામાં ઓછા બે ફૂટ નીચે પડતા વાળ હતા.

## ધર્મ

# ગંગા દશેરા પર બની રહ્યાં છે અનેક શુભ સંયોગો : 30 મેના રોજ ગંગા દશેરા ઉજવવામાં આવશે

સનાતન ધર્મમાં પવિત્ર નદીઓમાં સ્નાનનું ખૂબ મહત્વ માનવામાં આવે છે. હિંદુ કેલેન્ડર મુજબ, ગંગા દશેરાનો તહેવાર વર્ષના જેઠ મહિનાના શુક્લ પક્ષની દસમી તિથિએ ઉજવવામાં આવે છે. આ વર્ષે ગંગા દશેરા 30 મેના રોજ ઉજવવામાં આવશે. ધાર્મિક માન્યતા અનુસાર, આ દિવસે માતા ગંગા પૃથ્વી પર અવતર્યા હતા.



જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ગંગા દશેરાનો દિવસ શુભ કાર્યો કરવા માટે સૌથી શુભ સમય માનવામાં આવે છે. આ વખતે ગંગા દશેરા પર અનેક શુભ સંયોગો પણ બની રહ્યા છે. જે આ દિવસનું મહત્વ વધુ વધારી રહ્યા છે. નોંધનીય છે કે, ગંગા દશેરાના દિવસે કયા ઉપાય કરવાથી વ્યક્તિ આર્થિક સંકટમાંથી મુક્તિ મેળવી શકે છે.

જ્યોતિષાચાર્ય કહે છે કે ગંગા દશેરાના દિવસે રવિ અને સિદ્ધિ યોગનો સહયોગ બની રહ્યો છે અને આ દિવસે સૂર્ય પણ કર્ક રાશિમાં પ્રવેશ કરશે. શુક્રના સંક્રમણને કારણે આ દિવસે ધન યોગ પણ બની રહ્યો છે. આ દિવસે ગંગામાં સ્નાન, વિધિ પ્રમાણે તેની પૂજા અને ગંગાના જળ સંબંધિત ઉપાય કરવાથી પણ તમામ દુઃખો અને પાપોનો નાશ થાય છે.

એવી ધાર્મિક માન્યતા છે કે આ દિવસે રાજા ભગીરથે કઠોર તપસ્યા કર્યા બાદ માતા ગંગા સ્વર્ગમાંથી પૃથ્વી પર આવી હતી, તેથી આ દિવસે ગંગા સ્નાનનું વિશેષ મહત્વ છે. જો તમારી આર્થિક પ્રગતિ અટકી ગઈ હોય તો ગંગા દશેરાના દિવસે ચાંદીના વાસણમાં ગંગા જળ ભરીને તમારા ઘરની ઉત્તર-પૂર્વ દિશામાં રાખો. આ ઉપાય અને ધન યોગની અસરથી તમારી ધન સંબંધિત દરેક સમસ્યા જલ્દી દૂર થઈ જશે. પૂર્વજોના આશીર્વાદ મેળવવા માટે ગંગા દશેરાના દિવસે ગંગા ઘાટના કિનારે તર્પણ કરવું શ્રેષ્ઠ માનવામાં આવે છે.

## પુસ્તક પરિચય

▪ રિપલકુમાર પરીખ

# મુઠ્ઠી ઊંચેરા માનવીઓની દાસ્તાન

સાપ્તાહિક ગુજરાત વંદન


હું માનવી, માનવ થાઉં તો ઘણું ' કવિશ્રી સુન્દરમ્ ની આ કાવ્યપંક્તિને જીવનમાં ચરિતાર્થ કરનારાં ગુજરાતનાં જાણીતાં અને ઓછાં જાણીતાં એવાં મુઠ્ઠી ઊંચેરા માનવીઓની વાતો, તેમનાં વિચારો, તેમનું જીવન, તેમની સંઘર્ષગાથાનો એક દુર્લભ ગ્રંથ આપણને હમણાં મળ્યો છે. આજની યુવાપેઢી પ્રેરણા મેળવવા માટે મોટા મોટા બની બેઠેલા મોટીવેશનલ ગુરુઓનાં સેમિનારમાં જાય છે પરંતુ તેમને જ્યારે આપણાં જ ગુજરાતનાં જાણીતાં અને અજાણ્યાં એવાં સાચાં માનવ રત્નો વિશે એક પ્રેરણાત્મક પુસ્તક મળે ત્યારે તેને ખોબલે ખોબલે વધાવી લેવું જોઈએ. હું વાત કરું છું પુસ્તક ' ગુજરાત માનવ રત્ન' ની જેનું હાલમાં જ વિમોચન થયું છે.

'ગુજરાત માનવ રત્ન' પુસ્તકમાં સમગ્ર ગુજરાતમાંથી શોધી શોધીને ૭૪ દુર્લભ માનવ રત્નોની વાત કરવામાં આવી છે. અહીં સંત વિભૂતિઓ, કર્મવીર રત્નો, નારી રત્નો, કેળવણીકારો, કલા સાધકો, સાહસીક રમતવીરો, સેવાનું અજવાળું પાથરતા ડૉક્ટરશ્રીઓ અને વિવિધ લેખકોનાં જીવનચરિત્રોની વાતો તેમનાં ફોટા અને ઉપલબ્ધિઓ સાથે વિસ્તૃત રીતે દર્શાવવામાં આવી છે.

લેખિકા શ્રીમતી કાલિન્દી પરીખ તેમનો અહોભાવ પ્રગટ કરતાં લખે છે, ' ' બહુરત્ના વસુંધરા ' આ પૃથ્વી પર અનેક રત્નો છે, જેના થકી જગત ઝળાહળ છે. પરંતુ જીવનની ભાગદોડમાં, તેની વ્યસ્તતામાં મનુષ્યને તેની સામે નજર નાખવાની ફુરસદ નથી એવા સમયમાં લેખક શ્રી સુધીરભાઈ મહેતા એ અનેક માનવ- રત્નોને શોધી કાઢયા અને સમાજ સમક્ષ મૂકી આપવાનું બીડું ઝડપ્યું. પરિણામે પ્રસ્તુત પુસ્તક આપણને પ્રાપ્ત થયું છે. આ પુસ્તકમાં તેમણે લગભગ બધા ક્ષેત્રોને આવરી લીધાં છે. અહીં સંતો, તબીબો, પોલીસ, કેળવણીકારો, ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો, રમતવીરો વગેરેના પ્રદાનને સમાજ સમક્ષ પ્રત્યક્ષ કરી આપ્યું છે. તેમના જીવનનો પ્રારંભ, તેમનું ધ્યેય, તે માટે કરેલો પુરુષાર્થ, સંઘર્ષ અને સફળતાને વાચા આપી છે. મનુષ્ય શૂન્યમાંથી સર્જન કઈ રીતે કરી શકે છે, તે દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. આ મહાનુભાવોનાં જીવનમાંથી પ્રેરણા લઈ અન્ય સહુ પણ પોતાનાં જીવનનાં ધ્યેયને હાંસલ કરી શકે છે. કેવળ સપનું સેવીને બેસી રહેવાથી કાર્યની સિદ્ધિ થતી નથી. સપનું તો એક બીજ જેવું છે, તેને ખંત, નિષ્ઠા અને શ્રદ્ધાનાં ખાતર-પાણી-પ્રકાશ આપવાનાં હોય છે. આ પુસ્તક માનવરત્નોની નિધિ સમું છે.

આ રત્નજડિત પુસ્તકનાં લેખક અને સંપાદકનો પરિચય આપતાં ભરાડ ફાઉન્ડેશન, રાજકોટનાં સ્થાપક અને કેળવણીકાર શ્રી ગીજુભાઈ ભરાડ લખે છે,

'રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનાં એવોર્ડ મેળવનાર શ્રી સુધીરભાઈ મહેતા શબ્દયાત્રી છે. લેખનીને પોતાની હૈયાની ઉઘડતી દિશા ગણે છે. લેખનની શરૂઆતના સમયમાં ખૂબ પુરુષાર્થ કરેલ છે. લેખકને એમનાં




પુસ્તક ' ભવસાગરના મોતી ' એ ખૂબ પ્રતિષ્ઠા અપાવી છે. સૌરાષ્ટ્ર સમાચાર પેપરમાં ૧૩ વર્ષ સુધી પાનખર નામની કૉલમ લખી છે. સમાજની પ્રતિભાવંત આદર્શ ગૌરવવંતા બાવન જેટલા નારી રત્નો પર ' ભલી ભોમકા, ભલા નામ ' નામનું પુસ્તક લખ્યું છે. ગ્રામીણ મલકનો નોખી માટીનો માનવી પ્રાથમિક શાળાનો શિક્ષક ૩૮ વર્ષ ઉજળી રીતે શિક્ષક તરીકે કર્મ - ધર્મ બજાવીને આજે સમાજનું ઋણ અદા કરવા કલમ હાથમાં લઈને સમાજના ખૂણે ખૂણેથી સાચાં મોંઘેરા રત્નો શોધીને સમાજને અર્પણ કરે છે. વળી કોઈપણ જાતની અપેક્ષા વગર દિવસ - રાત જોયા વગર સારી ભાવનાથી આ પુસ્તક સમાજને સમર્પિત કરેલ છે.

અહીં સ્વામીશ્રી ધર્મબંધુજી અને પરમ પૂજ્ય મોરારી બાપુ જેવાં આદરણીય સંતોનાં આશિર્વાદ છે, તો શ્રી પ્રવીણ કે. લહેરી અને શ્રી રમેશભાઈ ઝાલા જેવાં કર્મવીરો છે.

આ પુસ્તકમાં માનનીય શ્રી ડૉ. ગીતાબેન ગીડા અને શ્રી રેખાબા સરવૈયા જેવાં નારી રત્નો છે તો શ્રી પ્રફૂલ્લચંદ્ર દવે અને શ્રી કલાગુરૂ હર્ષાબેન કાનાબાર જેવાં કલા સાધકો પણ છે.

અહીં શ્રી ગોરધનભાઈ ભેસાણીયા અને શ્રી વાસુદેવભાઈ સોઢા જેવાં આદરણીય લેખક રત્નો છે તો ડૉ. જગદીશભાઈ સખિયા અને ડૉ. નિકીબેન ડોડીયા જેવાં આદર્શ તબીબો પણ છે. આમ, અહીં રત્નોરુપી મહાસાગરનો ખજાનો છે. જેઓ સાચા ખજાનાની શોધમાં છે તેઓ સૌએ આ અમૂલ્ય ખજાનો જલ્દીથી મેળવી લેવો રહ્યો.

## રસદર્શન

# જગ આખું કોઈના પ્રેમની વિરુદ્ધમાં હોય પણ અંતે તો વિજય પ્રેમનો જ થાય...

સાપ્તાહિક ગુજરાત વંદન

હોય ત્રેવડ ગામમાં તો આંતરે
એક રસ્તો બીજા રસ્તામાં ભળે
- સ્નેહી પરમાર

ફિલ્મ અભિલાષા (1968) આવ્યું હતું જેમાં એક ગીત હતું, “ ” અને એ ગીતમાં ખૂબ જ સુંદર શબ્દો હતા અને તેમાં એવા પણ શબ્દ હતા કે...

કવિ શ્રી સ્નેહી પરમાર ના આ ઉત્કૃષ્ટ શેર માં ખૂબ જ સુંદર આવી કોઈક વાત રજૂ થયેલી છે.

હૃદયના ભાવ અને મનના તાર જ્યારે સમાન અનુભૂતિએ પ્રેમની પરાકાષ્ઠા સુધી પહોંચવાની ઈચ્છા પ્રબળ રીતે જ્યારે કોઈ રાખે છે ત્યારે દુનિયાની કોઈ તાકાત તેમને રોકી શકતી નથી,

અને પ્રેમના સર્વોચ્ચ શિખરની આજ વાત છે , એક રસ્તો જ્યારે બીજા રસ્તા માં ભળે છે, એ રોકવાની ત્રેવડ કોઈનામાં નથી હોતી.

વર્ષોથી એવું કહેવાય છે અને ભૂતકાળમાં પણ અનેક વાત આપણે સાંભળી છે કે ભલે જગ આખું કોઈના પ્રેમની વિરુદ્ધમાં હોય પણ અંતે તો વિજય પ્રેમનો જ થાય છે.

ઘણાં એવા પણ કિસ્સા જોયા છે કે ભલે સાથે જીવી ન શક્યા પણ સાથે મરવાના ઓરતા પુરા કર્યા હોય અને એમાં પણ તેમને મરણોપરાંત મળતાં કોઈ રોકી નથી શક્યું.

આ શેરમાં પ્રેમના સ્વીકાર્યની સમાજની મનોદશા પણ ખુબ જ સરસ રીતે ટાંકવામાં આવી છે ગામમાં ત્રેવડ શબ્દો વાપરીને કહીએ લોકોની મનોદશા દર્શાવી છે,

અને કોઈપણ પ્રકારના કારણ, વિશેષણ વાપર્યા વિના કવિએ અદભૂત રીતે આ વિરોધ સામે પ્રેમીઓના વિદ્રોહની “રસ્તામાં રસ્તો ભળવા” રૂપક વાપરીને અદ્ભુત રીતે ચિત્રણ કર્યું છે.

આ ઉપરાંત આ શેરમાં ખૂબ જ પાતળીરેખામાં બીબાઢાળ સમાજની જડ મનોવૃત્તિ પણ આબેહૂબ દર્શાવી છે

- હરીશ શાહ



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# ભગવાન જગન્નાથજીની રથયાત્રાના રૂટમાં 287 મકાન જર્જરિત, 20મી જૂને નીકળશે રથયાત્રા

**» જોખમી મકાનોનો સર્વે કરી AMCએ મકાન માલિકને ફટકારી નોટિસ**

ગુજરાત | વંદન

જમાલપુર ખાતેના પ્રસિદ્ધ જગન્નાથજી મંદિરેથી દર વર્ષની અષાઢી બીજે અમદાવાદની અસ્મિતા સમાન રથયાત્રા ઠાઠમાઠથી નીકળતી આવી છે. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામ સાથે તે દિવસે લોકોનાં સુખ-દુઃખથી વાકેફ થવા નિજમંદિરથી બહાર નીકળી નગરચર્યાએ નીકળતાં હોય છે, જેમાં હજારો શ્રદ્ધાળુઓની ભીડ પ્રભુનાં દર્શનાર્થે સમગ્ર રથયાત્રાના રૂટ પર ઊમટી પડે છે.

આગામી 20 જૂને જમાલપુર ખાતેના પ્રસિદ્ધ જગન્નાથજી મંદિરેથી દર વર્ષની અષાઢી બીજે અમદાવાદની અસ્મિતા સમાન રથયાત્રા ઠાઠમાઠથી નીકળશે. આ ઐતિહાસિક રથયાત્રા અગાઉ મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા રૂટ પરનાં જોખમી મકાનોના સર્વેમાં તંત્રના ચોપડે કુલ 287 મકાન જર્જરિત હોવાનું નોંધાયું છે. જેમાં જમાલપુર, ખાડિયા, શાહપુર અને દરિયાપુર વિસ્તારનો સમાવેશ થાય છે. જેથી AMCએ તમામ મકાન ધારકોને નોટિસ ફટકારી છે.

મળતી માહિતી મુજબ સૌથી વધુ ભયજનક મકાન ખાડિયામાં છે. રથયાત્રા અમદાવાદના કોટ વિસ્તારમાં ફરે છે, જ્યાં મોટા ભાગે જૂના મકાનો છે. જેમાના કેટલાક જર્જરિત હાલતમાં છે. મકાનમા રિપેરિંગ કામકાજ કરવુ પડે તેમ છે પણ કેટલાક મકાનો ભાડે આપેલા હોવાથી તેઓ રિપેરિંગ કરાવવાની તસ્દી લેતા નથી. આવા મકાનોને કારણે રથયાત્રા વખતે કોઈ દુર્ઘટના થવાની સંભાવનાઓ વધી જાય છે. જેના માટે અમદાવાદ મહાનગરપાલિકાએ સર્વે કરી ભયજનક મકાનોને નોટિસ પાઠવી છે. ઉલ્લેખનીય છે કે, દરવર્ષે રથયાત્રા વખતે ભયજનક મકાનોને નોટિસ આપવામા આવે છે, પરંતુ કોઈ નક્કર કાર્યવાહી કરવામા આવતી નથી. જેના કારણે આવા મકાનોની સ્થિતિમાં કોઈ ફરક પડતો નથી. આ જર્જરિત મકાનો ચાહે તે વપરાશી હોય કે બિનવપરાશી હોય, પરંતુ સત્તાવાળાઓ દ્વારા જે તે મકાનના જર્જરિત ભાગને તત્કાળ ઉતારી લેવાની નોટિસ પાઠવાય છે. જોકે, જે તે મકાનના માલિક અને ભાડુઆત વચ્ચેના ઝઘડાના કારણે તેના રિપેરિંગનો મામલો ટલ્લે ચઢતો રહે છે. પરિણામે વરસાદ બાદ ભયજનક મકાન આખેઆખું તૂટી પડીને જાન-માલને ગંભીર નુકસાન થાય તેવા કિસ્સા પણ નોંધાય છે.



**ક્યા વોર્ડમાં કેટલા જર્જરિત મકાનો »**

રથયાત્રાના રૂટ પરના ભયજનક મકાનો આવેલા છે તેની પર જો નજર કરીએ તો જમાલપુરમાં 10 ભયજનક મકાનો આવેલા છે. જ્યારે ખાડિયામાં 148, ખાડિયા 2માં 32, દરિયાપુરમાં 109, શાહીબાગમાં 9 અને શાહપુરમાં 4 ભયજન મકાનો આવેલા છે.

## ગ્રાહકોને ઠંડક મળે તો ઘરાકી નિકળે..ચાલો છાંયડો કરીએ...



શહેરના હાર્દ સમાન માણેકચોકમાં એક સમયે શેર બજાર ધમધમતું હતું કરોડો રૂપિયના સોદા માણેક ચોકમાં થતા હતા. વાસ્તવમાં માણેક ચોક અમદાવાદની આન-બાન અને શાન સમાન છે. રાતના એક વાગે માણેક ચોક જઈને ભેલપુરી અને આઈસ્ક્રીમ ખાવાનું લ્હાવો કંઈક ઓર જ છે. આજે પણ મોડી રાત્રે માણેક ચોકમાં ભીડ જોવા મળે છે. ઉનાળાના ભીષણ ગરમી અને માથુ તપી જાય તેવા તાપમાં ખરીદી કરવા આવેલ ગ્રાહકને કંઈક ઠંડક મળે અને તેના થકી નાની મોટી ચીજ વસ્તુઓનું વેચાણ થાય તેને ધ્યાને લઈને માણેક ચોકમાં દુકાનદારો દ્વારા સામુહિક રીતે ગ્રીન નેટ લગાવીને છાંયડો કરવામાં આવ્યો છે. અગાઉ આ જ અખબાર દ્વારા શહેર સત્તાધિશોનું નમ્ર પણે ધ્યાન દોરવામાં આવ્યું હતું કે મોટા ટ્રાફિક જંક્શન ખાતે પણ આવી જ ગ્રીનનેટ લગાવવામાં આવે તો વાહન ચાલકોને કંઈક રાહત મળી શકે. માણેક ચોકના વ્યાપારીઓ જો ગ્રીન નેટ લગાવી શકતા હોય તો શહેર સત્તાધીશો કેમ નહીં...?

તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન

## સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આગામી સપ્તાહે અંગત કાર્યોમાં સફળતા મળશે. પ્રભાવશાળી લોકોને મળવાની તક પણ મળશે. યુવાનોને કોઈપણ સ્પર્ધા માટે તૈયાર કરવાના ચાલી રહેલા પ્રયાસોમાં સફળતા મળશે. કોઈપણ પ્રકારનો ટ્રાફિક હાલ પૂરતો સ્થગિત રાખો. કારણ કે આનાથી કોઈ ફાયદો થશે નહીં.

**વૃષભ** (બ.વ.ઉ)
નવા લોકો સાથે મિલનસાર થવાની તક મળશે. કોઈ મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકવા માટે યોગ્ય માહિતી પણ મળશે. કોઈપણ નકારાત્મક પરિસ્થિતિમાં તમારું મનોબળ જાળવી રાખો અને તમારા કાર્યો કાળજીપૂર્વક પૂર્ણ કરો. વ્યવસાયની પદ્ધતિ સારી રહેશે.

**મિથુન** (ક.છ.ઘ)
પારિવારિક પરંપરા અને મૂલ્યોને જાળવી રાખવા માટે, આધ્યાત્મિક સ્થળે થોડો સમય વિતાવવો અને તમારો માનસિક અને શારીરિક થાક દૂર થશે. નાણાં સંબંધિત કોઈપણ પ્રકારની બેદરકારી ન કરવી. શોપિંગ વગેરે કરતી વખતે વધુ પડતો ખર્ચ થઈ શકે છે.

**કર્ક** (ડ.હ)
કેટલાક નવા અનુભવો પણ મળશે. જે તમારી અંદર નવી ઉર્જાનો સંચાર થશે અને આત્મવિશ્વાસ પણ વધશે. પરિવારના સભ્યના અંગત જીવનમાં કેટલીક સમસ્યાઓ આવી શકે છે. ધંધામાં યોગ્ય વ્યવસ્થા જાળવવા દોડવું પડે પ્રયત્નોમાં સુધારો કરો અને જનસંપર્ક વધુ મજબૂત બનાવો.

**સિંહ** (મ.ટ)
આવનાર અઠવાડિયું ગ્રહોનું સંક્રમણ ખૂબ જ સાનુકૂળ છે. કોઈપણ સ્પર્ધાના સંજોગોમાં તમારું મનોબળ જળવાઈ રહેશે. બીજાની સલાહ પર ધ્યાન આપવાને બદલે પોતાની ક્ષમતા પર વિશ્વાસ કરો અને બેદરકારી ટાળો. વેપારમાં નવા કરાર મળશે જે આર્થિક દૃષ્ટિકોણથી ફાયદાકારક રહેશે.

**કન્યા** (પ.ઠ.ણ)
ઘર અને બિઝનેસ વચ્ચે યોગ્ય સંતુલન રહેશે. અનુભવી લોકોના સંગતમાં તેમના માર્ગદર્શન અને અનુભવોને આત્મસાત કરવા જોઈએ. તમારી આસપાસની નકારાત્મક બાબતો પર ધ્યાન ન આપવાથી તમારું કામ કરતા રહો. વેપારમાં વધુને વધુ સમય આપવાની જરૂર છે.

**તુલા** (ર.ત)
તમને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં વિશ્વાસ રહેશે અને તમારા નિશ્ચય સાથે સૌથી મુશ્કેલ કાર્યોને પણ પૂર્ણ કરવાની તમારી ક્ષમતા રાખશે. તમારે કોઈની વાત પર આંખ બંધ કરીને વિશ્વાસ કરવો તમને મુશ્કેલીમાં મુકી દેશે. તેથી કોઈની સલાહ લેવી વધુ સારું છે. વેપારમાં કેટલાક નવા કરાર થશે.

**વૃશ્ચિક** (ન.ય)
તમને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં વિશ્વાસ રહેશે અને તમારા નિશ્ચય સાથે સૌથી મુશ્કેલ કાર્યોને પણ પૂર્ણ કરવાની તમારી ક્ષમતા રાખશે. તમારે કોઈની વાત પર આંખ બંધ કરીને વિશ્વાસ કરવો તમને મુશ્કેલીમાં મુકી દેશે. તેથી કોઈની સલાહ લેવી વધુ સારું છે. વેપારમાં કેટલાક નવા કરાર થશે.

**ધન** (ભ.ધ.ફ)
તમારી યોજનાઓને સાકાર કરવા માટે અનુકૂળ સમય છે. યુવાઓ તમારા લક્ષ્ય પર કેન્દ્રિત રહો. કેટલાક એવા ખર્ચાઓ સામે આવશે જેના પર કાપ પણ શક્ય છે. આ સમયે આર્થિક સ્થિતિ થોડી સાધારણ રહેશે. બિઝનેસમાં કોઈ નવું કામ શરૂ કરતા પહેલા વિચારવું આવશ્યક છે.

**મકર** (ખ.જ)
કોઈ વ્યક્તિ વ્યક્તિગત સમસ્યા હલ કરવામાં અનુભવીની મદદથી તમે રાહત અનુભવશો. આવકવેરાને લગતી કોઈપણ પરેશાનીઓ ઊભી થઈ શકે છે. તમારી અંગત સમસ્યાઓની બાળકો પર નકારાત્મક અસર પડવા ન દો. અને કોઈને પૈસા ઉછીના આપવાનું ટાળો.

**કુંભ** (ગ.સ.શ.ષ)
કોઈ વ્યક્તિ વ્યક્તિગત સમસ્યા હલ કરવામાં અનુભવીની મદદથી તમે રાહત અનુભવશો. આવકવેરાને લગતી કોઈપણ પરેશાનીઓ ઊભી થઈ શકે છે. તમારી અંગત સમસ્યાઓની બાળકો પર નકારાત્મક અસર પડવા ન દો. અને કોઈને પૈસા ઉછીના આપવાનું ટાળો.

**મીન** (દ.ચ.ઝ)
મિશ્ર પ્રભાવ સાથે આવનાર સપ્તાહ પસાર થશે. કોઈપણ નિરાશાજનક પરિસ્થિતિમાંથી પણ રાહત મળશે. કોઈની સલાહ તમારા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. કાર્યસ્થળ પર પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રહેશે. કર્મચારીઓનો સહકાર અને કાર્યક્ષમતા ધંધાને વ્યવસ્થિત રાખશે. ઘરમાં કેટલીક ખાસ વસ્તુઓની ખરીદીથી દરેક લોકો ખુશ રાખશે. ઘૂંટણના દુખાવાની સમસ્યા રહેશે.

### ગ્રાહક કોર્ટે મૃતકની પત્નીને વીમાના 11 લાખ 25 હજાર ચૂકવવાનો આદેશ કર્યો

# લાયસન્સ વિના ચલાવાતા વાહન માટે 75 ટકા વળતર ચૂકવવા વીમા કંપની જવાબદાર

**» રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચનો મહત્વનો ચુકાદો**

ગુજરાત | વંદન

રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચે વીમાને લઈને મહત્વનો ચુકાદો સંભળાવ્યો છે. જે મુજબ માર્ગ અકસ્માત સમયે વાહનચાલક પાસે લાયસન્સ ન હોય તો પણ વીમા કંપનીઓ વીમાના દાવાને નકારી શકે નહીં. એક અરજી પર સુનાવણી કરતી વખતે ગ્રાહક કોર્ટે મૃતકની પત્નીને વીમાના 11 લાખ 25 હજાર ચૂકવવાનો આદેશ કર્યો છે.

આ કેસ વિશે વિગતવાર વાત કરીએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચ સમક્ષ રવિનાબેન વસાવા નામની એક મહિલાએ રજૂઆત કરી હતી કે તેમના પતિ બિપીનભાઈ વસાવાનું 11 જૂન 2021ના રોજ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેમના પતિ બિપીનભાઈ વસાવા પાસે 15 લાખની પર્સનલ એક્સિડન્ટે આવરી લેતી પોલિસી હતી. તેથી પતિના અવસાન બાદ રવિનાબેને વીમા કંપની પાસે વીમાની રકમ માટે દાવો કર્યો હતો. આ દાવાને કંપનીએ ફગાવી દીધો હતો અને એવું કહ્યું હતું કે અકસ્માત સમયે બિપીનભાઈ પાસે



લાયસન્સ નહોતું તેથી તેઓ વળતર માટે હકદાર નથી. લાયસન્સ વગર વાહન ચલાવવું અમારી પોલિસીની વિરુદ્ધ છે.

ફરિયાદીની રજૂઆત સાંભળ્યા બાદ ગ્રાહક ફોરમે એવી ટકોર કરી છે ચાલક પાસે અકસ્માત સમયે લાયસન્સ ન હોય તો એનો મતલબ એવો નથી કે ચાલક બેફામ વાહન હંકારે છે. પર્સનલ એક્સિડન્ટ એવી પોલિસી છે, જેમાં ઘણી બધી વસ્તુઓ આવરી લેવામાં આવે છે. અકસ્માતમાં મોત કે ઈજાની જોગવાઈ ન હોય તો પણ વીમા કંપનીએ આવા કિસ્સામાં વળતર ચૂકવવું પડે છે પરંતુ શરતોના ભંગ બદલ 25 ટકા રકમ કાપી શકાય છે. લાયસન્સ વિના ચલાવાતા વાહન માટે 75 ટકા વળતર ચૂકવવા વીમા કંપની જવાબદાર છે.

જોકે, કંપનીએ પોલિસીની શરતો સ્પષ્ટ શબ્દોમાં લખી હોય તો કંપની દાવાને નકારી શકે છે. આ કેસમાં ગ્રાહક તકરાર નિવારણ પંચના મેમ્બર પ્રિતીબેન શાહની ફોરમે મૃતકના પત્ની રવિનાબેન વસાવાને વીમાના 11.25 લાખ ચૂકવવા આદેશ કર્યો છે.

### એડવાન્સમાં પૈસા લીધા પણ RTO પાર્સિંગ-ટેક્સ ન ભર્યુ

## હારિજમાં બે લાખની છેતરપિંડીમાં નાસતો ફરતો આરોપી ચાંદલોડિયાથી ઝડપાયો

ગુજરાત | વંદન

રાજ્યમાં રૂપિયાની લેતી દેતીમાં અનેક પ્રકારની છેતરપિંડીના કેસ નોંધાઈ રહ્યાં છે. ત્યારે અમદાવાદમાંથી એક ગાડીઓની લે વેચ કરતો આરોપી ઝડપાયો છે. તેણે ગ્રાહક પાસેથી બે લાખ રૂપિયા એડવાન્સમાં લઈને ગાડીની ડીલીવરી કરી હતી. પરંતુ ગાડીનું આરટીઓ પાર્સિંગ અને ટેક્સ પોતે ભરવાનો હોવાથી તેણે ભર્યો નહોતો. ત્યાર બાદ ગ્રાહકે આ ટેક્સ ભર્યો હતો. જેના પૈસા આરોપીએ નહીં આપતાં તેની સામે હારિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ હતી. જેને આજે ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યો હતો.

### અમદાવાદ હાટકેશ્વર બ્રિજ કાંડ

# સુપ્રીમ કોર્ટે ચાર આરોપીઓની આગોતરા જામીનની અરજી ફગાવી



ગુજરાત | વંદન


શહેરમાં ખૂબજ ચર્ચાસ્પદ બનેલા હાટકેશ્વર બ્રિજના આરોપીઓની મુશ્કેલી વધી છે. ધરપકડથી બચવા માટે આરોપીઓએ આગોતરા જામીન માટે અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે તેમની અરજી ફગાવી દીધી છે. કોર્ટે સુનાવણીમાં કહ્યું હતું કે, હલકી ગુણવત્તાવાળુ કામ કરનારને જામીન આપી ના શકાય. અજય એન્જી-ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટરોએ સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન અરજી



દાખલ કરી હતી.સુપ્રીમ કોર્ટે હાટકેશ્વર બ્રિજ કેસમાં આગોતરા જામીન અરજી ફગાવી દેતા ચાર આરોપી રમેશ પટેલ, કલ્પેશ પટેલ, રસિક પટેલ અને ચિરાગ પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. હવે કોઈ પણ સમયે તેમની ધરપકડ થઈ શકે છે અને તેઓ જેલભેગા થવાની શક્યતાઓ છે.AMCએ આ તમામ આરોપીઓ સામે હલકી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ કરવા બદલ ગુનો નોંધ્યો હતો. તમામ આરોપીઓ હવે ભૂગર્ભમાં ઉતરી ગયા છે. અગાઉ AEIPLના ડિરેક્ટરોને ગુજરાત હાઈકોર્ટમાંથી રાહત પણ મળી ન હતી.

# નજર ચૂકવીને મુસાફરોના કીમતી સામાન ચોરતાં બે આરોપી ઝડપાયા

**ક્રાઈમ બ્રાન્ચે બન્ને આરોપીઓ પાસેથી 50 હજારનો મુદ્દામાલ કબજે કર્યો**



ગુજરાત | વંદન

શહેરમાં બસ અને રિક્ષામાં મુસાફરી કરતાં મુસાફરોની નજર ચૂકવીને તેમના કિમતી સામાનની ચોરી કરતાં બે ચોરને ઝડપી લેવામાં આવ્યાં છે. ક્રાઈમ બ્રાંચે બંને આરોપીઓ પાસેથી 50 હજારના મુદ્દામાલને કબજે કરીને કાગડા પીઠ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાને ઉકેલી નાંખ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં ભીડભાડ વાળી જગ્યાઓ, એસટી બસ અને રિક્ષામાં મુસાફરોની નજર ચૂકવીને તેમના કિમતી સામાનની ચોરી કરતાં હતાં. કાગડા પીઠ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એક ગુનાનો ઉકેલ મેળવવા માટે ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાંચે આરોપી મોહંમદહુસેન શેખ, સરફુદ્દિન શેખને ઝડપી પાડીને તેમની પાસેથી 50 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# અમદાવાદ શહેરમાં અનેકો જગ્યા ભુવા પડ્યા


**અસહ્ય ઉકળાટ બાદ વાતાવરણમાં પલટો આવતા અમદાવાદમાં પોણો ઈંચ ઉપરાંત વરસાદ,એક વ્યકિતનું મોત નિપજ્યું**

ગુજરાત | વંદન

અમદાવાદમાં દિવસભરના અસહય ઉકળાટ બાદ શુક્રવારે સમીસાંજે વાતાવરણમાં એકાએક પલટો આવતા ભારે વરસાદ વરસી પડયો હતો.લગભગ એક કલાકથી વધુ સમય સુધી પડેલા વરસાદના પગલે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. શહેરના સરસપુર વિસ્તારમાં વૃક્ષ ધરાશાયી થતુ જોઈ એક વ્યકિતને એટેક આવતા તેમને શારદાબેન હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામા આવી હતી.જયાં સારવાર સમયે તેમનુ મોત થયુ હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળે છે.

શહેરમાં ફતેહવાડી વિસ્તારમાં ભૂવો પડતા એક દુર્ઘટના સર્જાઈ હતી. RCC રોડમાં ભૂવો પડતા નેનો કાર અચાનક ભૂવામાં ખાબકી હતી. કાર ભૂવામાં પડવાની ઘટના CCTVમાં કેદ થઈ છે. જોકે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. સૌથી મહત્વની વાત તો એ છે કે, ફતેહવાડી વિસ્તારમાં જ્યાં ભૂવો પડ્યો છે, ગત વર્ષે પણ આ સ્થળે જ ભૂવો પડ્યો હતો. ગત વર્ષે આ ભૂવામાં એક સ્કૂટર ખાબક્યું હતું. સ્કૂટર ભૂવામાં પડવાની ઘટનામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું.

વિવિધ વિસ્તારમાં સાહીઠથી પણ વધુ વૃક્ષો ધરાશાયી થયા હોવાના કોલ ફાયર વિભાગને મળ્યા હતા.અમદાવાદના પૂર્વ વિસ્તારો સહિત અન્ય વિસ્તારોમાં વંટોળ સાથે વરસી પડેલા વરસાદને કારણે હોર્ડીંગ્સ અને બેનરો તૂટી પડયા હતા.વરસાદની સૌથી વધુ અસર શહેરના પૂર્વ,ઉત્તર અને દક્ષિણ ઝોનના વિસ્તારોમાં જોવા મળી હતી.શહેરમાં સરેરાશ પોણો ઈંચથી વધુ વરસાદ વરસી પડયો હતો.શહેરમાં શુક્રવારે સાંજે છ કલાક બાદ વાતાવરણમાં પલટો



આવવાની સાથે ધુળની ડમરીઓ સાથે વરસાદની શરુઆત થઈ હતી.

## શબ્દોની સંતાકૂકડી 63 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | 4 | |
| | ■ | 5 | 6 | | | ■ |
| 7 | | ■ | 8 | | | |
| | ■ | 9 | | ■ | | ■ |
| ■ | 10 | | ■ | 11 | ■ | 12 |
| 13 | ■ | 14 | | | | |
| 15 | | | ■ | | ■ | |

**ઊભી ચાવી**

(1) મોટું, સારી ઊંચાઈ ધરાવનારું [4]
(2) કલાક કે શાળાના વર્ગનો નિયત સમય; પિરિયડ [2]
(3) ભોજનનું નોતરું, મિજબાની [3]
(4) જમીન, ધરતી, ધરા, પૃથ્વી [4]
(6) જળહળાટ, તેજ, પ્રકાશ [3]
(9) દુર્દશામાં આવી પડેલું; ખુવાર [4]
(11)ઓસ, ઠાર, તુષાર, નિહાર [3]
(12) પરિચય, ચમત્કાર, પ્રતાપ [3]
(13) આનંદ, ખુશાલી, ખાવું, પીવું ને લહેર કરવી એ [2]

**આડી ચાવી**

(1) કાવ્ય, પદ્ય [3]
(3) નિસરણી, સીડી [3]
(5) જળાશય, મોટું તળાવ [4]
(7) આબરૂ, પ્રતિષ્ઠા, મોભો [2]
(8) સો પાંખડીઓવાળું [4]
(9) પગના તળિયાનો એડી તરફનો ભાગ [2]
(10) ઉંમર, આવરદા, આયુષ્ય [2]
(14) માફક આવે એ રીતે, પ્રમાણસર [5]
(15) અઘરું, અટપટું, ગૂંચવાયેલું [3]

**શબ્દોની સંતાકૂકડી-63 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-62નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 વિ | 2 મો | 3 ચ | ન | ■ | 4 શ | ■ |
| 5 રા | ક્ષ | સ | ■ | 6 કૌ | ર | વ |
| સ | ■ | 7 ક | 8 હે | વ | ત | ■ |
| 9 ત | 10 ટ | ■ | 11 રા | ત | ■ | 12 બ |
| ■ | 13 ક | 14 મા | ન | ■ | 15 મે | ખ |
| 16 બ | ટ | ન | ■ | 17 મૌ | ■ | ત |
| ■ | ક | ■ | 18 પા | ન | ખ | ર |

## કોયડો નં. 65 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 5 | | | | | 6 |
| | | | 8 | 7 | | | | 2 |
| 2 | 7 | | 3 | | | | 8 | 1 |
| | | | | 3 | 4 | 9 | | |
| 7 | 9 | 3 | | 5 | | 6 | 1 | 4 |
| | | 8 | 7 | 9 | | | | |
| 9 | 2 | | | | 3 | | 5 | 7 |
| 5 | | 6 | | 8 | 7 | | | |
| 3 | | | | | 5 | | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-65નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 3 | 4 | 5 | 1 | 2 | 7 | 9 | 6 |
| 6 | 1 | 5 | 8 | 7 | 9 | 3 | 4 | 2 |
| 2 | 7 | 9 | 3 | 4 | 6 | 5 | 8 | 1 |
| 1 | 5 | 2 | 6 | 3 | 4 | 9 | 7 | 8 |
| 7 | 9 | 3 | 2 | 5 | 8 | 6 | 1 | 4 |
| 4 | 6 | 8 | 7 | 9 | 1 | 2 | 3 | 5 |
| 9 | 2 | 1 | 4 | 6 | 3 | 8 | 5 | 7 |
| 5 | 4 | 6 | 9 | 8 | 7 | 1 | 2 | 3 |
| 3 | 8 | 7 | 1 | 2 | 5 | 4 | 6 | 9 |

# રશિયા પર પ્રતિબંધોની હીરા ઉદ્યોગ પર અસરની આશંકા

ગુજરાત | વંદન

જી-7 સમિટમાં સભ્ય દેશોએ રશિયા પર વધુ કડક પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી છે. રશિયાને આર્થિક રીતે નબળું પાડવા માટે G-7 દેશોએ રશિયન જહાજો, એરક્રાફ્ટ અને રશિયન હીરા પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. આ પ્રતિબંધોની અસર ભારતમાં હીરા ઉદ્યોગ પર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે જેના કારણે ભારતના હીરા ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓની રોજગાર પર તલવાર લટકવા લાગી છે.

**G-7 સમિટમાં રશિયા પર વધુ કડક પ્રતિબંધોની જાહેરાત, 10 લાખ લોકોની રોજગારી પર લટકી તલવાર**

એક મીડિયા અહેવાલ મુજબ, આ નવા પ્રતિબંધને કારણે, ભારતના હીરા ઉદ્યોગમાં કામ કરતા 10 લાખ કર્મચારીઓની રોજગાર પર જોખમ તોળાઈ રહ્યો છે. વિશ્વના લગભગ 90 ટકા હીરા કટિંગ માટે ભારતમાં આવે છે અને પોલિશ કરવામાં આવે છે. આ હીરાઓમાં રશિયન હીરાનો પણ સમાવેશ થાય છે.

ભારત રશિયાના અલરોસામાંથી હીરાની આયાત કરે છે. વિશ્વના કુલ હીરામાંથી 30 ટકા હીરાનું ઉત્પાદન અલરોસામાં થાય છે. ભારતીય હીરા કંપનીઓ જી-7 દેશોમાં આયાતી હીરાને કાપીને પોલિશ કરીને નિકાસ કરે છે. જેમ



એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન વિપુલ શાહે કહ્યું છે કે જો રશિયા પરનો પ્રતિબંધ આમ જ ચાલુ રહેશે તો G-7 દેશોએ રશિયન પર પ્રતિબંધની જાહેરાત કર્યા બાદ ભારતમાં 10 લાખ લોકોની રોજગારી અટવાઈ જશે.

નોંધનીય છે કે રશિયન હીરા પરના પ્રતિબંધને સુરતના હીરા કામદારો માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે જેઓ પહેલાથી જ માંગમાં ઘટાડો અને વૈશ્વિક આર્થિક મંદીનો સામનો કરી રહ્યા છે. પ્રતિબંધના કારણે



રફ હીરાના સપ્લાયને અસર થવા લાગી છે, જેની અસર હીરાના વેપારીઓના કામમાં જોવા મળી રહી છે. હાલમાં માંગ ઓછી હોવાથી ઉદ્યોગ ઓછા પુરવઠા સાથે સંચાલન કરી રહ્યો છે.પણ જ્યારે માંગમાં વધારો થશે ત્યારે મુશ્કેલી ઉભી થશે.

### કવિતાના ઉંબરેથી....

**લટમાં પરોવી હું તો બેઠી, સજન !**

ટચલી આંગલડીનો નખ
લટમાં પરોવી હું તો બેઠી, સજન !

મુંને એકવાર કાગળ તો લખ
કૂંપળ ગોતું ને જડે ઝાકળનું ઝૂમખું,

વ્હાલમજી બોલ, એવા અંજળનું નામ શું ?
ચૂમી ચૂમીને કરી એંઠી, સજન !

હવે લૂછી દે પાંપણનાં દખ
છાતીમાં સૂનમૂન પાળ્યાં રે પારેવડાં,

પાતળિયા પૂછ, એના પડછાયા કેવડા ?
છાલક ના જાય જરી વેઠી, સજન !
હવે ઘોળી દે ઘૂઘવતાં વખ

– વિનોદ જોશી

---

**સુરતમાં પ્રોટીન અને વિટામિનની દવાના સેમ્પલ ફેલ....**

## લોકોના આરોગ્ય સાથે ચેડાં, દંડ ફટકારાયો

ગુજરાત | વંદન

લોકોના આરોગ્ય સાથે ભારે ચેડા કરવામાં આવી રહી છે. સુરતમાં હાલમાં જ પેસ્ટ્રી, પનીર, માયોનીઝના સેમ્પલ ફેલ થયા હતા. હવે આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલ દવાના સેમ્પલ ફેલ થતા હડકમ્પ મચી ગયો છે. મહાનગરપાલિકાની તપાસમાં શારીરિક તંદુરસ્તી માટે લેવામાં આવતી હેલ્થ સપ્લિમેન્ટની દવાઓ પણ સુરક્ષિત ન હોવાનું સામે આવ્યું છે.

સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા



વિવિધ મેડકલોમાંથી લેવામાં આવેલા દવાના સેમ્પલ ફેલ થયા છે. તપાસમાં પ્રોટીન અને વિટામિનની દવાના સેમ્પલ ફેલ થયા છે. જે બાદ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સુરતના આરોગ્ય વિભાગ દ્વારા સતત તપાસ કરવામાં આવી રહી છે. તપાસ માટે શહેરના 9 ઝોનમાંથી 18 મેડિકલોમાંથી સેમ્પલ લીધા હતા. જેમાંથી મેડિકલોમાંથી લેવામાં આવેલ સેમ્પલ ફેલ ગયા છે. સેમ્પલમાં દવામાં વિટામીનની જેટલી માત્રા હોવી જોઈએ તેના કરતા ઓછી હોવાની માહિતી સામે આવી છે. શહેરના શાહપોરની આશિષ મેડિકલના સેમ્પલ ફેલ ગયા છે. જ્યારે મગોબની જય અંબે કેમિસ્ટ, બામરોલીની એચ.એચ. કેમિસ્ટની દવાના સેમ્પલ ફેલ જતાં મનતાએ તમામ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. મનપા દ્વારા એકને દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે 3 ફરિયાદ નોંધવાની કામગીરી હાથ ધરી છે.

---

**ગીરમાં આગોતરું ચોમાસું મગફળીનું વાવેતર શરૂ**

## આ વર્ષે મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર થવાની સંભાવનાઓ...

ગુજરાત | વંદન

રાજ્યમાં ચાલુ વર્ષે મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર થવાની સંભાવનાઓ છે. ગીરના અનેક વિસ્તારોમાં પિયત માટે પાણીની સુવિધા હોવાના કારણે ચોમાસા પહેલા મગફળીનું આગોતરી વાવેતર શરૂ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, એક તરફ કમોસમી વરસાદનો કહેર બીજી તરફ ચાલુ વર્ષે ચોમાસાને કારણે અનેક તર્ક વિતર્કો થઈ રહી છે.

જળ એજ જીવન અને જળ સંચય એજ જીવન ઉક્તિને ગીર સોમનાથ જિલ્લાનાં કેટલાક તાલુકાઓમાં સાર્થક થતી જોઈ શકાય છે. ખાસ કરીને કોડીનાર, તાલાળા, વેરાવળ અને સુત્રાપાડાનો કેટલોક વિસ્તાર આ બાબતે મોખરે છે. આ વિસ્તારને લીલી નાઘેર તરીકે ઓળખવામાં આવે છે. અહીં ક્યારેય કપરો દુકાળ પડ્યો નથી. મોટેભાગે આ વિસ્તારમાં બારેમાસ પાણીનું સુખ જોવા મળે છે. એટલે જ ગીર સોમનાથ જિલ્લામાં સૌથી વધુ મગફળીનું વાવેતર થાય છે. લગભગ એક લાખ હેકટર જમીનમાં ચોમાસું મગફળીનું વાવેતર કરવામાં આવે છે. કારણ કે ગીરની ગોદમાં આ જિલ્લાના મુખ્ય પાંચ ડેમો આવેલા છે. જેમાંથી મોટાભાગના ખેડૂતો ને કેનાલ મારફતે પિયત માટે પાણી આપવામાં છે, જ્યારે બાકી રહેતા ખેડૂતો પણ પોતાના કૂવા સહિત અન્ય સુવિધા ઓના કારણે પિયત કરી આગોતરી મગફળી નું વાવેતર કરે છે.

---

**પાઇપલાઇનમાં માનવ અવશેષ મળવાની ઘટનામાં ખુલાસો**

## DNA રિપોર્ટથી એ માનવ અવશેષો લવિના હરવાણીના હોવાની પુષ્ટિ થઈ





**» મૃત્યુ અંગે હજી પણ ઉભા છે અનેક સવાલો...**

ગુજરાત | વંદન

ગુજરાતના પાટણ જિલ્લાના સિદ્ધપુર શહેરમાં પાણીની પાઈન લાઈનમાં મળેલી કોહવાયેલી અને ટુકડામાં મળેલી લાશ 25 વર્ષની યુવતી લવિના હરવાણીની હોવાની પુષ્ટિ થઈ છે. ડીએનએ ટેસ્ટમાં બાળકીના સેમ્પલ પરિવાર સાથે મેચ થયા. આ સાથે સવાલ એ ઊભો થયો છે કે લવીનાની ડેડબોડી પાઈનની પાઈપલાઈન સુધી કેવી રીતે પહોંચી? લવિનાનું મૃત્યુ કેવી રીતે થયું? શું તેની કોઈએ હત્યા કરી છે કે પછી તે આત્મહત્યા સાથે સંબંધિત છે. પાટણ પોલીસ આ પ્રશ્નોની તપાસ કરી રહી છે.

પાટણ જિલ્લાના સિદ્ધપુર નગરમાં રહેતી લવિના હરવાણીનો સંબંધ અમદાવાદના એક યુવક સાથે નક્કી થયા હતા. પરિવારમાં લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી તેમ છતાં લવિન 7 મેના રોજ ગુમ થઈ ગયો હતો. પુત્રી વિશે કોઈ માહિતી ન મળતા પરિવારે પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી, પરંતુ કોઈ સુરાગ મળ્યો ન હતો. બીજી તરફ નગરના એક મોટા વિસ્તારમાં દુર્ગંધ મારતું પાણી આવતું હોવાની લોકોએ ફરિયાદ કરી હતી.

પાલિકાએ થોડા દિવસો સુધી આ તરફ ધ્યાન આપ્યું ન હતું, પરંતુ લોકોની ફરિયાદો વધી જતાં પાલિકાની ઉંઘ હરામ થઈ ગઈ હતી. નગરપાલિકાએ તપાસ કર્યા બાદ ખોદકામ કર્યું ત્યારે પાણી પુરવઠાની દિવાલની લાઈનમાં ફસાયેલી લાશ મળી આવી હતી. પાલિકાએ મૃતદેહના સેમ્પલ લીધા બાદ અંતિમ સંસ્કાર કર્યા હતા.

---

**» કોંગ્રેસના ધારાસભ્યે કહ્યું- દીકરીઓના નાસી જવા પાછળ ક્યાંકને ક્યાંક DJ જવાબદાર**

## જો સમાજ દીકરીઓની આબરું-સુરક્ષા ઈચ્છતું હોય તો પ્રસંગોમાં DJ ન લાવો: ગેનીબેન

ગુજરાત | વંદન

વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે લગ્નપ્રસંગમાં DJ પર પ્રતિબંધની માંગ કરતા જણાવ્યું હતું કે, રાતે તમે ડીજે વગાડો એ નાચવાવાળા સંસ્કૃતિ વિરુદ્ધના ગીતો ગાય, કલાકારો રાતના 2 વાગ્યા સુધી નાચે, કલાકારોના કાર્યક્રમોમાં આમંત્રણ આપેલા લોકો આવે અને આમંત્રણ ન આપેલા લોકો પણ આવે છે. સૌથી ખરાબ ઘટનાઓ અને નાસી જવાની ઘટનાઓ બનતી હોય તો ક્યાંકને ક્યાંક DJ જ જવાબદાર છે. ભાભર ખાતે ઠાકોર સમાજના સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાવના કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર નવ દંપતીને આશીર્વાદ આપવા પહોંચ્યા હતા. જ્યાં તેમણે DJને લઈને મહત્વનું નિવેદન આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, જે સમાજ દીકરીઓની આબુરું-સુરક્ષા ઈચ્છતા હોય એ મહેરબાની કરીને પ્રસંગોમાં DJ ન લાવે. સાથે જ નવયુગલ પતિ-પત્ની કમાતા ન થાય ત્યાં સુધી પોતાના ઘરે પારણું ન બાંધે તેવી અપીલ ગેનીબેન ઠાકોરે કરી હતી.. આ પહેલા બનાસકાંઠા જિલ્લાના ભાભરના ઈન્દરવા ગામમાં એક કાર્યક્રમમાં ગેનીબેન ઠાકોરે DJને લઈને મોટું નિવેદન આપ્યું હતું. વાવના કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે સમાજના દિકરા-દીકરીઓને ટકોર કરતાં કહ્યું હતું કે, લગ્નમાં DJ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે. DJ વગર લગ્ન ન કરતા દિકરા-દિકરીઓને માતા-પિતા દ્વારા સમજાવવામાં આવે.

ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે કહ્યું હતું કે, DJના કારણે લગ્ન પ્રસંગમાં મતભેદ ઊભા થાય છે. જેને લઈ હવે DJ વગર લગ્નના ફેરા ફરવાની ના પાડનારાઓને સમજાવવાના હોય. સમાજના



દીકરા-દીકરીઓ DJ વિના લગ્ન નથી કરતા તો હવે સમાજે પણ લગ્નમા DJ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવો જોઈએ.

---

## સુરતઃ મહિલા પ્રોફેસર આપઘાત કેસમાં ચોંકાવનારા ખુલાસો

ગુજરાત | વંદન

ગુજરાતના સુરતમાં એક મહિલા પ્રોફેસરે ટ્રેન સામે કૂદીને આત્મહત્યા કરી લેવાના ચર્ચાસ્પદ કેસમાં પોલીસે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તપાસમાં માહિતી મળી છે કે, પાકિસ્તાનથી ચાલતું એક નેટવર્ક મહિલા પ્રોફેસરને બ્લેકમેઈલ કરી રહ્યું હતું. તે પોતાના એડિટેડ ન્યૂડ ફોટા વાયરલ કરવાની ધમકી આપી રહ્યો હતો. આ રેકેટની સૂત્રધાર હૈદરાબાદની જુહી શેખ છે. જૂહીની ધરપકડ બાદ તપાસમાં પાકિસ્તાની કનેક્શનનો પણ ખુલાસો થયો છે. આ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય ચાર લોકોની પૂછપરછ દરમિયાન તેનું નામ બહાર આવ્યું હતું. આપઘાત કરનાર પ્રોફેસર જહાંગીરપુરાની સેજલ પટેલ હતી.નોંધનીય છે કે, સેજલ પટેલે 16 માર્ચ 2023ના રોજ આત્મહત્યા કરી લીધી હતી.

---

### અનુસંધાન પેજ 01 પરથી...

### PM નરેન્દ્ર મોદી...

વિરુદ્ધમાં અને 25 વિપક્ષો સરકારની પડખે રહ્યા હોવાથી આવતીકાલના ભવ્યાતિભવ્ય લોકાર્પણ કાર્યક્રમમાં 25 વિપક્ષોના આગેવાનો હાજર રહેશે.ગુજરાતના સીએમ હતા ત્યારે પણ નરેન્દ્ર મોદીએ નવા સચિવાલયની નજીક સ્વર્ણિમ સંકુલ-1-2 નું નિર્માણ કર્યુ હતું. વડાપ્રધાન થયા બાદ તેમણે આ સિલસિલો ચાલુ રખ્યો અને વર્તમાન સંસદ ભવન અંગ્રેજોની સંસ્થાનવાદ ગુલામીની માનસિકતાનું પ્રતિક છે, મતવિસ્તારોના નવા સિમાંકનમાં સંસદસભ્યોની સંખ્યા 1200 જેટલી થવાની છે, હાલના સંસદ ભવનમાં 1200 સાંસદોને બેસવાની ક્ષમતા નથી, અતિ આધુનિક સુખ-સુવિધાનો અભાવ છે એવા કારણો સાથે રાજધાની દિલ્હીના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના ભાગરુપે નવું સંસદ ભવન બનાવવામાં આવ્યું છે. કોરોના કાળમાં પણ તેનું બાધકામ અટક્યું નહોતુ અને ગણતરીના સમયમાં તેને તૈયાર કરીને સરકાર સોંપવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ 28મેના રોજ સવારે 12 વાગે વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીમંડલના સભ્યો, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, ભાજપના અને સાથી પક્ષોના સંસદ સભ્યો તથા લોકાર્પણના મુદ્દે સરકારની સાથે રહેલા વિરોધ પક્ષના પ્રતિનિધિઓ હાજર રહેશે. સમગ્ર કાર્યક્રમ એતિહાસિક અને અલગ ભાત ધરાવનાર બની રહે તે માટેના તમામ પ્રયાસો થયા છે. ઉદ્ઘાટન પૂર્વે ટીવી-મીડિયા માર્ફતે 1.28 સેકંડનો વીડિયો જાહેર કરીને વડાપ્રધાન મોદીએ તેની વિશેષતાઓ દર્શાવી હતી.નવા સંસદ ભવનનું 28મેના રોજ વડાપ્રધાન મોદીના હસ્તે ઉદઘાટન થવા જઈ રહ્યું છે. આ મામલે પહેલાથી જ રાજકારણ ગરમાયું છે ત્યારે આ દરમિયાન એક મહત્ત્વના સમાચાર આવ્યા છે. માહિતી અનુસાર દિલ્હી પોલીસને ઈનપુટ મળ્યું છે કે નવા સંસદ ભવનની બહાર દીવાલો પર સરકાર વિરોધી અને પીએમ વિરોધી સૂત્રો લખવામાં આવી શકે છે. જેને ધ્યાનમાં રાખીને સુરક્ષા બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે.

દિલ્હી પોલીસના સૂત્રોએ જણાવ્યું કે નવા સંસદ ભવનની આજુબાજુ દિલ્હી પોલીસના સ્ટાફમાં વધારો કરી દેવાયો છે. આશરે 70થી વધુ પોલીસ જવાનોનો ખડકલો સર્જી દેવાયો છે. સાથે જ એસીપી રેન્કના અધિકારીઓ મોનિટરિંગ કરી રહ્યા છે. સીસીટીવી કેમેરાની પણ મદદ લેવામાં આવી રહી છે.

**સંસદ ભવનના આધુનિક ફર્નિચરની વિશેષતા...**

સંસદ ભવન માટેનું ફર્નિચર મુંબઈથી લાવવામાં આવ્યું છે. લાલ લાખા જેસલમેરના લાખાથી આવ્યા છે. તેવી જ રીતે રાજસ્થાનના અંબાજીથી સફેદ માર્બલની આયાત કરવામાં આવ્યા છે. કેસરી લીલા પથ્થર ઉદયપુરથી લાવવામાં આવ્યા છે. પથ્થરની કોતરણીનું કામ આબુ રોડ અને ઉદયપુરથી કરવામાં આવ્યું છે જ્યારે પથ્થર રાજસ્થાનના કોટપુતલીમાંથી લવાયા છે. એમ-સેન્ડ હરિયાણાના ચક્રી દાદરીમાંથી લવાઈ છે જ્યારે ફ્લાય એશની ઇંટો એનસીઆર, હરિયાણા અને યુપીમાંથી મેળવવામાં આવી હતી. ગુજરાતમાં અમદાવાદમાંથી બ્રાસ વર્ક અને પ્રી-કાસ્ટ ટ્રેન્ચનું કામ કરવામાં આવ્યું છે, જ્યારે દમણ-દીવમાંથી લોકસભા અને રાજ્યસભાની ફોલ્સ સીલિંગ કરવામાં આવી છે.

### USમાં દિવાળી...

અમેરિકામાં દિવાળી 12મી ફેડરલ રજા બની જશે.

મીડિયા સાથે વાત કરતા સંસદસભ્ય ગ્રેસ મેંગે જણાવ્યું હતું કે દિવાળી વિશ્વભરના અબજો લોકોની સાથે અમેરિકામાં પણ અસંખ્ય પરિવારો અને સમુદાયો માટે વર્ષના સૌથી મહત્વપૂર્ણ દિવસોમાંનો એક છે. તેમણે કહ્યું કે દિવાળીની ફેડરલ રજા પરિવારો અને મિત્રોને સાથે મળીને તહેવારની ઉજવણી કરવાની મંજૂરી આપશે. આ દિવસે રજા એ સાબિત કરશે કે સરકાર રાષ્ટ્રની વિવિધ સાંસ્કૃતિક તકોને મહત્વ આપે છે.

### કર્ણાટકઃ સિદ્ધારમૈયા..

પાટીલ, કૃષ્ણા બાયરેગૌડા, એન ચેલુવરાયસ્વામી, કે વેંકટેશ, ડૉ. એચસી મહાદેવપ્પા, પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ ઈશ્વર ખંડ્રે અને પૂર્વ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ દિનેશ ગુંડુ રાવ આજે મંત્રી તરીકે શપથ લેનારા ધારાસભ્યોમાં સામેલ છે.

કોંગ્રેસ દ્વારા બનાવવામાં આવેલા મંત્રીઓમાં છ લિંગાયત અને ચાર વોક્કાલિગા ધારાસભ્યો છે. તે જ સમયે, અનુસૂચિત જાતિ, બે અનુસૂચિત જનજાતિ અને પાંચ અન્ય પછાત વર્ગના ત્રણ ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવ્યા છે. કર્ણાટક કેબિનેટમાં દિનેશ ગુંડુ રાવના રૂપમાં બ્રાહ્મણોને પણ પ્રતિનિધિત્વ મળ્યું છે. જૂના મૈસૂર અને કલ્યાણ કર્ણાટક પ્રદેશમાંથી સાત-સાત ધારાસભ્યો, કિત્તુર કર્ણાટક પ્રદેશમાંથી છ અને મધ્ય કર્ણાટકના બે ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા હતા. શુક્રવારે રાત્રે જારી કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ વરિષ્ઠ અને જુનિયર ધારાસભ્યોને યોગ્ય સન્માન આપીને તેમજ જાતિ અને પ્રાદેશિક સમીકરણોનું ધ્યાન રાખીને કેબિનેટમાં સંતુલન જાળવી રાખ્યું છે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કેબિનેટમાં આઠ લિંગાયતો હશે. આમાં, સમુદાયના વિવિધ પેટા સંપ્રદાયોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.

### ભારતને નાટો...

યુનાઈટેડ સ્ટેટ્સ અને ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) વચ્ચે વ્યૂહાત્મક સ્પર્ધા અંગેની હાઉસ સિલેક્ટ કમિટી, અધ્યક્ષ માઈક ગેલાઘર અને રેન્કિંગ સભ્ય રાજા કૃષ્ણમૂર્તિની આગેવાની હેઠળ, તાઈવાનની ક્ષમતાને વધારવાનો પ્રયાસ કરે છે, જેમાં ભારતનો સમાવેશ કરીને, નાટોને મજબૂત કરવા વત્તા એક નીતિ પ્રસ્તાવ હતો. માટે આગળ મૂકો હાઉસ સિલેક્ટ કમિટીએ ભલામણ કરી છે કે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી સાથે વ્યૂહાત્મક સ્પર્ધા જીતવા અને તાઈવાનની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યુ.એસ.ને ભારત સાથે સંબંધો મજબૂત કરવાની જરૂર છે.

### અનુસંધાન પેજ 10 પરથી...

### 'પીએમ મટીરિયલ'...

અજય માકને કેજરીવાસને મુદ્દા આધારિત ટેકો આપતાં યાદ પણ અપાવ્યું કે,

અજય માકન કે , જેમની પાર્ટી કોંગ્રેસ અત્યાર સુધી આ બાબતે આમ આદમી પાર્ટીને સમર્થન આપવાને લઈને બે મત ધરાવે છે, તેમણે ધ્યાન દોર્યું કે કેવી રીતે કેજરીવાલ એવા રાજ્યોમાં ભાજપને ટેકો આપી રહ્યા છે જ્યાં કોંગ્રેસ મુખ્ય વિપક્ષ છે.....

કેજરીવાલ કોંગ્રેસ પાર્ટીનું સમર્થન માંગે છે. જો કે, તેમની ભૂતકાળની રાજકીય કામગીરી કેટલાક પ્રશ્નો ઉભા કરે છે. કેજરીવાલે પાર્ટીએ બીજેપી સાથે મળીને એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં કેન્દ્ર સરકારને કેજરીવાલે એ વખતે એમ કહ્યું કે રાજીવ ગાંધી પાસેથી ભારત રત્ન પુરસ્કાર પરત લઈ લેવુ જોઈએ...

તદુપરાંત, કેજરીવાલે જમ્મુ અને કાશ્મીર માટે કલમ 370 રદ કરવાના મોદી સરકારના નિર્ણયના મુદ્દે સંસદની અંદર અને બહાર ભાજપને ખુલ્લેઆમ સમર્થન આપ્યું હતું.

ગુજરાત, ગોવા, હિમાચલ, આસામ, ઉત્તરાખંડમાં ભાજપ માટે કેજરીવાલનું સમર્થન અને તાજેતરની કર્ણાટકની ચૂંટણીઓમાં, જ્યાં તેમણે કોંગ્રેસ પાર્ટી સામે ઉમેદવારો ઉભા રાખ્યા હતા, તે પણ પ્રશ્ન ઉભો કરે છે - શા માટે કેજરીવાલની પાર્ટી માત્ર એવા રાજ્યોમાં જાય છે કે કે જ્યાં કોંગ્રેસ મુખ્ય વિરોધ અથવા શાસક પક્ષ છે? ?" એવો સવાલ પણ તેમણે કર્યો હતો..

જો દિલ્હીના અગાઉના તમામ મુખ્ય પ્રધાનો તેમની ભૂમિકા કોઈ ફરિયાદ વગર નિભાવી શકતા હતા, તો કેજરીવાલ હવે શા માટે અરાજકતા ફેલાવી રહ્યા છે? શું આ માત્ર રાજકીય મુદ્દા છે? કમનસીબે, આ અશાંતિનો ભોગ દિલ્હી જ છે. આ અશાંતિમાં સૌથી વધુ નુકસાન દિલ્હીને થયું છે.

---

**ચારણ કન્યા જેવી ઘટના સામે આવી**

## જયારે દાદીને બચાવવા માટે દીપડાનો હિંમતપૂર્વક સામનો કર્યો 10 વર્ષીય હિરલે

**વન વિભાગના અધિકારીઓએ પણ કર્યા બાળકીની હિંમતના વખાણ**

ગુજરાત | વંદન

રાજ્યના દાહોદના લીમખેડામાં 10 વર્ષની છોકરી હિરલ ચૌહાણ પોતાના ચંપા નામના દાદીને બચાવવા માટે દીપડાની સામે થઇ ગઇ હોવાની ઘટના સામે આવી છે. ચારણ કન્યા જેવી ઘટના સામે આવતા 10 વર્ષની છોકરી ચર્ચામાં છવાઇ ગઈ છે. વન વિભાગના અધિકારીઓએ પણ આ બાળકીની હિંમતના વખાણ કર્યા હતા.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, મંગળવારે રાતના સમયે લીમખેડા તાલુકાના પાડા ગામે મીઠી નિંદ્રા માણી રહેલા 60 વર્ષીય મહિલા પર દીપડાએ



હુમલો કર્યો હતો. દીપડાએ દાદીને પકડતા તેમણે બૂમાબૂમ કરી હતી. જેથી તેમની બાજુમાં સુતેલી 10 વર્ષની દીકરી હિરલ અર્જુનભાઈ ચૌહાણની નિંદ્રા ખુલતા તેને પોતાની દાદીનો જીવ બચાવવા ઘણી જ મહેનત કરી હતી. પાંચમા ધોરણમાં ભણતી હિરલે પોતાની દાદીને એક તરફથી પકડી રાખીને પોતાની બહાદુરીથી દાદીનો જીવ બચાવ્યો હતો.

વન વિભાગના અધિકારીએ જણાવ્યુ હતુ કે, 'આ માનવભક્ષી દીપડાને પકડવા માટે વન વિભાગના અધિકારીઓ પાડા ગામ અને તેની આસપાસના વિસ્તારમાં પાંજરા મૂક્યા છે. લિમખેડામાં આવો બીજો કિસ્સો સામે આવ્યો છે. 21 મેની વહેલી સવારે દીપડાએ ફુલપુર ગામમાં ઘરમાં નિંદ્રાધીન બે છોકરીઓ પર હુમલો કર્યો હતો. છોકરીઓના પિતાને દીપડાની સામે બાથ ભરીને દીકરીઓને બચાવી હતી. 'આ એ જ દીપડો છે કે જેણે ચંપા નામના દાદી પર પણ હુમલો કર્યો હતો કે કેમ તે અંગે અમને કોઈ ખાતરી નથી.'

### અનુસંધાન પેજ 12 પરથી...

### અમદાવાદમાં યુવતીને...

ઝડપાયેલ આરોપી છોટુરામ શાના મિત્ર મિલન ઠાકોર અને રીન્કુ ગોહિલે પણ બળાત્કાર ગુજારતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

### રાજકોટ સિવિલમાં...

અને ભગવા રંગને જ્ઞાતિ-જાતિ, ધર્મ કે સંપ્રદાય સાથે ન જોડવાની પણ વાત કરી. તો સમગ્ર મામલો ધ્યાન પર આવતા હોસ્પિટલ તંત્રએ પોતાની ભૂલ છૂપાવવા પ્રયાસ કર્યો અને ભગવા રંગે રંગાયેલા સ્ટ્રેચરને ફરીવાર સફેદ રંગે રંગી દેવામાં આવ્યા.

### ડમી કાંડ-2...

લેબના ઈનચાર્જ હતા, 2 સલીમ નિઝામુદ્દીન ઢાપાએ જેના પર 30 ઉમેદવારોને પાસ કરાવી 3 કરોડ પડાવ્યાનો આરોપ છે. એજન્ટ મનોજ મંગળ મકવાણાએ 4 ઉમેદવારોને પાસ કરાવી 40 લાખ પડાવ્યાનો આરોપ છે. નિકુંજ કુબેર પરમારએ 4 ઉમેદવારોને પાસ કરાવી 40 લાખ મેળવ્યા હતા.

ઉલ્લેખનિય છે કે આ પહેલા પણ 2019માં રાજસ્થાન બીટસ પીલાની કોલેજમાં વિદ્યાર્થીઓના ગેરકાયદે એડમિશનના ગુનામાં નિશીકાંત સિન્હાની સીબીઆઈ દ્વારા ધરપકડ કરી તિહાડ જેલ મોકલાયો હતો.

---

## અમીરગઢના જૈન મંદિરમાં ભગવાનના ઘરેણાની ચોરી, CCTVમાં કેદ થયા ચોર

**1,70,000ની ચોરીનો ગુનો નોંધી પોલીસે તપાસ આરંભી**

ગુજરાત | વંદન

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢમાં આવેલા જૈન દેરાસરમાં ભગવાનના ઘરેણાની ચોરીની ઘટના સામે છે. મોડી રાત્રે કેટલાક ઈસમો દેરાસરમાં પ્રવેશી મંદિરમાં મૂર્તિઓને પહેરાવેલા ઘરેણાંની ચોરી કરી ત્યાંથી ફરાર થઇ ગયા હતા. ચોરી આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. દુકાનો અને ઘર બાદ હવે તસ્કરો મંદિરોમાં ભગવાનને પણ નિશાન બનાવી રહ્યા છે.

ઘટના અંગે સ્થાનિકોએ પોલીસને જાણ કરતા અમીરગઢ પોલીસ તત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી હતી અને સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

અમીરગઢમાં અગાઉ પણ ચોરી થયાની અનેક ઘટનાઓ બની છે. ત્યારે



હવે મંદિરમાં ભગવાનના ઘરેણાની ચોરી થઈ છે. ગઈકાલે રાત્રેના અંધારાનો લાભ લઈ તસ્કરોએ અમીરગઢના જૈન દેરાસરને નિશાન બનાવ્યું હતું. ત્રણેક વાગ્યાના સુમારે દેરાસરના ભગવાનના ઘરેણાંની ચોરી કરી ગયા હતા. ચોર સીસીટીવી કેમેરામાં ચોરી કરતા કેદ થયા છે. જૈન દેરાસરમાં કુલ 1,70,000 ની ચોરીનો ગુનો નોંધી પોલીસે તપાસ આરંભી છે.

# દેશની જીડીપી 2022માં 3.5 ટ્રિલિયન ડૉલરને પાર : મૂડીઝ

■ ભારત થોડાં વર્ષોમાં G20માં સૌથી ઝડપથી વિકસતો દેશ બનશે

ગુજરાત | વંદન

ભારતની જીડીપી ૨૦૨૨માં ૩.૫ ટ્રિલિયન ડૉલરને વટાવી ગઈ છે અને આગામી થોડાં વર્ષોમાં એ સૌથી ઝડપથી વિકસતું G20 અર્થતંત્ર હશે, પરંતુ સુધારા અને નીતિ અવરોધો રોકાણને અવરોધી શકે છે, એમ મૂડીઝે જણાવ્યું હતું.એક સંશોધન અહેવાલમાં અમેરિકાસ્થિત રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે અમલદારશાહી લાઈસન્સ મેળવવા અને વ્યવસાય સ્થાપવા માટે મંજૂરી પ્રક્રિયાઓને ધીમી થઈ શકે છે, જે પ્રોજેક્ટને લંબાવી શકે છે.મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે જણાવ્યું હતું કે 'નિર્ણય લેવામાં ભારતની ઉચ્ચ અમલદારશાહી વિદેશી પ્રત્યક્ષ રોકાણ (એફડીઆઈ) માટેના ગંતવ્ય સ્થાન તરીકેનું આકર્ષણ ઘટાડશે.

ખાસ કરીને જ્યારે ઇન્ડોનેશિયા અને વિયેતનામ જેવા ક્ષેત્રનાં અન્ય વિકાસશીલ અર્થતંત્રો સાથે સ્પર્ધા




કરતી વખતે ભારતને અસર થશે. એમાં કહેવામાં આવ્યું છે કે મોટી યુવા અને શિક્ષિત વર્કફોર્સ અને શહેરીકરણ હા ઉસિંગ, સિમેન્ટ અને નવી કારની માગમાં વધારો કરશે. સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ સ્ટીલ અને સિમેન્ટને પ્રોત્સાહન આપશે, જ્યારે ભારતની ચોખ્ખી-શૂન્ય પ્રતિબદ્ધતા રિન્યુએબલ એનર્જીમાં રોકાણને આગળ વધારશે. જ્યારે સમગ્ર મૅન્યુફૅક્ચરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં માગ બાકીના દાયકામાં વાર્ષિક ૩થી ૧૩ ટકા વધશે ત્યારે ભારતની ક્ષમતા હજી પણ ૨૦૩૦ સુધીમાં ચીન કરતાં સારી રીતે પાછળ રહેશે, એમ મૂડીઝે જણાવ્યું હતું. એમાં કહેવામાં આવ્યું છે કે અર્થતંત્રની મજબૂત સંભાવના હોવા છતાં મર્યાદિત આર્થિક ઉદારીકરણ અથવા ધીમી નીતિ અમલીકરણને કારણે ભારતનાં ઉત્પાદન અને માળખાકીય ક્ષેત્રોમાં રોકાણની ગતિ ધીમી પડી શકે એવું જોખમ છે.

## 1 જૂનથી તમારા ખિસ્સા પર પડશે બોજો

# ઈલેક્ટ્રીક સ્કુટર્સ અને મોટરસાઈકલ પર મળતી સબસિડીમાં થશે ઘટાડો



ગુજરાત | વંદન

દેશમાં ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરની કિંમતમાં 1 જૂન-2023થી 20 હજારથી 38 હજાર રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર પર મળતી સબસિડી 1 જૂનથી ઘટાડવાની તૈયારીઓ કરી રહી છે. જેના કારણે કંપનીઓ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરની કિંમતમાં વધારો કરી શકે છે. કેન્દ્ર સરકાર પહેલી જૂનથી પ્રતિ કિલોવોટ સબસિડી રૂ.15 હજારથી ઘટાડીને રૂ.10 હજાર પ્રતિ કિલોવોટ કરશે, જેના કારણે સબસિડીની મહત્તમ મર્યાદા 60 હજારથી ઘટાડીને રૂ.22500 થઈ જશે. આવી સ્થિતિમાં એવું મનાય છે કે 1 જૂનથી દેશમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણ પર અસર પડશે.

સોસાયટી ઓફ મેન્યુફેક્ચરર્સ ઓફ ઈલેક્ટ્રિક વ્હિકલે જણાવ્યું કે, ગત નાણાકીય વર્ષ 2022-23માં દેશમાં 7.80 લાખ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ નોંધાયું હતું. કેન્દ્રના આ નિર્ણય બાદ હવે ચાલુ નાણાકીય વર્ષમાં વધુમાં વધુ 9થી 10 લાખ વાહનોનું જ વેચાણ થશે, કારણ કે અચાનક રૂ.20 હજારથી 38 હજાર વધી જવાના કારણે ખરીદદારો પીછેહઠ કરશે. હાલ દેશમાં વાર્ષિક વેચાતા ટુ-વ્હીલર્સમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો માત્ર પાંચ ટકા છે. હાલમાં દેશમાં ટુ-વ્હીલરનું વાર્ષિક વેચાણ આશરે 1.6 કરોડ છે.

કેન્દ્ર સરકાર આગામી 2-3 વર્ષમાં ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરનો હિસ્સો 30 ટકા સુધી વધારવાના પ્રયાસો કરી રહી છે, પરંતુ હવે સબસિડી ઘટાડ્યા બાદ ગ્રાહકોનો પણ ઈ-વ્હિકલ્સમાં રસ ઘટશે. જો કે ટુ-વ્હીલર્સના ઘણા સંગઠનું માનવું છે કે, કેન્દ્ર સરકારના પ્રયાસોના કારણે જ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ વાર્ષિક 9થી 10 લાખ સુધી પહોંચ્યું છે.

ઉલ્લેખનિય છે કે, સરકારે ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા શરૂ કરાયેલી FAME II યોજનામાં ફેરફાર કરી દીધા છે. આ ફેરફારો 1 જૂનથી અમલમાં આવશે. નવા ફેરફારો હેઠળ ઈલેક્ટ્રિક ટુ વ્હીલર ખરીદવા પર મળતી 40 ટકા સબસિડી ઘટાડી 15 ટકા કરાઈ છે. આ નિર્ણય હેઠળ દરેક kWh બેટરી પર ઉપલબ્ધ 15 હજારની સબસિડી ઘટાડીને 10 હજાર કરી દેવાઈ છે.

## બજારોનાં અંતરંગ

### બજાજ ઇલેક્ટ્રિકલ્સનો Q4 નફો 34 ટકા વધીને રૂ. 52 કરોડ થયો

બજાજ ઈલેક્ટ્રિકલ્સે મંગળવારે જણાવ્યું હતું કે ગયા નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં તેનો ચોખ્ખો નફો 34.08 ટકા વધીને રૂ. 51.85 કરોડ થયો છે. કંપનીએ શેરબજારને જણાવ્યું કે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં તેનો ચોખ્ખો નફો રૂ. 38.67 કરોડ હતો. બજાજ ઈલેક્ટ્રિકલ્સે અહેવાલ આપ્યો છે કે માર્ચ 2022 ક્વાર્ટરમાં તેની ઓપરેટિંગ આવક રૂ. 1,293.26 કરોડથી વધીને રૂ. 1,473.54 કરોડ થઈ છે. આ સમયગાળામાં કુલ ખર્ચ રૂ. 1,442.73 કરોડ રહ્યો, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. 1,299.61 કરોડ હતો. માર્ચ 2023 ક્વાર્ટરમાં બજાજ ઈલેક્ટ્રિકલ્સની કુલ આવક 12.3 ટકા વધીને રૂ. 1,522.11 કરોડ થઈ છે.

### ટોરેન્ટને કર્ણાટકમાં 300 મેગાવોટનો વિન્ડ એનર્જીનો પ્રોજેક્ટ મળ્યો



ટોરેન્ટ પાવર લિમિટેડને કર્ણાટકમાં વિકસાવવામાં આવનાર 300 મેગાવોટ વિન્ડ પાવરનો પ્રોજેક્ટ મળ્યો છે. કંપનીએ સ્પર્ધાત્મક બિડિંગ દ્વારા આ પ્રોજેક્ટ મળ્યો છે અને માર્ચ 2023માં પાવર પરચેઝ એગ્રીમેન્ટ કર્યો છે. આ પ્રોજેક્ટ સુઝલોનને કર્ણાટકની એક સાઈટ પર ટર્નકી ધોરણે આપવામાં આવ્યો છે અને તે માર્ચ 2025 સુધીમાં કાર્યરત થવાનો છે. ટોરેન્ટને તેના વિન્ડ પ્રોજેક્ટ્સ માટે સુઝલોન સાથે કામ કરવાનો અનુભવ છે અને તેણે 144 મીટરના રોટર વ્યાસવાળા તેના નવીનતમ અને વધુ કાર્યક્ષમ 3 મેગાવોટ વિન્ડ ટર્બાઈન જનરેટરના આધારે 300 મેગાવોટના પ્રોજેક્ટ માટે ટેકનિકલી સુઝલોનને પ્રાધાન્ય આપ્યું છે તેમ કંપનીના નિવેદનમાં જણાવાયું છે.આ 300 મેગાવોટના પ્રજેક્ટ સહિત ટોરેન્ટ પાવર પાસે 0.4 ગીગાવોટ રેન્યુએબલ એનર્જીની ઉત્પાદન ક્ષમતા થઇ છે.


### આયાતી કઠોળ એક મહિનાથી વધુ સ્ટૉક ન કરવા કેન્દ્રની તાકીદ

દેશમાં તુવેર અને અડદના વધી રહેલા ભાવને ધ્યાનમાં રાખીને સરકાર સતત કડક પગલાં લઈ રહી છે. કેન્દ્ર સરકારે દેશમાં આયાતી કઠોળને 30 દિવસથી વધુ સ્ટૉક ન કરવા માટે સૂચના આપી છે અને ઍડ્વાઈઝરી જાહેર કરી છે કે આયાતી કઠોળ ભારતમાં આવ્યા બાદ 30 દિવસની અંદર બજારમાં ઠાલવવામાં આવે અને આ ઍડ્વાઈઝરીની અમલવારી કરાવવા માટે રાજ્યોને પણ સૂચના આપી છે. કઠોળના ટ્રેડ સાથે સંકળાયેલા નવી દિલ્હીના અગ્રણી ટ્રેડર સુનીલ બલદેવાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા આયાતી તુવેર અને અડદને 30 દિવસમાં વેચાણ કરવા માટે પહેલાં મૌખિક સૂચના આપી હતી, જેને હવે ઍડ્વાઈઝરી તરીકે સરકારે જાહેરાત કરી છે. જોકે આ વિશે કોઈ કાનૂની આદેશ જાહેર કર્યો નથી. સરકારના ધ્યાનમાં આવ્યું છે કે આશરે પાંચેક લાખ ટન આયાતી કઠોળ પડ્યું છે. વેપારીઓ દ્વારા સ્ટેક ડિક્લેર કરવામાં આવી રહ્યો છે, જેમાં આ જાણકારી સામે આવી હોવાથી સરકારે હવે ઍડ્વાઈઝરી જાહેર કરીને આયાતકારોને 30 દિવસની અંદર તુવેર અને અડદનો સ્ટૉક બજારમાં ઠાલવવા માટે સૂચના આપી છે.

# યુરોપનો ગોપનીય ડેટા US મોકલવા બદલ ફેસબુકને 10 હજાર કરોડનો દંડ ફટકારાયો

## યુરોપિયન યુનિયન દ્વારા વિક્રમી દંડ સામે ફેસબુક-મેટા કંપની અપીલમાં જશે

ગુજરાત | વંદન




ફેસબુકની માલિકી કંપની મેટા પ્લેટફોર્મ ઈન્કને યુરોપિયન યુનિયન (EU) એ તોતિંગ 1.2 અબજ યુરો એટલે કે 1.3 અબજ ડોલરનો વિક્રમી દંડ ફટકાર્યો છે. જો ભારતીય ચલણમાં ગણતરી કરીયે તો લગભગ 10700 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. યુરોપિયન યુનિયનના ગોપનીયતાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આ દંડ કરાયો છે. યુરોપિયન યુનિયને META ઈન્કને આદેશ કર્યો છે કે, તે યુરોપમાં ફેસબુક યુઝર્સનો ડેટા અમેરિકા ન મોકલે. આઈરિશ ડેટા પ્રોડક્શન બોર્ડે કહ્યું છે કે સોશિયલ મીડિયા કંપની તમામ ડેટા ટ્રાન્સ અમેરિકામાં ટ્રાન્સફર મુસાફરી કરે છે. આ પ્રક્રિયામાં યુરોપના ફેસબુક યુઝર્સના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે.

યુરોપિયન યુનિયનના જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR) દ્વારા ફેસબુકની માલિકી કંપની મેટાને કરેલો દંડ એ અત્યાર સુધીની સૌથી મોટી પેનલ્ટી છે. જીડીપીઆરએ કહ્યું છે કે આ દંડ માત્ર ફેસબુક પર જ લાગુ થશે. મેટાની અન્ય કંપનીઓ જેમ કે ઈન્સ્ટાગ્રામ વગેરે તેના દાયરામાં આવશે નહીં. બોર્ડે મેટાને દંડ ભરવા માટે પાંચ મહિનાનો સમય આપ્યો છે. બીજી તરફ, કંપનીએ કહ્યું છે કે તે દંડ સામે અપીલ કરશે.

આઈરિશ ડેટા પ્રોટેક્શન બોર્ડે કહ્યું છે કે મેટાએ જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR)ની કલમ 46(1)નું ઉલ્લંઘન કર્યું છે. આ નિયમ અનુસાર, કોઈ કંપનીને સરહદ પાર ડેટા ટ્રાન્સફર કરવાની ત્યારે જ મંજૂરી આપવામાં આવે છે જો તે તેની સુરક્ષા સુનિશ્ચિત કરે. આ જોગવાઈમાં જણાવાયુ છે કે, કોઈપણ કન્ટ્રોલર અથવા પ્રોસેસર પર્સનલ ડેટાને થર્ડ પક્ષ અથવા અન્ય દેશમાં ટ્રાન્સફર કરી શકે છે જો પર્યાપ્ત સુરક્ષા અને ગોપનીયતાના પગલાં લેવામાં આવે અને જરૂરી કાયદાકીય પગલાં લેવામાં આવ્યા હોય. આઈરિશ ડેટા પ્રોટેક્શન બોર્ડે કહ્યું કે, મેટા ઈન્ક કંપનીએ સ્ટાન્ડર્ડ કન્ટ્રાક્ચ્યુઅલ પ્રોસેસ હેઠળ ડેટા અમેરિકામાં ટ્રાન્સફર કર્યા છે, પરંતુ આ નિયમ હેઠળ યુરોપિયન ડેટાને અમેરિકા મોકલવા માટે પુરતા પ્રમાણમાં ગોપનિયતા - સુરક્ષાની ખાતરી કરવામાં આવી નથી.

METAએ કહ્યુ કે, તે આ અયોગ્ય અને બિનજરૂરી દંડની વિરુદ્ધ અદાલતમાં અપીલ કરશે.

## સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાના અભ્યાસનું એક તારણ

# 2000ની નોટ પાછી ખેંચવાથી ડિપોઝિટ અને વ્યાજદરો પર પૉઝિટિવ અસર થશે

ગુજરાત | વંદન



દેશની સૌથી મોટી સરકારી બૅન્ક એસબીઆઈના અભ્યાસમાં જણાવાયું છે કે ૨,૦૦૦ રૂપિયાની ચલણી નોટ પાછી ખેંચવી એ બિન-ઈવેન્ટ હોવાની શક્યતા છે, પરંતુ એની તરલતા, બૅન્ક ડિપોઝિટ અને વ્યાજદરો પર સાનુકૂળ અસર પડશે. ૨,૦૦૦ રૂપિયાની ચલણી નોટો બદલવાની ૧૩૧-દિવસીય વિન્ડો મંગળવારે નાની કતારોની મિશ્ર સ્થિતિ સાથે શરૂઆત થઈ હતી અને કેટલીક બૅન્કોમાં પૅન અથવા આધાર જેવા અધિકૃત રીતે માન્ય ઓળખ કાર્ડ અને સત્તાવાર ફૉર્મની જરૂરિયાત વિશે મૂંઝવણ હતી. એસબીઆઈનો સંશોધન અહેવાલ 'ઈકોરેપ' અપેક્ષા રાખે છે કે ૨,૦૦૦ રૂપિયાની નોટમાં ૩.૬ લાખ કરોડ રૂપિયાની લગભગ આખી રકમ બૅન્કિંગ સિસ્ટમમાં પાછી આવશે.

# દુનિયાની ટોપ-50 મોસ્ટ ઈનોવેટિવ કંપનીની યાદીમાં ટાટા ગ્રૂપે મેળવ્યું સ્થાન

ગુજરાત | વંદન




ટાટા ગ્રૂપના નામ સાથે એક મોટી ઉપલબ્ધિ જોડાઈ ગઈ છે. તેને વિશ્વની ટોપ-50 મોસ્ટ ઈનોવેટિવ કંપનીઓની યાદીમાં સામેલ કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે આ યાદીમાં તે એકમાત્ર ભારતીય કંપની છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપ દ્વારા 2023ની મોસ્ટ ઈનોવેટિવ કંપનીઓની યાદી બુધવારે બહાર પાડવામાં આવી હતી. તેમાં ટાટા ગ્રૂપ 20મા સ્થાને રહ્યું છે. આ યાદી દર વર્ષે બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ દ્વારા બહાર પાડવામાં આવે છે. તેમાં વિશ્વભરની કંપનીઓનું પ્રદર્શન, તેમની ક્ષમતા અને ઈનોવેશન સહિત અન્ય ઘણા પરિમાણો અંગે નિરીક્ષણ કરવામાં આવે છે અને તેના આધારે તેમને યાદીમાં સ્થાન આપવામાં આવે છે. દેશના સૌથી મોટા ઔદ્યોગિક ગૃહોમાંના એક ટાટા ગ્રુપે આ તમામ માપદંડો પર સારો દેખાવ કરીને આ સ્થાન હાંસલ કર્યું છે. આઈફોન નિર્માતા અમેરિકન કંપની Apple ટોપ-50 મોસ્ટ ઈનોવેટિવ કંપનીઓની યાદીમાં નંબર વન પર આવી છે. જ્યારે બીજા ક્રમે વિશ્વના બીજા સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્કની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાને સ્થાન આપવામાં આવ્યું છે. આ યાદીમાં ત્રીજા નંબર પર ઈ-કોમર્સ કંપની એમેઝોન (Amazon) છે જેની આગેવાની જેફ બેઝોસ કરે છે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષની શરૂઆતમાં જાહેર કરવામાં આવેલી યાદીમાં ટેસ્લા ત્રીજા નંબરે હતી.

## હજુ હજારો પર છટણીની તલવાર લટકી રહી છે

# મુકેશ અંબાણીની કંપનીમાં મોટી છટણી, 1000ની નોકરી ગઈ




ગુજરાત | વંદન


મુકેશ અંબાણીના નેતૃત્વવાળી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ઓનલાઈન હોલસેલ ફોર્મેટ JioMart માં મોટી છટણી થઈ છે. અહેવાલ છે કે કંપનીએ એક હજારથી વધુ કર્મચારીઓને કાઢી મૂક્યા છે. તાજેતરમાં JioMart એ ભારતમાં કામગીરી માટે મેટ્રો કેશ એન્ડ કેરી (Metro Cash and Carry) બિઝનેસ હસ્તગત કર્યો છે. કંપની દ્વારા તેની ડીલ બાદ છટણીનો નિર્ણય લેવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, આવનારા દિવસોમાં કંપની મોટા પાયે છટણી કરવાની યોજના બનાવી રહી છે, જેના કારણે હજારો કર્મચારીઓ તેમની નોકરી ગુમાવી શકે છે.

JioMartમાં છટણીની આ માત્ર શરૂઆત છે. આવનારા સમયમાં, JioMart તેના 15,000 વર્કફોર્સમાંથી ત્રીજા ભાગની છટણી કરવાનું આયોજન કરી રહી છે. એક રિપોર્ટ અનુસાર, JioMart એ છેલ્લા કેટલાક દિવસોમાં તેની કોર્પોરેટ ઓફિસના 500 એક્ઝિક્યુટિવ્સ સહિત 1,000 લોકોને રાજીનામું આપવા માટે કહ્યું છે. વ્યક્તિએ કહ્યું કે JioMart પરફોર્મન્સ ઈમ્પ્રૂવમેન્ટ પ્લાન (PIP) હેઠળ સેંકડો કર્મચારીઓની છટણી કરવાની યોજના બનાવી રહી છે.

## CIIના અધિવેશનમાં RBIના ગવર્નરની ધારણાં

# ફુગાવો હવે 4.7%ના દર કરતાં પણ નીચે આવશે : રિઝર્વ બૅન્ક

ગુજરાત | વંદન



RBI ગવર્નર શક્તિકાંત દાસે નાણાકીય વર્ષ 2022-23માં દેશના આર્થિક વિકાસના દર અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ 2022-23માં દેશનો આર્થિક વિકાસ દર 7%થી વધુ રહેવાની ભરપૂર શક્યતા છે. CII (ઉદ્યોગ સંઘ કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી) ના વાર્ષિક અધિવેશનમાં આરબીઆઈ ગવર્નરે ઉદ્યોગ જગતને સાવચેત કર્યું કે મોંઘવારીના મોરચે હજુ ખતરો ટળ્યો નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કેન્દ્રીય બેન્ક વાસ્તવિક સ્થિતિને ધ્યાનમાં રાખીને જ રેપો રેટ નક્કી કરે છે. CIIના વાર્ષિક અધિવેશનમાં RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાણાકીય વર્ષ 2022-23 માટે જીડીપી ગ્રોથ 7% હોઈ શકે છે. એવી પણ શક્યતા છે કે તે તેનાથી આગળ વધી શકે છે. તેમાં આશ્ચર્ય નહીં હોય જો ગત વર્ષનો જીડીપી વિકાસ દર 7%થી થોડોક વધી જાય. શક્તિકાંત દાસ અનુસાર 2023-24 દરમિયાન આર્થિક વિકાસ દર 6.5% રહેવાની આશા છે.

## સીમલેસ વ્હીકલ મુવમેન્ટ માટે નવતર સુવિધા

# અમદાવાદ એરપોર્ટ પર પાર્કિંગ માટે 'FASTag કાર પાર્ક' લોન્ચ

ગુજરાત | વંદન




અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાર્કિંગ સુવિધાને બહેતર બનાવવા માટે ફાસ્ટેગ કાર પાર્કિંગ લોન્ચ કર્યુ છે. 23 મેથી શરૂ કરાયેલી આ નવતર સુવિધાનો લાભ એરપોર્ટ પર મુસાફરી કરતા લોકો સરળતાથી લઈ શકશે. પરિવારજનોને પીક-અપ કે ડ્રોપ કરવા આવતા લોકો ટર્મીનલ-2 પર આ સુવિધાનો ઉપયોગ કરી શકશે. ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમ FASTag દ્વારા SVPIA ની શ્રેષ્ઠત્તમ તકનીકોમાં વધુ એકનો ઉમેરો થયો છે. જેનાથી મુસાફરોની સગવડોમાં વધારાની સાથે તેમને ઉત્કૃષ્ટ અનુભવ પણ મળશે. SVPIA શરૂઆતથી જ ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતું રહ્યું છે. FASTag શરૂ થતાં પાર્કિંગમાં વાહનોની ગતિવિધીઓ ઝડપથી થશે જેના કારણે સમય અને ઈંધણની બચત થશે. FASTagનો મહત્વનો ફાયદો એ છે કે તેમાં રોકડ વ્યવહારોની જરૂરિયાત રહેતી નથી.

હવે મુસાફરોને એરપોર્ટ પર પાર્કિંગની રસીદ માટે અથવા પ્રવેશ કે બહાર નીકળતી વખતે રોકડ/ક્રેડિટ ચૂકવણી કરવા રાહ જોવી કે માનવીય હસ્તક્ષેપ રહેશે નહીં. તેથી એકંદરે પાર્કિંગ અનુભવને સીમલેસ બનાવે છે.વળી નિર્ધારીત FASTag લેનમાં પ્રવેશતા મુસાફરોએ બહાર નીકળવા માટે પણ એ જ લેનમાંથી પસાર થવું આવશ્યક છે.

# નાણાંકીય વર્ષ 2022-23માં બેંક ઓફ બરોડાના નફામાં બમણો વધારો

■ 31 માર્ચ, 2023ના પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા, નાણાકીય વર્ષ માટે નાણાકીય પરિણામોની જાહેરાત

ગુજરાત | વંદન




બેંક ઓફ બરોડા (BOB)એ નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળા માટે સ્વતંત્ર ધોરણે ચોખ્ખો નફો રૂ. 4,775 કરોડ કર્યો, જે નાણાકીય વર્ષ 2021-22ના ચોથા ત્રિમાસિક ગાળા માટે રૂ. 1,779 કરોડ હતો. તેમાં વાર્ષિક ધોરણે 94 ટકાનો વધારો થયો અને નાણાકીય વર્ષ 2022-23 માટે રૂ. 14,110 કરોડ થયો. બેંક ઓફ બરોડા (BOB) એ નાણાકીય વર્ષ 2022-23 માટે નફામાં 2 ગણી વૃદ્ધિ કરી તથા એને અત્યાર સુધીના કોઈ પણ ત્રિમાસિક ગાળાનો સૌથી વધુ નફો જાહેર કર્યો તથા વાર્ષિક ચોખ્ખો નફો અનુક્રમે રૂ. 4,775 કરોડ (વાર્ષિક ધોરણે 168 ટકાની વૃદ્ધિ) અને રૂ. 14,110 કરોડ (વાર્ષિક ધોરણે 94 ટકાની વૃદ્ધિ) રહ્યું છે.

નફાકારક ક્ષમતામાં આ મહત્વપૂર્ણ વધારાના પરિણામે નાણાકીય વર્ષ 2022-23 માટે બેંકનું એસેટ પર વળતર (આરઓએ) વાર્ષિક ધોરણે 43 બીપીએસ વધીને 1.03 ટકા, નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળા માટે આરઓએ વાર્ષિક ધોરણે 77 બીપીએસ વધીને 1.34 ટકા થયું. એ જ રીતે નાણાકીય વર્ષ 2022-23 માટે બેંકનું ઈક્વિટી પર વળતર (આરઓઈ) વાર્ષિક ધોરણે 648 બીપીએસ વધીને 18.34 ટકા, નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળા માટે આરઓઈ વાર્ષિક ધોરણે 1321 બીપીએસ વધીને 24.82 ટકા રહ્યું છે.

નફાકારક ક્ષમતામાં આ ઊંચી વૃદ્ધિને નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળા અને નાણાકીય વર્ષ 2022-23 માટે વ્યાજની ચોખ્ખી આવક (એનઆઈઆઈ)માં અનુક્રમે 33.8 ટકા અને 26.8 ટકાની વૃદ્ધિનો ટેકો મળ્યો હતો.

એનઆઈઆઈની સતત વૃદ્ધિમાં એડવાન્સ કે ધિરાણમાં 18.5 ટકા (વાર્ષિક ધોરણે) ની વૃદ્ધિ અને વ્યાજની ચોખ્ખી આવક (એનઆઈએમ)માં વૃદ્ધિ જવાબદાર, જે ત્રિમાસિક ધોરણે 16 બીપીએસ/વાર્ષિક ધોરણે 45 બીપીએસની વૃદ્ધિ સાથે ત્રિમાસિક ગાળાને અંતે 3.53 ટકા અને સંપૂર્ણ નાણાકીય વર્ષ 2022-2023 માટે વાર્ષિક ધોરણે 28 બીપીએસનો વધારો થયો. કાર્યકારી ખર્ચમાં ઓછી વૃદ્ધિ સાથે આવકમાં ઊંચી વૃદ્ધિને પગલે કાર્યકારી નફો નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે 43.3 ટકાની અને નાણાકીય વર્ષ 2022-23 માટે વાર્ષિક ધોરણે 20 ટકાની વૃદ્ધિ થઈ.

બેંક નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળામાં આવકમાં ખર્ચનો રેશિયો 152 બીપીએસ ઘટાડવામાં સક્ષમ રહી અને નાણાકીય વર્ષ 2022-23 માટે આવકમાં ખર્ચનો રેશિયો 47.72 ટકા રહ્યો. બેંક ઓફ બરોડા (BOB)એ જીએનપીએમાં વાર્ષિક ધોરણે 282 બીપીએસ અને ત્રિમાસિક ધોરણે 74 બીપીએસના તીવ્ર ઘટાડા સાથે 3.79 ટકા પર અસ્કયામતની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કર્યો. બેંકની એનએનપીએ વાર્ષિક ધોરણે 83 બીપીએસ અને ત્રિમાસિક ધોરણે 10 બીપીએસ ઘટીને 0.89 ટકા થઈ. બેંકનો પ્રોવિઝન કવરેજ રેશિયો (પીસીઆર) TWO સાથે 92.43 ટકા અને TWO વિના 77.19 ટકા હતો. અસ્કયામતની ગુણવત્તામાં આ ઊંચા અને સતત સુધારાથી નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળામાં ધિરાણના રેકોર્ડ નીચા ખર્ચ 0.14 ટકા અને નાણાકીય વર્ષ 2022-23 માટે 0.53 ટકા તરફ દોરી ગયો છે.

નાણાકીય વર્ષ 2022-23ના ચોથા ત્રિમાસિક ગાળામાં બેંક ઓફ બરોડા (BOB)નું વૈશ્વિક ધિરાણ વાર્ષિક ધોરણે 18.5 ટકા વધ્યું, જે માટે રિટેલ લોન બુકમાં વૃદ્ધિ જવાબદાર હતી. બેંકનું ઓર્ગેનિક રિટેલ ધિરાણ 26.8 ટકા વધ્યું, જે માટે ઊંચા કેન્દ્રિત ક્ષેત્રોમાં વૃદ્ધિ જવાબદાર હતી, જેમ કે ઓટો લોન (24.4 ટકા), હોમ લોન (19.5 ટકા), પર્સનલ લોન (101.5 ટકા), મોર્ગેજ લોન (18.0 ટકા), એજ્યુકેશન લોન (21.8 ટકા). 31 માર્ચ, 2023ના રોજ બેંકનો કુલ વ્યવસાય વાર્ષિક ધોરણે 16.6 ટકા વધીને રૂ. 21,73,236 કરોડ થયો. બેંકના બોર્ડે શેરદીઠ રૂ. 5.5ના ડિવિડન્ડ (લાભાંશ)ની જાહેરાત કરવાની ભલામણ કરી, જે પર્યાપ્ત મંજૂરીને આધિન છે

## વિદેશી રોકાણ 16% ઘટ્યું

# FDIના ચિંતાજનક આંકડા, 10 વર્ષમાં પહેલીવાર નોંધાયો સૌથી મોટો ઘટાડો

ગુજરાત | વંદન

FDIના સંદર્ભે ભારત માટે ખરાબ સમાચાર છે. 10 વર્ષમાં પ્રથમ વખત, નાણાકીય વર્ષ 2022-23માં, દેશમાં FDIમાં 16.3 ટકા ઘટીને 71 બિલિયન ડોલર થઈ ગયું છે. મોદી સરકારના કાર્યકાળમાં આ પ્રથમ અને સૌથી મોટો ઘટાડો નોંધાયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. અગાઉ નાણાકીય વર્ષ 2021-22માં FDIનો આંકડો 84.8 બિલિયન ડોલર હતો.

દેશના ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટમાં આ મોટો ઘટાડો દેશ માટે કોઈ આંચકાથી ઓછો નથી. આરબીઆઈએ આ આંકડા માસિક બુલેટિન સ્ટેટ ઓફ ધ ઈકોનોમીમાં જણાવ્યા છે. આ મુજબ, એક દાયકામાં FDIમાં આ પ્રથમ અને સૌથી મોટો ઘટાડો છે અને તેની સાથે નેટ FDIમાં પણ ઘટાડો નોંધાયો છે.RBIના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ 2021-22માં નેટ FDIનો આંકડો 38.6 બિલિયન ડોલર હતો, જે પાછલા નાણાકીય વર્ષ કરતા 27.5 ટકા ઘટીને 28 બિલિયન ડોલર થયો હતો.

માહિતી અનુસાર, જે ક્ષેત્રોમાં FDIમાં સૌથી વધુ ઘટાડો થયો છે તેમાં પ્રોડકશન ક્ષેત્ર, કોમ્પ્યુટર સેવાઓ અને સંચાર સેવાઓનો સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન જે દેશોમાંથી FDIમાં ઘટાડો થયો છે તેમાં અમેરિકા, સ્વિટ્ઝર્લેન્ડ અને મોરેશિયસનો સમાવેશ થાય છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# અત્યાર સુધી ન ગયા હોય તો આ વેકેશનમાં જવાનું ન ચૂકતા

**આ છે ગુજરાતના Top 3 સુંદર ફરવાલાયક સ્થળો**


હાલમાં બાળકોનું વેકેશન ચાલે છે તેથી હરવા ફરવાના શોખીન રજામાં ફરવા જવાનો પ્લાન બનાવતા જ હોય છે. જો તમને પણ ફરવાનો શોખ હોય તો પણ તમારી પાસે રજાની શોર્ટેજ છે તો આજે તમને ગુજરાતના જ એવા સ્થળો વિશે જણાવીએ જે તમારા માટે બેસ્ટ છે. આ જગ્યાએ જવામાં સમય ઓછો લાગશે અને તમને પરિવાર સાથે ફરવા અને જોવા માટે ઘણું મળશે. ગુજરાતના ઘણા તીર્થધામો, શહેરો તેની વિવિધ ખાસિયતો વિશે જાણીતા છે. અહીં કુદરતી સૌંદર્યને પેટ ભરીને માણી શકાય છે. આવા સ્થળોની વાત આવે તો ગુજરાતમાં 3 એવી જગ્યાઓએ છે જ્યાં ફરવા જવું જ જોઈએ. આ જગ્યાઓએ માત્ર કુદરતની જ લીલાઓ આગળ રાચવાનું હોય, ઈશ્વરના બક્ષેલા પ્રાકૃતિક તત્વો નિહાળવાના હોય છે. ગુજરાતમાં પણ આવા સ્થળો છે કે જ્યાં તમે પ્રકૃતિને પેટ ભરીને પામી શકો. આ જગ્યાઓ વિશે વાંચીને તમે તુરંત અહીં ફરવા જવાનું પ્લાનિંગ કરી જ લેશો. ગુજરાતની આ 5 જગ્યા એવી છે જ્યાંનો પ્રવાસ જીંદગીનું યાદગાર સંભારણું બની રહે છે.

### ગિરનાર




ચોમાસામાં અહીં સૌથી વધારે મજા આવે છે. અહિંના ધોધો, અહિંના ઝરણાં અને અહિં મળતી અનેક ઔષધિઓ. દિવસરાત ભટકતાં જ રહો એવો આશય ઉભો થાય ! ગિરનારની ટૂંક ઉપર ગુરૂદત્ત બીરાજે છે.તો ઉપરકોટનો કિલ્લો પણ એની ભવ્યતા માટે આકર્ષક છે. ગીરની લીલોતરી વિશે તો આગળ વાત કરી પણ હવે ગીર જેને લીધે જાણીતું બન્યું એવા ગિરનાર વિશે. ગુજરાતનું સૌથી મહત્વનું તીર્થધામ અને શ્રેષ્ઠત્તમ ઉંચાઇ ! જુનાગઢની ઉપર ગિરનાર જાણે પડછાયો બનીને ઉભો છે.

### ગીરનું જંગલ



આ દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે. ચોમાસામાં તો અહીં વનરાજી ખીલી ઉઠે છે. ગુજરાતનો સૌથી મોટો અયણ્ય વિસ્તાર એટલે ગીર ! વનરાજોની વસ્તી ધરાવતો અદ્ભુત અરણ્ય સંગમ.અનેક જાતના વૃક્ષો ધરાવતો અને અનેક નદી નાળાં સમેત ઝરણા ધરાવતો ભવ્ય પ્રકૃતિ મહોત્સવ ! માઈલો સુધી પથરાયેલ ગીરનું જંગલ પ્રકૃતિની પૂર્ણતા છે. અહિં આવેલ "ગીર નેશનલ પાર્ક"ની મુલાકાત ખરેખર લેવા જેવી છે. ગીરમાં આવ્યા પછી સિંહ જોવા ન મળે તો તો થઇ રહ્યું ! એ ઉપરાંત પણ અનેક પ્રાણીઓ અહિં મુક્ત રીતે વિહરે છે.પ્રકૃતિ અને પ્રાણીઓના સંગમ સ્થાન સમાન આ સ્થળની મુલાકાત લેવી સદાય અવિસ્મરણીય બની રહેશે.

### તારંગા



જૈનોના તીર્થ ગણાતા તારંગામાં તમને ડુંગરોની વચ્ચે આવેલા આ જૈન મંદિરો જોવાનો અનેરો લ્હાવો મળશે. મહેસાણાના સતલાસણા તાલુકામાં તારંગા કે તારંગાહિલ નામે ઓળખાતી અંદાજે ૧૨૦૦ ફિટ ઉંચી આ ટેકરી આવેલી છે. મુખ્યરૂપે તો તે અરવલ્લીની પર્વતમાળાનો એક ભાગ જ છે. અહિંની પર્વતીય સુંદરતા જોવાલાયક છે.ઉપરથી માઈલો સુધી પથરાયેલ અરવલ્લીના અનેક ટેકરાઓની રમણીયતા નજરે પડે છે. અહિં જૈન મંદિરો આવેલા છે. કુમારપાળે અહિં ભગવાન અજિતનાથનું સુંદર દેરૂં બનાવેલું છે. અહિં ઘણા જૈન મંદિરો આવેલા છે. જૈન લોકો માટે આ સ્થળ શ્રધ્ધાનું કેન્દ્ર છે. અહિંની મુલાકાત પણ મનોહર છે.

## શું તમને પણ ઓફિસ અવર્સમાં ઊંઘ આવે છે? તો NASAનું આ રિસર્ચ છે જાણવા જેવુ



ઓફિસમાં ઝોકું ખાવુ જાણે એક રિવાજ જેવુ બની ગયુ છે. અમુક લોકો લંચ બ્રેકમાં ઝોકું ખાઈ લે છે તો અમુક કામમાંથી થોડો સમય કાઢીને ઝોકું ખાઈ લે છે. ઘણી વખત આવુ કરવુ મજાક બની જાય છે અને ઘણી વખતે બોસ તરફથી ઠપકો સાંભળવાનો ડર પણ લાગે છે. ઓફિસમાં ઝોકુ ખાવાથી તમારા પર પ્રશ્નો ઉઠવા લાગે છે. જો તમને પણ આવી કોઈ આદત હોય તો હવે ડરવાની જરૂર નથી. કેમ કે હવે ઘણી બધી કંપનીઓ પોતે જ કર્મચારીઓને ઊંઘવાનું કહી રહી છે. જે રીતે કંપનીમાં લંચ બ્રેક અને ટી બ્રેક આપવામાં આવે છે તે જ રીતે હવે ઘણી જગ્યાએ કામની વચ્ચે એક નાના પાવર નેપની સુવિધા મળશે. આનાથી કોઈ નુકસાન નહીં થાય પણ ફાયદો થશે. આનાથી પ્રોડક્ટિવિટી વધી જશે અને તમે એક બેસ્ટ કર્મચારી બની જશો.

### NASAનું રિસર્ચ

નાસાના રિસર્ચમાં એ વાત સામે આવી છે કે જો તમે 10 મિનિટથી લઈને 25 મિનિટ સુધી સૂઈ જાવ છો તો તમે વધુ એલર્ટ રહી શકો છો. આવુ કરવાથી તમારુ ફોકસ 34 ટકા વધી જાય છે. આ નાના-નાના ઝોકાંઓને કેટનેપ કહેવામાં આવે છે.

ડિસેમ્બર 2019માં નાસાની એક સ્ટડી સામે આવી જેમાં એ કહેવામાં આવ્યુ કે નેપ એટલે કે અમુક મિનિટોને લઈને 45 મિનિટ સુધી ઊંઘ લેવાના મોટા ફાયદા છે. ખાસ કરીને જ્યારે ઊંઘ બપોરે લેવામાં આવે ત્યારે આના ખૂબ ફાયદા મળે છે. સ્પેસ એજન્સીએ પાયલટ પર પ્રયોગ દરમિયાન જાણ્યુ કે ઉડાન ભર્યા પહેલા લગભગ 25 મિનિટનું પાયલટ ઝોકું લઈ લે છે તો ફ્લાઈંગ દરમિયાન તેઓ ખૂબ એલર્ટ રહે છે અને કામમાં પણ લગભગ 34 ટકા સુધી શ્રેષ્ઠ રહે છે. નાસા અનુસાર 10 મિનિટથી લઈને અડધા કલાક સુધીનો નેપ પૂરતો છે. આના કરતા લાંબા સમય સુધી સૂઈ રહેવાથી માણસ થોડા સમય સુધી સુસ્ત પડી રહે છે.

### જાપાનમાં ઝોકું ખાતા લોકોને મહેનતું માનવામાં આવે છે

સમગ્ર દુનિયાની કંપનીઓ ઝોકું લેવાની વાત કરી રહી છે પરંતુ જાપાન આમાં પહેલેથી જ નંબર વન પર છે. ત્યાં કામની વચ્ચે સૂવુ મૅંડેટરી છે. જાપાનમાં કોઈ પણ ઓફિસમાં જાવ તો બપોરે ત્યાં ડેસ્ક પર સૂતેલા લોકો જોવા મળશે. આ સિવાય તમને લોકો રેસ્ટોરન્ટ, કેફે, મેટ્રોમાં પણ લોકો સૂતેલા જોવા મળશે. ઝોકાં ખાતા લોકોને ત્યાં મહેનતી માનવામાં આવે છે.

### આ ભારતીય કંપનીએ શરૂ કરી સુવિધા

એક ભારતીય સ્ટાર્ટઅપ કંપની વેકફિટ સોલ્યૂશને પણ પોતાના તમામ કર્મચારીઓને મેઈલ દ્વારા માહિતી આપી દીધી છે કે તેઓ હવે અડધો કલાક ઓફિસમાં સૂઈ શકે છે. આ માટે સત્તાવાર સમય પણ જાહેર કરી દેવાયો છે. કંપનીનું કહેવુ છે કે આવુ કરવાથી તેમના કર્મચારી સ્વસ્થ રહેશે.

## બાળકોને ખાવાનું ખવડાવતી વખતે આ બાબતોનું ખાસ ધ્યાન રાખો

બાળકો માટે વિશેષ કાળજી ઘરમાં રાખવામાં આવતી હોય છે અને તેને પોષણ મળી રહી તે માટે યોગ્ય ખોરાક પણ તૈયાર કરવામાં આવે છે. આ બધાની વચ્ચે જો બાળકોને ખવડાવવાની રીત જ એવી હોય કે તેના લીધે બાળકનું સ્વાસ્થ્ય જોખમાય તો પહેલાં એ બાબતે ખાસ કાળજી રાખવી જોઈએ.

માં પોતાના બાળકોની ખાસ કાળજી રાખે છે અને તેને ખાવાનું પણ વ્યવસ્થિત રીતે ખવડાવાનો પ્રયત્ન કરે છે. દરેક માતા પોતાના બાળકની કાળજી રાખે જ છે પણ અમુક ટેવના લીધે બાળકો પર જોખમ વધી શકે છે.

જ્યારે માતા ગરમ ખાવાનું બાળકને ખવડાવે છે ત્યારે બાળકનું મોઢું ગરમ ખાવાથી બળી ન જાય તે માટે ફૂંક મારે છે. આ ફૂંક મારવાથી બાળકને બિમારી થઈ શકે છે કારણ કે જ્યારે માતા ફૂંક મારે છે ત્યારે તેના શરીરમાં રહેલાં બેક્ટેરિયા પણ ખોરાક સાથે ચોંટી જાય છે. ફૂંક મારવાથી

### અમુક ટેવના લીધે બાળકો પર વધી શકે છે જોખમ

વાતાવરણના બેક્ટેરિયા પણ તે ખોરાકને સ્પર્શ કરે છે અને તે બેક્ટેરિયાના લીધે બાળકને બિમારી થઈ શકે છે. આમ માતાએ આ રીતે બાળકોને જો ખવડાવવાની આદત હોય તો તે બદલવી જોઈએ જેના દ્વારા બાળકની તબિયત સારી જળવાઈ રહે. ખરેખર એક માતા પ્રેમથી પોતાના બાળકને ખવડાવવા પ્રયત્ન કરે છે પણ તેની પાછળ આ કારણ બિમારી નોતરી શકે છે તે માતાને ખબર પણ નથી હોતી. બાળકોને જો ગરમ ખાવાનું તૈયાર કરાયું હોય તો તેને પંખા નીચે ઠંડુ થવા માટે રાખી દો, ફૂંક મારવાથી ખોરાકમાં બેક્ટેરિયા પ્રવેશી શકે છે. બાળકોને ખવડાવતી વખતે જે-તે વાસણને પણ સાફ રાખવા જોઈએ કારણ કે જો આમ ન થાય તો બાળક બિમાર થઈ શકે છે.



## મહિલાઓ, સોલો ટ્રિપ પર જતા પહેલા બેઝિક સેફ્ટી ટિપ્સ કરો ફોલો, ફરવાની મજા થઈ જશે બમણી



વર્તમાન સમયમાં મહિલાઓ સશક્ત અને સ્વતંત્ર થઈ ચૂકી છે. દરેક કાર્ય તે એકલી જ કરવા ઈચ્છે છે. હરવા-ફરવા માટે પણ એકલી જ જાય છે. આ જ કારણ છે કે આજકાલ મોટાભાગની મહિલાઓ સોલો ટ્રિપ કરવાનું પસંદ કરે છે. આની ખાસિયત છેકે તમે જેમ મન ઈચ્છે તેવુ કરી શકો છો. અત્યારે ઘણી બધી મહિલાઓમાં સોલો ટ્રિપનો ક્રેઝ છે. દરમિયાન જો તમે પણ સોલો ટ્રિપ પર જવા ઈચ્છો છો તો તમને અમુક બેઝિક સેફ્ટી ટિપ્સ વિશે જાણકારી હોવી જોઈએ. જો તમે આ તમામ સારી વાતો ધ્યાનમાં રાખીને સોલો ટ્રિપ પર જશો તો ખૂબ એન્જોય કરી શકશો અને સુરક્ષિત રીતે એક્સપ્લોર કરીને પાછા પોતાના ઘરે આવી શકશો.

### સોલો ટ્રિપ માટે બેઝિક સેફ્ટી ટિપ્સ

1 જો તમે એકલા કોઈ નવા સ્થળ પર જઈ રહ્યા છો તો સૌથી પહેલા તે સ્થળ વિશે સારી રીતે જાણકારી એકત્ર કરી લો. તમે યુટ્યુબ વગેરે પર ઘણા બધા બ્લોગ પણ જોઈ શકો છો. તેનાથી અંદાજો આવી જાય છે કે તે સ્થળ કેવુ છે. આ સિવાય જો તમારા કોઈ મિત્ર કે જાણીતા લોકો ત્યાં જઈ ચૂક્યા હોય તો તેમની પાસેથી પણ જાણકારી એકત્ર કરી લો. જેમ કે ત્યાં રોકાણની વ્યવસ્થા કેવી છે. શોપિંગ મોલ ક્યાં છે. કઈ હોટલ માર્કેટથી વધુ નજીક છે વગેરે. આ સિવાય તમે સ્થાનિક કાયદા વિશે પણ સમગ્ર જાણકારી એકત્ર કરી લો.

2 સોલો ટ્રાવેલ કરી રહ્યા છો તો સેફ્ટીનું ધ્યાન દરેક સમયે રાખવુ જોઈએ. દરમિયાન તમે તમારુ લાઈવ લોકેશન પોતાના પરિવારજનો સાથે જરૂર શેર કરો. સમયાંતરે તમે પોતાની ફેમિલીને પોતાના ટ્રાવેલ સાથે જોડાયેલી જાણકારી આપતા રહો. તમે વધુ મોડી રાત સુધી કોઈ અજાણ્યા શહેરમાં ટ્રાવેલ ના કરો.

3 જ્યાં પણ ફરવા જાવ ત્યાં તમે પોતાને એકલા હોવાનું દર્શાવવાથી બચો. જો તમે એવુ નહીં કરો તો તમને કોઈ છેતરી શકે છે. લોકોની વાતોમાં આવ્યા પહેલા પોતે જ બધુ ઓનલાઈન સર્ચ કરી લો.

4 કોઈ પણ અજાણ્યા વ્યક્તિ સાથે મિત્રતા લિમિટ રાખીને કરો. અજાણ્યા પર જરૂરિયાતથી વધુ વિશ્વસા કરવો યોગ્ય નથી. અજાણ્યા લોકો સાથે પોતાની વ્યક્તિગત જાણકારી શેર ના કરો. જેમને તમે જાણતા નથી તે લોકોનું આમંત્રણ પણ ના સ્વીકારો.

5 સોલો ટ્રાવેલ કરી રહ્યા હોવ તો તમે તમારા આરોગ્યનો પણ ખ્યાલ રાખો. જો તમને કોઈ પ્રકારની એલર્જી અને મુશ્કેલી છે તો તેની દવા પહેલેથી લઈ લો. પોતાની સાથે ફર્સ્ટ એડ બોક્સ જરૂર રાખો. શરદી, તાવ, માથાનો દુખાવા જેવી દવાઓ પોતાની પાસે રાખો જેથી કટોકટીની સ્થિતિમાં મુશ્કેલીનો સામનો કરવો ના પડે.

6 સોલો ટ્રાવેલિંગ માટે સૌથી જરૂરી એ છે કે પોતાની સાથે સામાન ઓછો રાખો. શ્રેષ્ઠ એ હશે કે એક મોટી બેગ પોતાની સાથે રાખો. આ સિવાય તમે એક બેગ પેક રાખો જેમાં તમે તમારો જરૂરિયાતનો સામાન રાખી શકો. જેથી તમે આરામથી ફરી શકો.

## ઉનાળામાં જરૂર ખાવા જોઈએ તુરિયા, સ્વાસ્થ્યને મળશે આ જબરદસ્ત ફાયદા

ગુજરાત સહિત દેશભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ઠંડક માટે લોકો અલગ-અલગ નુસ્ખાઓ અજમાવતા હોય છે. આ સમયમાં કેટલાક શાકભાજી અને ફળો ખાવા ફાયદાકારક હોય છે. એમાંથી એક છે તુરિયા. તુરિયા ગુણોનો ભંડાર છે અને માત્ર 20 મિનિટમાં તેનું સ્વાદિષ્ટ શાક તૈયાર થઈ જાય છે. રોટલી અને ભાત સાથે આ શાકને ખાઈ શકાય છે. તુરિયા શરીરની ગરમીને ઓછી કરવામાં મદદ કરે છે. સાથે જ ત્વચાના રોગો દૂર કરે છે. તુરિયાના યોગ્ય ઉપયોગથી વાળ ખરતાં ઓછા થાય છે અને વજન પણ ઘટે છે. આમ, તુરિયાના અનેક ગુણો છે. એટલે જ અમે આપના માટે લાવ્યા છે તુરિયાની કઢીની નવીન રેસિપી



### તુરિયાની કઢી માટે સામગ્રી

- તુરિયા- એક કિલો
- હળદર- એક મોટી ચમચી
- તેલ- બે મોટી ચમચી
- નમક- સ્વાદાનુસાર
- ડુંગળી- 1 કપ
- કોથમીર- એક મોટી ચમચી

### તુરિયાનું શાક બનાવવાની રીત

1. સૌથી પહેલા તુરિયાની છાલ ઉતારી નાના-નાના ટુકડા કરી લો. જે બાદ ધાણાભાજી પણ સમારી લો.
2. તુરિયાને સમારી લીધા પછી એક પેન ગેસ પર રાખો અને તેને ગરમ કરો. તેમાં તેલ મુકીને સમારેલા તુરિયા નાખી દો. થોડીવાર તેને પકાવો. જે બાદ સમારેલી ડુંગળી નાંખો અને 2 થી 3 મિનિટ સુધી પકાવો.
3. હવે તમામ મસાલાઓને કડાઈમાં નાંખી દો.હવે તેમાં લાલ મરચું, હળદર અને નમક નાંખો. નરમ થવા સુધી ચડવા દો. જ્યારે શાકમાંથી તેલ નિકળવા લાગે ત્યારે ગેસ બંધ કરો અને કોથમીરથી ગાર્નિશ કરી ગરમ ગરમ પીરસો..

## ઘણા રોગોમાં પાણીપુરી ખાવાના આ છે ફાયદા....

ભારતમાં પ્રખ્યાત સ્ટ્રીટ ફુડ પાણીપુરી ખાવાનું ચલણ ખૂબ જ ફેમસ છે. ખાટી-મીઠી અને મસાલેદાર પાણીપુરી જોઈને ભલભલાના મોંમા પાણી આવી શકે છે. પાણીપુરી ખાવાથી ઘણા રોગો જડથી ખતમ કરી દે છે. આજે અમે તમને પાણીપુરી ખાવામા એટલા જોરદાર ફાયદા જણાવવા જઈ રહ્યા છીએ જેના માટે તમે કદાચ જ જાણતા હશો. પાણીપુરી ખાવાથી ફક્ત મોંનો ટેસ્ટ જ નથી બદલાતો, પણ આ હેલ્થ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તો આવો જાણીએ પાણીપુરી કેવી રીતે આપના સ્વાસ્થ્યને ફાયદાકારક સાબિત થઈ શકે છે.



### એસિડિટી ખતમ કરવામાં કારગર

જલઝીરા પાણીમાં રહેલ ઝીરો મોંમાંથી આવતી દુર્ગંધને રોકવાની સાથે પાચનમાં મદદ કરે છે. તો વળી પુદીના એન્ટીઓક્સીટડેંટ અને ફાઈટોન્યૂટ્રિએંટથી ભરપૂર હોય છે. જે ડાઈજેશનમાં હેલ્પ કરે છે. કેટલીય વાર એસિડિટીની સમસ્યા થવા પર ડોક્ટર ઠંડુ પાણી પીવાની સલાહ આપે છે, જેમ કે જલઝીરા, જલઝીરાનું પાણી પાણીપુરીને સૌથી જરુરી ભાગ હોય છે. જલઝીરા પાણીમાં રહેલું ઝીરુ, આદુ, પુદીના, સેંધા નમક, ધાણા એસિડીટીની સમસ્યાને દૂર કરે છે.

### મોટાપો ઘટાડવામાં મદદ...

પાણીપુરી મોટાપા ઘટાડવામાં મદદ કરે છે. કારણ કે તેને પ્રોટીનયુક્ત બનાવવા માટે બાફેલા ચણાનો ઉપયોગ થાય છે. તેને લઈને તેમાં કેલોરીની માત્રા ખૂબ જ ઓછી હોય છે. જો કે મોટાપામાં કારગાર સાબિત થશે. જો આપ પાણીપુરી ઘરે બનાવો છો તો સોજી અથવા આટાની જગ્યાએ હોલ વીટ આટાની મદદ લઈ શકો. સાથે જ દહીંનો ઉપયોગ કરવાનું સારુ રહેશે.

### મોંમાં પડેલા ચાંદાનો ઈલાજ

પાણીપુરી મેગ્નેશિયમ, મેંગનીઝ, પોટેશિયમ, ફોલેટ, ઝિંક અને વિટામિન બી-6, બી-12 અને ડીનો સારામાં સારો સ્ત્રોત હોય છે. એટલા માટે તેને ખાવાથી સ્વાસ્થ્યના કેટલાય લાભ થાય છે. મોની ચાંદી પડી હોય તો, પાણીપુરીના પાણીથી ફાયદો થશે. પાણીપુરીમાં ઉપયોગ થતાં જલઝીરાનું પાણી અને પુદીના આ ચાંદાની સારવાર માટે ખૂબ જ કામમાં આવશે.

### બ્લડ શુગરને કરે છે કન્ટ્રોલ

ડાયાબિટીસના દર્દીઓ સૌથી વધારે ધ્યાન પોતાના ખાવા પર આપતા હોય છે. કારણ કે ખાવામાં જરાં પણ આમ તેમ તશે તો શુગર લેવલ વધી જશે. પણ ઓછા કાર્બવાળી સામગ્રી હોવાના કારણે ડાટાબિટીસના દર્દીઓ માટે પાણીપુરી ફાયદાકારક સાબિત થઈ શકે છે. જો કે, તેની ખાવાની માત્રા શું હોવી જોઈએ. તેની ડોક્ટર્સ પાસે સલાહ લેવી જરુરી છે.

# ‘ધોની જાદૂગર છે’ તે કચરામાંથી કંચન બનાવી દે છે: મેથ્યુ



■ હેડનનું માનવું છે કે તે આગામી આઈપીએલમાં નહીં રમે

ગુજરાત | વંદન

મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપમાં ચેન્નઈ સુપર કિંગ્સ IPL 2023ની ફાઈનલમાં પ્રવેશ કરી ચુકી છે. 41 વર્ષીય ધોનીની નરજ ચેન્નઈ સુપર કિંગ્સને 5મી વખત ચેમ્પિયન બનાવવા જઈ રહ્યા છે. અને તેના ફેન ફોલોઈંગ દેશ તેમજ વિદેશમાં પણ લાખોની સંખ્યામાં છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર મેથ્યુ હેડનનું કહેવું છે કે ધોની એક જાદુગર છે અને તે કચરાને સોનું બનાવી શકે છે.

મેથ્યુ હેડન પણ એમએસ ધોનીની કેપ્ટનશીપના પ્રશંસક છે. તેણે કહ્યું છે કે ચેન્નઈ સુપર કિંગ્સની આટલી સફળતા મેળવવા ધોનીનું એટલું બધું યોગદાન રહ્યુ છે કે એક ખેલાડી તરીકે ફ્રેન્ચાઈઝી સાથે તેના ભવિષ્ય વિશે વાતો કરવી એ આજે યોગ્ય નથી. ધોનીની કેપ્ટન્સીમાં CSK 10મી વખત IPLની ફાઈનલમાં પહોંચી ચુકી છે. ટૂર્નામેન્ટની શરૂઆતમાં ટીમની બોલિંગ નબળી હતી પરંતુ ધોનીએ પોતાનું આગવી અદાથી શ્રેષ્ઠ પ્રદર્શન કરી બતાવ્યું હતુ.

આ ટુર્નામેન્ટમાં ધોનીના ઘુંટણ પર ઈજા થઈ હતી તેમ છતા તે રમ્યો હતો. તેમણે એક ખેલાડી તરીકે પોતાનું ભવિષ્ય પર નિર્ણય લેવા પોતાનો 8-9 મહિનાનો સમય આપ્યો છે. જોકે હેડનનું માનવું છે કે તે આગામી આઈપીએલમાં નહીં રમે. જોકે હેડનનું કહેવુ છે કે હવે તે આગામી IPLમાં નહીં રમે.

# IPLની ફાઈનલ જોવા માટે અમદાવાદ આવશે ત્રણ ક્રિકેટ બોર્ડના પ્રમુખ

■ IPL પછી એશિયા કપ 2023ના ભવિષ્ય પર ચર્ચા કરવામાં આવશે



ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સેક્રેટરી જય શાહે ગુરુવારે જણાવ્યું હતું કે IPL પછી એશિયા કપ 2023ના ભવિષ્ય પર ચર્ચા કરવામાં આવશે. એશિયા કપની યજમાની અંગેનો મામલો હજુ ઉકેલાયો નથી. જ્યારે પાકિસ્તાન ટુર્નામેન્ટની યજમાની કરવા ઈચ્છે છે, ત્યારે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) નવા યજમાનની શોધમાં છે. વાસ્તવમાં, ACCના પ્રમુખ જય શાહ છે અને તેમણે ગયા વર્ષે જ કહ્યું હતું કે ભારતીય ટીમ પાકિસ્તાન નહીં જાય. તેમણે કહ્યું હતું કે તે તટસ્થ દેશમાં થઈ શકે છે. હવે આ મામલે જય શાહે એક નવું અપડેટ આપ્યું છે. તેણે કહ્યું છે કે એશિયા કપને લઈને અંતિમ નિર્ણય આઈપીએલ 2023ની ફાઈનલ બાદ લેવામાં આવશે.

જય શાહે કહ્યું, “બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને શ્રીલંકા ક્રિકેટ બોર્ડના સંબંધિત પ્રમુખો 28 મેના રોજ અમદાવાદ આવશે. આ બધા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનારી ટાટા આઈપીએલ 2023ની ફાઈનલને આકર્ષિત કરશે. અમે તેમની સાથે એશિયા કપ 2023ને લઈને ભવિષ્યની કાર્યવાહી નક્કી કરવા ચર્ચા કરીશું. રસપ્રદ વાત એ છે કે તેમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ નજમ સેઠીનું નામ નથી. એટલે કે તેમને આમંત્રણ મોકલવામાં આવ્યું નથી. અગાઉ, શ્રીલંકા ક્રિકેટ (SLC) અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) એ આ વર્ષની એશિયા કપ ટુર્નામેન્ટને પાકિસ્તાનની બહાર ખસેડવામાં BCCIને ટેકો આપ્યો હતો. નજમ સેઠી પોતાના દેશમાં એશિયા કપ કરાવવા માટે ઉત્સુક છે. પાકિસ્તાન એશિયા કપને તટસ્થ સ્થળે યોજવાનો વિરોધ કરે છે અને તેણે હાઈબ્રિડ મોડલ પણ ઓફર કર્યું હતું. ‘હાઈબ્રિડ મોડલ’ પર ટુર્નામેન્ટનું આયોજન કરવાના PCBના પ્રસ્તાવને સભ્ય દેશોએ ફગાવી દીધો હતો. આ મોડલમાં કહેવામાં આવ્યું હતું કે પાકિસ્તાન પોતાની તમામ મેચ પોતાના દેશમાં રમશે. તે જ સમયે, ટીમ ઈન્ડિયા તેની મેચ UAE, દુબઈ, ઓમાન અથવા શ્રીલંકામાં રમી શકે છે.

ACCનું કહેવું છે કે સપ્ટેમ્બર મહિનામાં UAEમાં ભારે ગરમીને કારણે ખેલાડીઓને ઈજા થવાની ભીતિ રહેશે. આવી સ્થિતિમાં શ્રીલંકા છ દેશોની ટૂર્નામેન્ટની યજમાનીની રેસમાં સૌથી આગળ છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પણ ઘણી વખત ધમકી આપી છે કે જો ભારત એશિયા કપ માટે પાકિસ્તાન નહીં આવે તો તેમની ટીમ આ વર્ષે ભારતમાં યોજાનાર વર્લ્ડ કપનો પણ બહિષ્કાર કરશે.

આ સિવાય પીસીબીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે બીસીસીઆઈ પાકિસ્તાન વગર એશિયા કપની તર્જ પર અન્ય એશિયન દેશો સાથે ટૂર્નામેન્ટનું આયોજન કરી રહી છે. જોકે, બીસીસીઆઈએ આ વાતને નકારી કાઢી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નજમ સેઠીનું સ્ટેન્ડ હવે સ્પષ્ટ છે કે જો પાકિસ્તાનમાં એશિયા કપની મેચો નહીં થાય તો પાકિસ્તાનની ટીમ એશિયા કપમાં નહીં રમે.

## મુંબઈને 62 રને હરાવ્યું, શુભમન ગિલની 129 રનની શાનદાર ઈનિંગ

# ગુજરાત ટાઈટન્સ સતત બીજી વખત ફાઈનલમાં



## શુભમન ગિલે તોફાની ઈનિંગસનું રહસ્ય ખોલ્યું

GT vs MI મેચમાં 129 રનની ઈનિંગ માટે શુભમન ગિલને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. મેચ પછી ગિલે કહ્યું કે બોલ ટુ બોલ રમવું અને દરેક ઓવર પછી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું મહત્વપૂર્ણ છે. એક ઓવરમાં ત્રણ સિક્સર માર્યા બાદ મને સમજાયું કે આજનો દિવસ મારો છે. પીચ બેટિંગ માટે સારી હતી અને હું શક્ય તેટલા વધુ રન બનાવવા માંગતો હતો.

ગુજરાત | વંદન

ગુજરાત ટાઈટન્સે મુંબઈ ઈન્ડિયન્સને હરાવી સતત બીજી વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. તેણે ક્વોલિફાયર-2માં મુંબઈને 62 રનથી હરાવ્યું હતું. ટાઈટલ મેચમાં તેનો સામનો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે થશે. ચેન્નાઈ 10મી વખત ફાઈનલમાં રમશે. આ સાથે જ ગુજરાત ટાઈટન્સની ટીમ છેલ્લી વખત આઈપીએલમાં રમ્યા બાદ સતત બીજી ફાઈનલ રમશે. ગયા વર્ષે રાજસ્થાન રોયલ્સને હરાવીને ટાઈટલ જીત્યું હતું. ગુજરાતની ટીમ ફાઈનલમાં ચેન્નાઈ સામે પણ બદલો લેશે. મહેન્દ્ર સિંહ ધોનીની ટીમે ક્વોલિફાયર-1માં હાર્દિક પંડ્યાની ટીમને હરાવી હતી. આ વખતે ફાઈનલમાં તેની સામે ચાર વખતની વિજેતા ચેન્નાઈ સુપર કિંગ્સ હશે.



ગુજરાતે 62 રન સાથે જબરદસ્ત જીત હાંસલ કરી ફાઈનલમાં પોતાની સીટ પાકી કરી લીધી હતી. મુંબઈને 234નો ટાર્ગેટ આપ્યો હતો.મુંબઈ માત્ર જેમાં શુભમન ગિલે રીતસરની તોફાની બેટિંગ કરી 49 બોલમાં તોફાની સદી ફટકારી જેટલા રનનો પહાડ સર્જ્યો હતો. ગિલની આ સદી મુંબઈ ઈન્ડિયન્સને ભારે પાડી હતી. 31 રન પર ડેવિડે તેનો કેચ છોડ્યો હતો. આ જીવનદાન બાદ ગિલ પુરી રીતે ખીલ્યો હતો અને શુભમને સુરાતન સાથે ચોગ્ગા છગ્ગા ફટકારી 60બોલમાં 129 રન બનાવ્યાં હતા. જેમાં 10 છગ્ગા અને 7 ચોગ્ગા સામેલ છે.શુભમન ગિલે તોફાની ઈનિંગ રમીને મુંબઈ ઈન્ડીયન્સના બોલર્સને બેહાલ કરી મૂક્યાં હતા.

તો તિલક વર્માએ 14 માં 43 રન કરી ઈનિંગ્સમા મુંબઈ ઈન્ડિયન્સના ફેન્સની ઉમ્મીદ જીવિત કરી હતી. પરંતુ તે રાસીદ ખાનની બોલિંગમાં બોલ્ડ થયો હતો. કેમરન ગ્રીન પણ 20 બોલમાં 30 રન બનાવી આઉટ થયો હતો. તેમજ સૂર્ય કુમાર યાદવ દર વખતની જેમ આ વખતે પણ ફૂલ ફોર્મમાં જોવા મળ્યો હતો. તેને 38 બોલમાં 61 રનની તોફાની બેટિંગ કરી હતી. જોકે તેમની આ બેટિંગ વ્યર્થ ગઈ હતી. બાદમાં એક પછી એક ધડાધડ વિકેટ પડી હતી. મુંબઈ ઈન્ડીયન્સના સારા ગણાતા બોલર મધવાલે 3 ઓવરમાં 43 રન આપ્યાં હતા. શુભમન ગિલે એક રીતે મધવાલને બરાબરનો ધોઈ નાખ્યો હતો.

## લેટેસ્ટ રેન્કિંગમાં એન્ડરસન પાછળ

# નીરજ ચોપરા બન્યો વિશ્વનો નંબર વન ભાલા ફેંક ખેલાડી



■ ડાયમંડ લીગ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો નીરજ

ગુજરાત | વંદન

ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાએ વિશ્વમાં ફરી એકવાર ધ્વજ લહેરાવવાનું કામ કર્યું છે. વર્લ્ડ એથ્લેટિક્સ દ્વારા જાહેર કરવામાં આવેલી હાલની મેન્સ જેવલિન થ્રો રેન્કિંગમાં તે વિશ્વનો નંબર-1 ખેલાડી બની ગયો છે. નીરજ ચોપરાએ પોતાના કરિયરમાં પ્રથમ વખત આ સિદ્ધિ મેળવી છે. નીરજ ચોપરાએ આ મામલે ગ્રેનાડાના દિગ્ગજ જેવલિન એથ્લીટ એન્ડરસન પીટર્સને પાછળ છોડી દીધો છે.

નીરજ ચોપરા હાલમાં 1455 પોઈન્ટ્સ સાથે નવીનતમ વર્લ્ડ એથ્લેટિક્સ રેન્કિંગમાં ટોપ પર છે, જ્યારે એન્ડરસન પીટર્સ 1433 પોઈન્ટ સાથે વિશ્વના બીજા નંબરનો જેવલિન થ્રો કરનાર ખેલાડી છે. તે નીરજથી 22 પોઈન્ટ પાછળ છે. ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર ચેક રિપબ્લિકનો જેકબ વાડલેજ 1416 પોઈન્ટ સાથે વર્લ્ડ રેન્કિંગમાં ત્રીજા સ્થાને છે.

ગત વર્ષે 30 ઓગસ્ટના રોજ 25 વર્ષીય નીરજ વર્લ્ડ રેન્કિંગમાં બીજા નંબરે પહોંચ્યો હતો પરંતુ ત્યાર બાદ તે પીટર્સથી આગળ નીકળી શક્યો ન હતો. જો કે તેણે આગલા જ મહિને ઝુરિકમાં ડાયમંડ લીગ 2022ની ફાઈનલમાં જીત મેળવી અને ટૂર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો અને 5 મેના રોજ તેણે 88.67 મીટર જેવલિન થ્રો કરીને દોહા ડાયમંડ લીગનો ખિતાબ જીત્યો હતો. જેના કારણે તે નંબર-1 જેવલિન થ્રો કરનાર ખેલાડી બની ગયો છે.

## ભારતીય ખેલાડીઓને આરામની જરૂર

# ભારત-અફઘાન વન-ડે શ્રેણી પર ‘રોહિત બ્રિગેડ’ પાસે સમય નથી

ગુજરાત | વંદન

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની સૂચિત વનડે શ્રેણી પર સંકટના વાદળો ઘેરાઈ રહ્યા છે. ભારતીય ટીમના વ્યસ્ત શેડ્યૂલને કારણે આ સિરીઝના આયોજનમાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે.

ભારતીય ટીમે IPL 2023 પછી 7 જૂનથી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ રમવાની છે અને ત્યારબાદ તે વેસ્ટ ઈન્ડિઝમાં સંપૂર્ણ શ્રેણી રમવા જશે. ભારતીય ટીમ 12 જુલાઈથી 13 ઓગસ્ટ સુધી કેરેબિયન ધરતી પર બે ટેસ્ટ, ત્રણ વનડે અને પાંચ T20 ઈન્ટરનેશનલ મેચોની શ્રેણી રમશે.

અહેવાલ મુજબ, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી 20 થી 30 જૂન દરમિયાન યોજાવાની યોજના હતી. ત્યારબાદ



7 જુલાઈએ ભારતીય ટીમ કેરેબિયન પ્રવાસ માટે રવાના થશે. જો કે, સપ્ટેમ્બરમાં એશિયા કપ યોજાય તેવી શક્યતા છે, જેની જાહેરાત આગામી દિવસોમાં થઈ શકે છે.

બીસીસીઆઈના સૂત્રોએ જણાવ્યું કે ઓક્ટોબર-નવેમ્બરમાં વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ખેલાડીઓ માટે બ્રેક પણ જરૂરી છે. આ સિવાય કેટલાક અન્ય કારણો પર પણ પુનર્વિચાર કરવાની જરૂર છે, પરંતુ BCCI અધિકારીઓએ તેને જાહેર ન કરવાનો નિર્ણય કર્યો.

## વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ મેચ લંડનના ધ ઓવલ મેદાનમાં રમાશે

# ICCએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ માટે ઈનામના રકમની જાહેરાત કરી

ગુજરાત | વંદન

ICC 2021-23ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ મેચ આગામી મહિનાની 7 તારીખથી લંડનના ધ ઓવલ મેદાનમાં રમાશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ મેચમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટાઈટલ માટે ટક્કર થશે. આજે ICCએ આ ટૂર્નામેન્ટની ઈનામી રકમની જાહેરાત કરી હતી.

ICC 2021-23ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ મેચને હવે વધુ સમય બાકી નથી. આજે ICCએ આ ટૂર્નામેન્ટની ઈનામી રકમની જાહેરાત કરી છે. આ જાહેરાત પ્રમાણે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતનારી ટીમને આશરે રૂ. 13 કરોડ જ્યારે રનર્સ-અપ ટીમને આશરે રૂ. 6.5 કરોડ મળશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2021-23ની



કુલ ઈનામી રકમ આશરે 31.4 કરોડ રૂપિયા છે જેને 9 ટીમોમાં વહેંચવામાં આવશે. ત્રીજા સ્થાને રહેલી દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમને 3.5 કરોડ રૂપિયા અને ચોથા સ્થાને રહેલી ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમને 2.8 કરોડ રૂપિયા મળશે. પાંચમા નંબર પર શ્રીલંકાની ક્રિકેટ ટીમ છે જેને કુલ 1.6 કરોડ રૂપિયા મળશે. આ બાદ ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ અને બાંગ્લાદેશને ઈનામી રકમ તરીકે અનુક્રમે 82-82 લાખ રૂપિયા આપવામાં આવશે. ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2021-23 ટાઈટલ જીતનારી ટીમને ટેસ્ટ ગદા સાથે લગભગ 13 કરોડ રૂપિયા મળશે.

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2019-21ની ઈનામી રકમ પણ આટલી જ રાખવામાં આવી હતી. આ સ્થિતિમાં બીજી આવૃત્તિમાં ICCએ આ ટૂર્નામેન્ટની ઈનામી રકમમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ પહેલા વર્ષ 2021માં રમાયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની છેલ્લી ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડને 13 કરોડ રૂપિયા મળ્યા હતા જ્યારે ભારતને 6.5 કરોડ રૂપિયાની ઈનામી રકમ મળી હતી. ઓસ્ટ્રેલિયન ટીમ ફાઈનલ મેચ માટે ઈંગ્લેન્ડ પહોંચી ગઈ છે જ્યારે ભારતીય ટીમનું એક જૂથ પણ તૈયારી માટે ઈંગ્લેન્ડ પહોંચી ગયું છે.

# કોહલી-સિરાજ-શાર્દૂલ-અક્ષર અને અશ્વિન સહિતના ખેલાડીનો કાફલો ઈંગ્લેન્ડ પહોંચ્યો

ગુજરાત | વંદન

સ્ટાર બેટર વિરાટ કોહલી સહિતના અનેક ભારતીય ખેલાડીઓ આજે વહેલી સવારે ઈંગ્લેન્ડ પહોંચ્યું. ઈંગ્લેન્ડ પહોંચીને આ ખેલાડીઓ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલની તૈયારીમાં લાગી જશે. આ ખેલાડીઓમાં કોહલી ઉપરાંત મોહમ્મદ સીરાજ સહિતના સામેલ છે.ઈંગ્લેન્ડ માટે રવાના થયેલા ખેલાડીઓમાં સ્પીનર રવિચંદ્રન અશ્વિન, અક્ષર પટેલ, શાર્દૂલ ઠાકુર ઉપરાંત કોચ રાહુલ દ્રવિડની આગેવાનીવાળો સહયોગી સ્ટાફ સામેલ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સૂત્રોએ કહ્યું કે, ખેલાડી બે અથવા ત્રણ જથ્થામાં ઈંગ્લેન્ડ પહોંચશે. પહેલો જથ્થો આજે સવારે 4:30 વાગ્યે નીકળ્યો હતો.




ભારત 2021ના ટેસ્ટ ચેમ્પિયનશિપના ફાઈનલમાં રનર્સઅપ રહ્યું હતું. તે પાછલા 10 વર્ષમાં પહેલી આઈસીસી ટ્રોફી જીતવાના ઈરાદે મેદાન ઉપર ઉતરશે. ભારતના મહત્તમ ખેલાડી બે મહિના સુધી આઈપીએલમાં રમ્યા બાદ ડબલ્યુટીસી ફાઈનલ રમવા માટે ઉતરશે જ્યારે આ મહત્ત્વપૂર્ણ મેચ માટે ઑસ્ટ્રેલિયન ટીમમાં સામેલ ખેલાડીઓમાંથી માત્ર ત્રણ ખેલાડી જ આ ટી-20 લીગમાં રમી રહ્યા હતા.

# ટેનિસની મેચમાં ખિસ્સામાંથી બૉલ કાઢીને ફેંકવાનો ભારે પડ્યું

ગુજરાત | વંદન

એપ્રિલમાં ટેનિસની મૅડ્રિડ ઓપનની એક મૅચ દરમ્યાન મજાકમાં પોતાના ખિસ્સામાંથી બૉલ કાઢીને ફેંકવા બદલ ફ્રાન્સના ખેલાડી હ્યુગો ગૅસ્ટને ૧,૪૪,૦૦૦ યુરો (અંદાજે સવા કરોડ રૂપિયા) ની રકમ દંડ તરીકે ગુમાવી છે. ક્રોએશિયાના બોર્ના કૉરિચ સામેના આ મુકાબલા દરમ્યાન હ્યુગો એક પૉઇન્ટ હારવાની તૈયારીમાં હતો ત્યારે અચાનક તેણે શૉર્ટના ખિસ્સામાંથી બૉલ કાઢીને દૂર ફેંક્યો હતો. તેનો કથિત ઈરાદો એ પૉઇન્ટ ફરીથી રમવા દેવામાં આવે એવી અમ્પાયરને ફરજ પાડવાનો હતો. જો હ્યુગો એક વર્ષ દરમ્યાન ફરી આવી કોઈ હરકત નહીં કરે તો તેનો દંડ અડધો એટલે કે ૭૨,૦૦૦ યુરો (અંદાજે ૬૩ લાખ રૂપિયા) કરવામાં આવશે.

આર્જેન્ટિનાના બ્યુનસ આઇરસ શહેરમાં ચાલી રહેલા અન્ડર-20 ફુટબૉલ વર્લ્ડ કપમાં સોમવારે ઇંગ્લૅન્ડે ટ્યુનિશિયાને ૧-૦થી હરાવ્યું હતું, જ્યારે ફ્રાન્સનો સાઉથ કોરિયા સામે ૧-૨થી પરાજય થયો હતો. ઇંગ્લૅન્ડે ૨૦૨૨માં અન્ડર-19



યુરોપિયન ચૅમ્પિયનશિપ ટાઇટલ જીતનાર પોતાની ટીમના મોટા ભાગના ખેલાડીઓને આ સ્પર્ધામાં રમવા મોકલ્યા છે. ઇંગ્લૅન્ડના ગ્રુપમાં ઉરુગ્વેએ ઇરાકને ૪-૦થી કચડી નાખતાં ઉરુગ્વે આ ગ્રુપમાં મોખરે થઈ ગયું છે.

ઇટલીની સેરી-એ નામની ફુટબૉલ ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૩૬ ટાઇટલ યુવેન્ટ્સ ક્લબની ટીમ જીતી છે, અત્યારે એમાં એની કફોડી હાલત છે. સોમવારે યુવેન્ટ્સનો એમ્પોલી સામેની મૅચમાં ૧-૪થી પરાજય તો થયો જ હતો, આ ક્લબે ખોટા હિસાબ બતાવ્યા એ બદલ એને ૧૦ પૉઇન્ટની પેનલ્ટી લાગુ કરાતાં એ સાતમા રૅન્ક પર ધકેલાઈ છે એટલે આવતા વર્ષની ચૅમ્પિયન્સ લીગ માટે ક્વૉલિફાય થવાનું એને માટે મુશ્કેલ થઈ ગયું છે. દરમ્યાન ન્યુ કૅસલ ટીમ ૨૦ વર્ષમાં પહેલી વાર ચૅમ્પિયન્સ લીગ માટે ક્વૉલિફાય થઈ છે.

# વેસ્ટ ઈન્ડિઝના બેટર ડેવોન થૉમસ પર ફિક્સિંગ સહિત 7 આરોપ લાગતાં સસ્પેન્ડ



ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ લંકા પ્રિમીયર લીગ-2021માં કથિત રીતે મેચ ફિક્સ કરવાનું કાવતરું ઘડવા અને એ વર્ષે બે અન્ય ફ્રેન્ચાઈઝી ટૂર્નામેન્ટમાં ભ્રષ્ટાચારમાં સંડોવાયેલી હોવાના આરોપમાં વેસ્ટ ઈન્ડિઝના બેટર ડેવોન થૉમસને સસ્પેન્ડ કરી દીધો છે.

વિન્ડિઝ વતી ઑગસ્ટ-2022માં રમનારા થૉમસ ઉપર આઈસીસીની ભ્રષ્ટાચાર વિરોધી કલમ હેઠળ સાત આરોપ લાગ્યા છે. થૉમસ દુબઈમાં યુએઈ વિરુદ્ધ આગામી વન-ડે શ્રેણી માટે ટીમમાં પસંદ થયો હતો.

ફિક્સિગંના આરોપો ઉપરાંત 33 વર્ષીય થૉમસ ઉપર અબુધાબી ટી-10 લીગ અને કેરેબિયન પ્રિમીયર લીગમાં બુકીઓ દ્વારા કરવામાં આવેલા સંપર્કની જાણકારી નહીં આપ્યાનો પણ આરોપ છે. તેને જવાબ આપવા માટે 14 દિવસનો સમય આપવામાં આવ્યો છે. આઈસીસીએ એક નિવેદનમાં કહ્યું કે, શ્રીલંકા ક્રિકેટ, અમીરાત ક્રિકેટ બોર્ડ અને કેરેબિયન પ્રિમીયર લીગ તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટર પરિષદે વિન્ડિઝના ખેલાડી ડેવોન થૉમસ પર ભ્રષ્ટાચાર વિરોધી કલમો હેઠળ સાત જેટલા આરોપ લગાવ્યા છે એટલા માટે તેને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવી રહ્યો છે. આઈસીસીએ એવો પણ દાવો કર્યો કે પૂછપરછ દરમિયાન થૉમસે અધિકારીઓને સહયોગ આપ્યો નથી.

## ક્રિકેટ જગતમાં ખળભળાટ

# લીગ માટે જેસન રોય ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમ છોડી દેશે...



ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડના સ્ટાર ઓપનર જેસન રોયે અમેરિકાની મેજર ક્રિકેટ લીગની શરૂઆતની સીઝનમાં ભાગ લેવાનું મન બનાવી લીધું છે. MLC 13મી જુલાઈથી શરૂ થશે અને 30મી જુલાઈએ સમાપ્ત થશે. જેસન રોય હાલમાં ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ સાથે પોતાનો કોન્ટ્રાક્ટ છોડવા માટે વાતચીત કરી રહ્યો છે.

એક અહેવાલ મુજબ, રોયની ઈંગ્લેન્ડની ટીમના સાથી રીસ ટોપલી પણ ફ્રેન્ચાઈઝી ક્રિકેટમાં આવું જ પગલું ભરવાનું વિચારી રહી છે. જો કે, રીસનો નિર્ણય તેના ખભાની સર્જરીના સ્તર પર નિર્ભર રહેશે, જે તેણે ગયા મહિને કરાવ્યો હતો.

# થઈ જાઓ તૈયાર: 15 જૂનથી સૌરાષ્ટ્ર પ્રિમિયર લીગનો ધમાકેદાર પ્રારંભ

■ જિયો સિનેમા દ્વારા ટૂર્નામેન્ટનું થશે લાઈવ પ્રસારણ

ગુજરાત | વંદન

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન આયોજિત ‘એસપીએલ’ની ત્રીજી સીઝન રમાશે: સોરઠ લાયન્સ, હાલાર હિરોઝ, કચ્છ વોરિયર્સ, ગોહિલવાડ ગ્લેડિયેટર્સ અને ઝાલાવાડ રોયલ્સ વચ્ચે 11 મુકાબલા રમાશે: 24 જૂને ફાઈનલ: દરેક ટીમમાં 18-18 ખેલાડીઓ સમાવાયા

બીસીસીઆઈના પૂર્વ સેક્રેટરી નિરંજનભાઈ શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું કે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન ક્રિકેટની રમત માટે કટિબદ્ધ છે અને વિવિધ ક્રિકેટ પ્રવૃત્તિઓ દ્વારા શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યું છે. સૌરાષ્ટ્ર પ્રિમીયર લીગ એ એક એવું પ્લેટફોર્મ છે જે સૌથી વધુ લોકપ્રિય બનતું જાય છે. ટી-20 ફોર્મેટ માટે ખેલાડીઓને તમામ પ્રકારનો અનુભવ આ ટૂર્નામેન્ટ પૂરો પાડી રહ્યું છે. આ ટૂર્નામેન્ટ થકી સૌરાષ્ટ્રના ખેલાડીઓને વિશ્વમાં પોતાની ક્રિકેટ ક્ષમતાને પૂરવાર કરવાની તક આપી છે. અત્યંત પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં મેળવેલી જીત આ વાતનો સચોટ પૂરાવો છે.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવભાઈ શાહે સૌરાષ્ટ્ર પ્રિમીયર લીગ-3ની જાહેરાત દરમિયાન પોતાના સંબોધનમાં જણાવ્યું કે એસપીએલએ દેશભરમાં ખૂબ જ લોકપ્રિય ટી-20 ટૂર્નામેન્ટ પૈકીની એક છે. સૌરાષ્ટ્રમાં છુપાયેલી ક્રિકેટ પ્રતિભાઓને બહાર લાવવાનું કામ આ ટૂર્નામેન્ટે કર્યું છે અને તેની લોકપ્રિયતામાં પણ કૂદકે ને ભૂસકે




વધારો થઈ રહ્યો છે. હું ગર્વ સાથે કહી શકું કે એસપીએલએ સૌરાષ્ટ્રના ક્રિકેટરોને ખૂબ જ ઉમદા અનુભવ આપ્યો છે અને આપણા ઘણા ખેલાડીઓ આઈપીએલમાં પસંદગી પામ્યા છે. સૌરાષ્ટ્રની ટીમે રણજી ટ્રોફી, વિજય હઝારે ટ્રોફી અને અન્ડર-25 ટ્રોફી જીતી છે જેની સફળતા પાછળ સૌરાષ્ટ્ર પ્રિમીયર લીગનો સિંહફાળો રહેલો છે.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના જોઈન્ટ સેક્રેટરી કરણભાઈ શાહે જણાવ્યું કે સૌરાષ્ટ્ર પ્રિમીયર લીગ એ ભારતમાં રમાતી શ્રેષ્ઠ ટી-20 ટૂર્નામેન્ટ પૈકીની એક છે. આજે ખેલાડીઓની ડ્રાફ્ટિંગ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે અને તેમાં પાંચેય ટીમો વચ્ચે એકદમ સ્પર્ધાત્મક ક્રિકેટ રમાય તેને ધ્યાનમાં રાખીને ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર પ્રિમીયર લીગનો પ્રારંભ 15 જૂનથી થો. આ તકે હું પસંદગીકારો, તમામ ટીમના કોચ, સપોર્ટિંગ સ્ટાફ, વહીવટી સ્ટાફ અને શ્રી મનન વકીલનો આભાર વ્યક્ત કરું છું જેમણે સરળતાથી અને સંપૂર્ણ પારદર્શિતા સાથે ડ્રાફ્ટીંગ પ્રક્રિયા પૂર્ણ કરી છે. આવનારા સમયમાં આપણે બધા ક્રિકેટની ખૂબ જ સારી ગુણવત્તાના સાક્ષી બનશું.

# જૂની સંસદ બની 83 લાખમાં, નવી 970 કરોડમાં..!

■ 96 વર્ષ જૂની સંસદ ઐતિહાસિક ભાષણો, ચર્ચાઓ અને ઘટનાઓની સાક્ષી રહી છે

ગુજરાત | વંદન




દેશને 28મેએ નવી સંસદ મળી જશે. વિપક્ષના વિવાદ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બનીને તૈયાર થયેલી આ નવી ઈમારતનું ઉદ્ઘાટન કરશે. નવી સંસદનું નિર્માણ હાલની અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યામાં રાખીને તૈયાર કરવામાં આવી છે. મહત્વનું છે કે હવે આ જ સંસદમાં દેશના ભવિષ્યની રૂપરેખા બનશે. તર્ક-વિતર્ક તેમજ ચર્ચાઓ થશે. અહીંથી જ ભારતીય લોકશાહી નવો વળાંક લેશે અને 'ન્યૂ ઈન્ડિયા'ના સપના સાકાર થશે. આ ઈમારત સંસદીય પરંપરા અને જીવંત લોકશાહીનું સાક્ષી બનશે. આમ છતાં જૂની સંસદ ભવનનું મહત્વ ઘટશે નહીં.

## જૂની સંસદનો ઈતિહાસ

સવાલ એ છે કે આ નવા બિલ્ડિંગ પછી જૂના સંસદ ભવનનું શું થશે? તો આનો જવાબ ગત માર્ચમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ આપ્યો હતો. રાજ્યસભામાં તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, નવા સંસદ ભવનનું નિર્માણ થયા બાદ આ ઈમારતનું સમારકામ કરવામાં આવશે. તેને ફરીથી કરવામાં આવશે. આ ઈમારતના પુરાતત્વીય મહત્વને જોતા સરકાર તેને સંરક્ષિત કરશે. એવું કહેવાય છે કે, જૂની સંસદનો ઉપયોગ સંસદ સંબંધિત કાર્યક્રમોના આયોજન માટે કરવામાં આવશે. 96 વર્ષ જૂની સંસદ ઐતિહાસિક ભાષણો, ચર્ચાઓ અને ઘટનાઓની સાક્ષી રહી છે.

## આ રીતે બનીને તૈયાર થયું હતું જુનું સંસદ ભવન



જૂની સંસદની ડિઝાઈન બ્રિટેનના આર્કિટેક્ટ એડવિન લુટિયન્સ અને હરબર્ટ બેકરે 1912-1913 વચ્ચે તૈયાર કર્યું. ત્યાર બાદ સંસદ ભવનનું નિર્માણ કાર્ય 1921માં શરૂ થયું અને તે 1927માં બનીને તૈયાર થયું. આ ભવનની આધારશિલા ડ્યૂક ઑફ કનૉટ એન્ડ સ્ટ્રાદર્નના પ્રિન્સ આર્થરે ફેબ્રુઆરી 1921માં રાખી. સંસદ ભવનને તૈયાર કરવામાં લગભગ 6 વર્ષનો સમય લાગ્યો. આગળ 1956માં સંસદ ભવનમાં વધુ બે ફ્લોર બનાવવામાં આવ્યા. સંસદનું નિર્માણ 790 સભ્યોના બેસવાના હિસાબે બનાવવામાં આવી છે. આ ભવનના નિર્માણમાં તે સમયે 83 લાખ રૂપિયાનો ખર્ચ થયો. જ્યારે નવા સંસદ ભવનના નિર્માણમાં 970 કરોડ રૂપિયાનો ખર્ચ આવ્યો છે.



જુઓ પાર્થ આ છે આપણું ઈન્દ્રપ્રસ્થ....: દેશમાં નવી સંસદનું ઉદ્ઘાટન થવા જઈ રહ્યું છે ત્યારે સોશિયલ મીડિયામાં દિલ્હી કે જે અગાઉ ઈન્દ્રપ્રસ્થ તરીકે જાણીતુ હતું અને પાંડવો દ્વારા નિર્માણ કરવામાં આવ્યું તેનું એક કાલ્પનિક ચિત્ર વાયરલ થઈ રહ્યું છે.

## ડૂબતા વોડાફોનને મળ્યો તણખલાનો સહારો વાર્ષિક આવક 9% કરતાં વધી, આ રીતે થઇ રહ્યો છે દેવામાં ઘટાડો

ગુજરાત | વંદન




દેશની ત્રીજી સૌથી મોટી ખાનગી ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયા લિમિટેડની આવકમાં પ્રથમ વખત વધારો થયો છે. જે કંપની માટે મોટી રાહત છે. કંપનીની ખોટમાં પણ ઘટાડો થયો છે. કંપનીએ ગુરુવારે તેના ત્રિમાસિક પરિણામો જાહેર કર્યા. જેમાં કંપની માટે કેટલાક રાહતના આંકડા જોવા મળ્યા હતા. આ આંકડાઓના આધારે શુક્રવારે શેરબજારમાં કંપનીના શેરમાં સાડા ત્રણ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો છે. ચાલો તમને એ પણ જણાવીએ કે કંપની દ્વારા કેવી રીતે આંકડા જાહેર કરવામાં આવ્યા છે.

નાણાકીય વર્ષ 2022-23 ના ચોથા ક્વાર્ટરમાં, જેને માર્ચ ક્વાર્ટર તરીકે પણ ઓળખવામાં આવે છે, દેવામાં ડૂબેલી ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયા લિમિટેડ એટલે કે VIL એ તેની ખોટ ઘટાડીને 6,418.9 કરોડ રૂપિયા કરી દીધી છે. વીઆઈએલ દ્વારા શેરબજારને આપવામાં આવેલી માહિતી અનુસાર, કંપનીએ એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. 6,563.1 કરોડની ખોટ જોઈ હતી. જો આખા નાણાકીય વર્ષની વાત કરીએ તો કંપનીની ખોટમાં વધારો થયો છે. આંકડાઓ અનુસાર, નાણાકીય વર્ષ 2022-23માં વોડાફોન આઈડિયાની ખોટ વધીને રૂ. 29,297.6 કરોડ થઈ છે, જ્યારે નાણાકીય વર્ષ 2021-22માં કંપનીની ખોટ રૂ. 28,234.1 કરોડ હતી.

નાણાકીય વર્ષના સ્તરે, વોડાફોન આઈડિયાએ આવકના મોરચે જીત મેળવી છે. આંકડા અનુસાર, નાણાકીય વર્ષ 2022-23માં VILની આવકમાં 9.4 ટકાનો વધારો થયો છે અને તે 42,133.9 કરોડ રૂપિયાના આંકડા પર પહોંચી ગયો છે. બીજી તરફ, કંપનીના દેવામાં પણ ઘટાડો થયો છે, જે 31 માર્ચના રોજ ઘટીને 2.09 લાખ કરોડ રૂપિયા પર આવી ગયો છે. ડિસેમ્બર 2022 ક્વાર્ટરના અંતે તે 2.23 લાખ કરોડ રૂપિયા હતો.

## સૌથી મોટી ખુશખબરી
## 4 જૂને કેરળમાં દસ્તક આપશે ચોમાસું

ગુજરાત | વંદન

ચોમાસાની સિઝન શરૂ થવાને હવે ગણતરીના દિવસો જ બાકી છે. દરમિયાન, ભારતીય હવામાન વિભાગ (IMD) એ ચોમાસાને લઈને તેની બીજી આગાહી જાહેર કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ચોમાસું 4 જૂને કેરળમાં દસ્તક આપશે. સાથે જ હવામાનશાસ્ત્રીઓના મતે ચોમાસા માટે હવામાન અનુકૂળ છે. તે જ સમયે, ઉત્તર ભારતમાં આગામી બે-ત્રણ દિવસમાં સારા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વર્ષે, સમગ્ર ચોમાસાની સિઝનમાં સરેરાશ વરસાદના 96%-104% વરસાદ થવાની ધારણા છે.

ચોમાસાની પ્રગતિ માટે સ્થિતિ સારી દેખાઈ રહી છે. બીજી તરફ જો મે મહિનાની વાત કરીએ તો ઉત્તર-પૂર્વના રાજ્યોમાં તાપમાન સામાન્ય કરતા વધારે રહ્યું છે. આમ છતાં દેશના મોટાભાગના વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન વરસાદની શક્યતા છે.

## પોલીસ સાથે મળીને માસ્ક બેન્ક તૈયાર કરી
## એક દિવસમાં 2000થી વધુ માસ્ક બનાવ્યાં, UPની યુવતીનું નામ 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ' માં નોંધાયું

ગુજરાત | વંદન



ઉત્તર પ્રદેશના ઝાંસીની યુવતી નીતિકા સિંહે એક સિદ્ધિ મેળવી છે. નીતિકાનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં નોંધાઈ ગયુ છે. તેને 1 દિવસમાં સૌથી વધુ હેન્ડ મેડ માસ્ક બનાવવા માટે સન્માન આપવામાં આવ્યુ છે. તેણે 1 દિવસમાં 2000થી વધુ માસ્ક બનાવીને લોકોને નિ:શુલ્ક વહેંચ્યા હતા અને આ કામને નિરંતર ચાલુ પણ રાખ્યુ હતુ.

નીતિકા સતત સમાજ સેવાના કાર્યો સાથે જોડાયેલી રહે છે. તે શિક્ષણ, આરોગ્ય અને સ્વાવલંબનના ક્ષેત્રે સતત કામ કરતી રહે છે. તાજેતરમાં જ નીતિકાની દેશના ટોપ 20 યુવાનોમાં પસંદગી કરવામાં આવી હતી અને જમ્મુ-કાશ્મીરમાં તેને સન્માનિત કરવામાં આવી હતી. નીતિકાએ પોતે માસ્ક બનાવવાની સાથે જ ઝાંસી પોલીસ સાથે મળીને એક માસ્ક બેન્ક પણ તૈયાર કરી હતી. તેણે મહિલા કોન્સ્ટેબલને માસ્ક બનાવવાની ટ્રેનિંગ પણ આપી હતી.

નીતિકાએ લોકડાઉન દરમિયાન ઘણા લોકોને માસ્ક વિના ફરતા જોયા હતા. જે બાદ તેણે ઘરમાં જ માસ્ક તૈયાર કરવાનો નિર્ણય લીધો. તેના આ કાર્યને જોતા ઝાંસી પોલીસે તેને વિનંતી કરી કે તે માસ્ક બેન્ક પણ તૈયાર કરે. જે બાદ તેણે પોલીસ લાઈનમાં મહિલા કોન્સ્ટેબલને માસ્ક બનાવવાની ટ્રેનિંગ આપી અને ત્યાંથી બનેલા માસ્ક ઝાંસીની સામાન્ય જનતાને વહેંચ્યા હતા.

## રાહુલ ગાંધીને 3 વર્ષની વેલીડીટીનો પાસપોર્ટ આપવા અદાલતની મંજુરી

■ કોંગ્રેસના નેતાનો પાસપોર્ટ સરેન્ડર થતા નાગરિક તરીકે નવો પાસપોર્ટ મળશે

ગુજરાત | વંદન



કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને હવે એક સામાન્ય નાગરિક તરીકે હાલ 3 વર્ષનો પાસપોર્ટ મળશે. રાહુલે મોદી સરનેમ વિવાદમાં તેનું લોકસભા સભ્યપદ ગુમાવ્યા બાદ તેનો ડિપ્લોમેટીક પાસપોર્ટ સરેન્ડર કરી દીધો હતો અને રાહુલે નવા પાસપોર્ટની અરજી કરી હતી પણ ભાજપના પુર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ નેશનલ હેરલ્ડ સહિતના કેસમાં રાહુલ ગાંધી જામીન પર હોવાથી તમોને પાસપોર્ટ આપવામાં આવે તો ગમે ત્યારે દેશ છોડીને જશે અને અદાલતી સુનાવણી સમયે હાજર રહેશે નહી તેવી રજુઆત કરી રાહુલ ગાંધીને નવા પાસપોર્ટ આપવાનો વિરોધ કર્યો હતો. જો કે દિલ્હીની સાઉથ એવન્યુ કોર્ટે રાહુલ ગાંધીની અરજી સ્વીકારી તેમને હાલ 3 વર્ષની એસીડીટી ધરાવતો પાસપોર્ટ આપવાની મંજુરી આપી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ રાહુલને 1 વર્ષની મુદત માટે અને દર વર્ષે રીવ્યુ રીપોર્ટના આધારે પાસપોર્ટ આપવાની દલીલ કરી હતી પણ તે સ્વીકારાઈ ન હતી.

## વડાપ્રધાન દ્વારા લવાયેલા ચિત્તાઓની મોતે ચિંતા વધારી
## કુનો નેશનલ પાર્કમાં ચિત્તાના વધુ 2 બચ્ચાના મોત, ચિત્તાની સંખ્યામાં ચિંતાજનક ઘટાડો

ગુજરાત | વંદન

કુનો નેશનલ પાર્કમાંથી ફરી ખરાબ સમાચાર આવ્યા છે. કારણ કે, નામિબિયાથી લાવવામાં આવેલા ચિત્તાના વધુ બે બચ્ચા મૃત્યુ પામ્યા છે. આ પહેલા 23 મેના રોજ પણ એક બચ્ચાનું મોત થયું હતું. ખરેખર, તાજેતરમાં જ જ્વાલા નામની માદા ચિત્તાએ 4 બચ્ચાને જન્મ આપ્યો હતો. આ પછી એક બચ્ચાનું મોત થયું હતું. જ્યારે પરિસ્થિતિ જોતા બાકીના 3 બચ્ચા અને માદા ચિતા જ્વાલાને વન્યજીવ તબીબોની ટીમની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા.

મધ્યપ્રદેશના મુખ્ય મુખ્ય વન સંરક્ષક દ્વારા કહેવામાં આવ્યું છે કે 23 મેના રોજ તીવ્ર ગરમી હતી અને ઠંડક ચાલુ રહી હતી. જેના કારણે ત્રણેય બચ્ચાઓની અસામાન્ય સ્થિતિ અને ગરમીને જોતા મેનેજમેન્ટ અને વન્યજીવ તબીબોની ટીમે તાત્કાલિક ત્રણેય બચ્ચાને બચાવી લેવા અને જરૂરી સારવાર કરવાનો નિર્ણય લીધો હતો. પરંતુ આ દરમિયાન બે બચ્ચાની હાલત વધુ ખરાબ થતાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### હજુ એકની હાલત નાજુક



અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે કે 1 બચ્ચાની હાલત હજુ પણ નાજુક છે અને તેને સારવાર માટે પાલપુરની હોસ્પિટલમાં રાખવામાં આવ્યો છે. અહીં તેની સતત સારવાર કરવામાં આવી રહી છે. સારવાર માટે, ચિત્તા નિષ્ણાતો અને નામિબિયા અને દક્ષિણ આફ્રિકાના ડૉક્ટરો પાસેથી પણ સલાહ લેવામાં આવી રહી છે. તે જ સમયે, માદા ચિત્તા સ્વસ્થ છે અને તેને પણ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવી છે.

## નવી મુંબઈમાં 524 ઈમારતો જોખમી, મ્યુનિ. કોર્પો. દ્વારા ખાલી કરવાનો આદેશ

ગુજરાત | વંદન

નવી મુંબઈ નગર નિગમના શહેરી વિસ્તારમાં વિસ્તૃત સર્વેક્ષણ બાદ પોતાના અધિકાર ક્ષેત્રમાં આવતી 524 ઈમારતોને ખતરનાક એટલે કે જોખમી ઘોષિત કરવામાં આવી છે. નગર નિગમે ગુરુવારે આ અંગે જાણકારી આપી છે. નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર રાજેશ નાર્વેકરે જારી કરેલી પ્રેસ રિલીઝ મુજબ, 524 ઈમારતોમાંથી 61 ઈમારતો C-1 શ્રેણીમાં આવે છે (સૌથી ખતરનાક, રહેઠાણ માટે અયોગ્ય અને તાત્કાલિક તોડી પાડવાની જરૂર). જ્યારે 114 C-2A શ્રેણીમાં આવે છે (ઈવેક્યુએશન અને માળખાકીય સમારકામની જરૂર છે), 300 C-2B (ખાલી કર્યા વિના સમારકામની જરૂર છે) અને 49 C-3 (નાના સમારકામની જરૂર છે).

નાગરિક સંસ્થાના જણાવ્યા અનુસાર, C-1 કેટેગરીમાં આવતી ઈમારતોને વીજળી અને પાણીનો પુરવઠો તરત જ કાપી નાખવામાં આવશે. આ ઈમારતોને તાત્કાલિક તોડી પાડવામાં આવશે.

રીલીઝ મુજબ, જોખમી ઈમારતોના માલિકો અને રહેવાસીઓને કોઈપણ અકસ્માત અને જાનહાનિ ટાળવા માટે જગ્યા ખાલી કરવા માટે કહેવામાં આવ્યું છે. C-1 સિવાયની કેટેગરીની ઈમારતોને સમારકામની જરૂર છે, જે પછી નાગરિક સંસ્થા તેમને ફિટનેસનું પ્રમાણપત્ર આપશે અને પછી લોકો ફરીથી તેમાં રહેવા માટે સક્ષમ બનશે.


## 7 વર્ષમાં ભારતમાં ટીબીથી મોતમાં 15%, નવા કેસ 13% ઘટયા

ગુજરાત | વંદન

કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે ભારતમાં 2015 થી 2022 સુધીના સાત વર્ષના ગાળામાં ટીબીના નવા કેસોમાં 13 ટકાનો ઘટાડો થયો છે જયારે ટીબીથી મોતનું પ્રમાણ પણ 15 ટકા ઓછુ થયુ છે.

ભારત દ્વારા ટીબીના પડકારના વિશ્લેષણ માટે સ્વદેશી તંત્ર વિકસાવવામાં આવ્યું છે. તેઓએ જીનીવામાં આયોજીત 76મી વિશ્વ આરોગ્ય સભામાં કવાડ રાષ્ટ્રોના સંમેલનમાં સંબોધન કર્યુ હતું.

## ટીપુ સુલતાનની તલવાર લંડનમાં 143 કરોડમાં વેચાઈ



ગુજરાત | વંદન

18મી સદીના મૈસુરના શાસક ટીપુ સુલતાનની તલવારની યુકેમાં હરાજી કરવામાં આવી છે. તલવારની હરાજીએ ભારતીય વસ્તુની હરાજીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા. તે આ સપ્તાહના ઈસ્લામિક અને ભારતીય કલા વેચાણમાં £14 મિલિયન (GBP) માં વેચાયું હતું.

1782 થી 1799 સુધી શાસન કરનાર ટીપુ સુલતાનની તલવારને 'સુખેલા' કહેવામાં આવે છે - શક્તિનું પ્રતીક. તલવાર સ્ટીલનું બનેલું છે અને તેના પર સોનાની ઉત્કૃષ્ટ કોતરણી છે.

## સિસોદિયા સાથે પોલીસનું વર્તન જોઈને કેજરીવાલ ફફડી ગયા હશે કેમ કે હવે તેમનો વારો..?!
## 'પીએમ મટીરિયલ' કેજરીવાલની હાલત સુડી વચ્ચે સોપારી જેવી, ન ઇધર કે ન ઉધર કે..?!

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીના સુપ્રિમો અરવિંદ કેજરીવાલને નરેન્દ્ર મોદી બાદ વડાપ્રધાન થવુ છે. તેની તૈયારીઓ પણ જોરશોરથી શરૂ કરી હતી. કેજરીવાલને કોણ ટેકો આપે છે એ પત્તા ધીમે ધીમે ખુલી રહ્યાં છે. બધુ સારૂ ચાલતું હતું પણ તેના ખાસ વિશ્વાસુ અને પોતે વડાપ્રધાન બને તો જેમને દિલ્હીના સીએમ બનાવવા માંગતા હોય તે તેમની સરકારના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસેદિયાની દારૂ કાંડમાં ધરપકડ અને તેમને જલમાંથી છૂટવા ન દેવા, ઉપરાંત કેજરીવાલની પણ સીબીઆઈ દ્વારા પૂછપરછના પગલે કેજરીવાલની હટી ગઈ છે.

કેજરીવાલનું રાજકીય સ્થાન ખરેખર શું છે...ભાજપ તરફી...કે કોંગ્રેસ વિરોધી..? રાજકીય ક્ષંત્રે એમ કહેવાય છે કે 2014માં લોકસભાની ચૂંટણીમાં કેજરીવાલે વારાણસીની બેઠક પર મોદીની સામે ઉભા રહીને કોંગ્રેસના મતોમાં ગાબડા પાડ્યા હતા. ત્યારથી તેઓ અને તેમની પાર્ટી કોંગ્રેસના મતો તોડવાનું કામ કરીને ભાજપને જીતાડવા માટેની ભાજપની બી ટીમ તરીકેની છાપ પડી ગઈ.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પણ કેજરીવાલે કોંગ્રેસના મતોમાં ગાબડા પાડ્યા. પણ જેમના ખીલે કૂદી રહ્યાં છે તેમની સાથે કે કોઈ સંસ્થા સાથે કંઈક વાંકુ પડ્યુ કે પછી પોતે વડાપ્રધાનની લઈનમાં છે એવી તૈયારી આરંભતા તેમને સંકજામાં લેવાની શરૂઆત થઈ અને છેલ્લે અધિકારીઓની બદલીના અધિકારો ઉપરાજ્યપાલ પાસે નહીં પણ ચૂંટાયેલી સરકાર પાસે જ હોવા જોઈએ એવો નિર્ણાયક ચુકાદો આવતાં કેજરીવાલ ખુશ ખુશ થયા પણ કેન્દ્ર સરકારે ફટાફટ એક વટહુકમ બહાર પાડીને સુપ્રિમનો ચુકાદો ઉલટાવી નાંખીને ઉપરાજ્યપાલને અધિકારો ફરીથી સોંપતા કેજરીવાલની હાલત ધોબીના શ્વાન જેવી થઈ ગઈ છે.



### 370માં ભાજપને સાથ આપનાર કેજરીવાલ અને આપ પાર્ટીનો ભાજપ જ સફાયો કરશે..?!

સવાલ એ ચર્ચામાં છે કે જો તેઓ ભાજપની બી ટીમ છે અને ભાજપની જેમ તે પણ કોંગ્રેસનો સફાયો કરવા નિકળ્યો હોય તો મોદી સરકારે સુપ્રિમના ચુકાદાને શા માટે ઉલટાવીને કેજરીવાલનું હાસ્ય વિલાઈ નાંખ્યું...? દિલ્હીમાં સૌ જાણે છે કે કેજરીવાલ સરકારને કઈ રીતો ભાજપે ઘેરાબંધી કરી રાખી છે. અને હવે મોદી સરકારે તેમની પાંખો કાપી નાંખતાં હવે માથુ નીચુ રાખીને કોંગ્રેસ સહિત વિરોધપક્ષો પાસેથી મદદનો હાથ લાંબો કર્યો કે, આવો આપણે સૌ સાથે મળીને મોદી સરકારના આ તાનાશાહી નિર્ણયનો વિરોધ કરીએ..મને સાથ આપો....

દિલ્હીની એક સ્થાનિક કોર્ટ કંપાઉન્ડમાં જ મિડિયા સાથે વાત કરવાનો પ્રયાસ કરનાર મનિષ સિસોદિયાએ જેવુ નરેન્દ્ર મોદીનું નામ લીધી કે દિલ્હી પોલીસના એક અધિકારીએ તેમની બોચી પકડીને જાણે ઢઝસડીને લઈ જતાં હોય તેમ લઈ જતાંના વિડિયો વાઈરલ થતાં ભાવિ પીએમ કેજરીવાલ અંદરથછી ફફડી ગયા હશે અને વિચારી રહ્યાં હશે કે તેમની સાથખે પણ એવુ જ વર્તન થશે તો...કેમ કે ભાજપના દિલ્હીના નેતાઓ ગાજી ગહાજીને કહી રહ્યાં છે કે કેજરીવાલ જેલમાં જશે અને ભારતના ઈતિહાસમીં કોઈ સીએમને દિવસો સુધી જેલમાં રહેવું પડશે...!

દિલ્હીની વહીવટીય સેવાઓ બાબતે કેન્દ્રના વટહુકમને બદલવા માટેના બિલને રાજ્યસભામાં હરાવવા કેજરીવાલે તમામ બિન-ભાજપ પક્ષોનો ટેકો માંગ્યો છે, અને કહ્યું છે કે આ વિરોધ પક્ષો માટે "અગ્નિ પરિક્ષાનો સમય" છે, અને તમામ વિપક્ષોએ સાથે આવવું જોઈએ, જો તેઓ દેશની લોકશાહી અને બંધારણ બચાવવા માંગતા હોય તો.

આ અંગે કેટલાક કહે છે આ વિપક્ષની અગ્નિપરીક્ષા નથી પણ કેજરીવાલ, આ તારી અગ્નિ પરીક્ષા છે....! કેજરીવાલે કરેલી અપીલના જવાબમાં કમ સે બે નેતાઓએ કેજરીવાલની પાણી પી પીને મજા લેતા તેમની ઠેકડી ઉડાવી કે તમે ભાજપને ક્યારે ક્યારે ટેકો આપ્યો અને વિપક્ષથી દૂર રહ્યાં..

એક ટ્વિટર પોસ્ટમાં, કોંગ્રેસના ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ....અનુસંધાન પેજ નં. 6 પર

# મોનાલિસાએ સાડીમાં આપ્યા કાતિલ પોઝ

## માદક અદાઓ જોઈને ચાહકો રહી ગયા દંગ

ભોજપુરી એક્ટ્રેસ મોનાલિસાના લેટેસ્ટ ફોટોશૂટે સોશિયલ મીડિયા યુઝર્સને નિસાસો નાખવા મજબૂર કરી દેતા હોય છે. મોનાલિસાના બોલ્ડ ફોટા ઘણીવાર ઈન્સ્ટાગ્રામનું તાપમાન વધારી દે છે. આ લેટેસ્ટ ફોટોશૂટ દરમિયાન પણ ભોજપુરી ઈન્ડસ્ટ્રીની આ બ્યુટી ઘણી હોટ અને બોલ્ડ લાગી રહી છે. તે એથનિક લુકમા હોય કે સાડીમાં તે પોતાના લુકથી લોકોને પ્રભાવિત કરે છે. હાલમાં જ તેણી પીળી સાડીમાં પોતાના ફોટાઓ સોશિયલ મીડિયામાં શેર કર્યા છે. પીળી સાડીમાં તેણે હોટ અને સેક્ટી બ્લાઉઝ કેરી કર્યો છે. પોતાના લુકને ખુબસુરતી આપતા કાનમાં ઝુમકા અને ગળામાં નેકલેસ પહેરી રાખ્યો છે. મોનાલિસાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર 5.3 મિલિયન લોકો ફોલો કરે છે. કોમેન્ટ સેક્શનની એક ઝલક જોઈને તમને અભિનેત્રીની જબરદસ્ત ફેન ફોલોઈંગનો અંદાજ પણ આવી જશે. લોકો ઘણીવાર તેની સુંદરતા પર લોકગીતો વાંચતા જોવા મળે છે. અભિનેત્રીના ચાહકો ક્યારેક ફાયર ઈમોજીસ તો ક્યારેક હાર્ટ ઈમોજીસ પોસ્ટ કરતા જોવા મળે છે. મોનાલિસા ટીવી શો, ભોજપુરી ફિલ્મો અને સ્ટેજ શો દ્વારા તેના ચાહકોનું મનોરંજન કરતી રહે છે. એક્ટ્રેસ સ્ટેજ શોમાં પોતાના જબરદસ્ત ડાન્સથી લોકોને ડાન્સ કરવા મજબૂર કરે છે. એકંદરે, ભોજપુરી અભિનેત્રી મોનાલિસાના ચાહકોને તેનો લુક દરેક રીતે પસંદ છે.



# રણબીર કપૂર બોલિવૂડની એક સુંદરી સાથે રોમાન્સ કરતી વખતે તેને પરસેવો વળી ગયો હતો...

## રણબીર કપૂરે એક ઈન્ટરવ્યુ દરમિયાન કર્યો આ ખુલાસો

બોલિવૂડ એક્ટર રણબીર કપૂરે ઈન્ડસ્ટ્રીની અનેક સુંદરીઓ સાથે મોટા પડદા પર રોમાન્સ કર્યો છે. રણબીર વિશે એવું કહેવાય છે કે તે ઈન્ડસ્ટ્રીનો ચોકલેટી બોય છે અને તે રોમાંસથી ભરપૂર છે. રીલ લાઈફથી લઈને રિયલ લાઈફ સુધી દરેક જગ્યાએ રણબીરના રોમાંસની ચર્ચા છે. પરંતુ શું તમે જાણો છો કે જ્યારે રણબીર કપૂર બોલિવૂડની બ્યુટી સાથે રોમાન્સ કરવાનો હતો ત્યારે તેને પરસેવો આવવા લાગ્યો હતો અને તેના હાથ ધ્રૂજવા લાગ્યા હતા.

રણબીર કપૂરે એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું હતું કે જ્યારે તેની અને ઐશ્વર્યા રાય વચ્ચે એ દિલ હૈ મુશ્કિલના સેટ પર એક રોમેન્ટિક સીન શૂટ થઈ રહ્યો હતો. તે સમયે તેના હાથ ધ્રૂજવા લાગ્યા, તે નર્વસ થઈ ગયો. તે શરમ અનુભવી રહ્યો હતો. જે બાદ ઐશ્વર્યાએ તેને સમજાવ્યું કે આ માત્ર એક્ટિંગ છે, તેમાં ગભરાવાની કોઈ વાત નથી. રણબીરે કહ્યું, મેં વિચાર્યું કે કદાચ મને આવો મોકો ફરી ક્યારેય નહીં મળે, આ મારી છેલ્લી તક હોઈ શકે છે, ત્યારબાદ તેણે સીનને સારી રીતે શૂટ કર્યો.

જણાવી દઈએ કે રણબીરના આ ઈન્ટરવ્યુ પછી લોકો તેને ટ્રોલ કરવા લાગ્યા હતા. લોકોએ કહ્યું કે રણબીરે ઐશ્વર્યાનું અપમાન કર્યું છે. આવી સ્થિતિમાં રણબીરે ટ્રોલર્સને જડબાતોડ જવાબ આપ્યો છે અને કહ્યું છે કે તે ઐશ્વર્યાનું ખૂબ સન્માન કરે છે. તે અમારી ફેમિલી ફ્રેન્ડ પણ છે. હું ક્યારેય તેમનો અનાદર નહીં કરું.





# અદિતિ રાવ હૈદરીએ લગાવી આંતરરાષ્ટ્રીય છલાંગ

## હિન્દુસ્તાની રાજકુમારીના બળવાની સનસનાટીભરી વાર્તા ફિલ્મ ‘લાયનેસ’માં દેખાશે

અભિનેત્રી અદિતિ રાવ હૈદરી, જેણે બે તાજેતરની OTT રિલીઝ વેબ સિરીઝ ‘જુબલી’ અને ‘તાજ’માં તેના અભિનયથી નવા રેકોર્ડ બનાવ્યા, તેણે હવે આંતરરાષ્ટ્રીય છલાંગ લગાવી છે. નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને બ્રિટિશ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી બનવા જઈ રહેલી ફિલ્મ ‘લાયનેસ’માં તે એક એવું પાત્ર ભજવવા જઈ રહી છે કે જેના પર આગામી દિવસોમાં સમગ્ર સિનેમા જગતની નજર મંડાયેલી રહેશે. મહારાજા રણજીત સિંહની પૌત્રી સોફિયા દિલીપ સિંહની આ વાર્તામાં અદિતિનું પાત્ર ફિલ્મનું ઉત્પ્રેરક હશે.

ફિલ્મ ‘લાયનેસ’ બ્રિટનની બે મહિલાઓની અદ્ભુત વાર્તા છે. ભારતીય મૂળની આ મહિલાઓ બે અલગ-અલગ સદીઓમાં જીવી છે. આમાંથી એક સોફિયા દિલીપ સિંહ છે જે મહારાજા રણજીત સિંહની પૌત્રી અને રાણી વિક્ટોરિયાની દત્તક પુત્રી છે અને બીજી મહેક ખાન છે. સોફિયા વિશે બહુ ઓછા લોકો જાણે છે. તેમણે એમ્બલિન પંકહર્સ્ટ સાથે 18 નવેમ્બર, 1910ના રોજ બ્લેક ફ્રાઈડે કૂચનું નેતૃત્વ કર્યું હતું. બ્રિટિશ સંસદની બહાર 400 થી વધુ લોકો દ્વારા આ પ્રખ્યાત પ્રદર્શન બ્રિટનમાં રહેતી મહિલાઓને મત આપવાનો અધિકાર મેળવવા માટે કરવામાં આવ્યું હતું.





# એક સમય એવો પણ હતો જ્યારે ફિલ્મો મળતી ન હતીઃ કૃતિ

## અભિનેત્રીએ સંઘર્ષના દિવસોનો અનુભવ શેર કર્યો

અભિનેત્રી કૃતિ સેનન ઈન્ડસ્ટ્રીની જાણીતી અભિનેત્રીઓમાંની એક છે. બિન-ફિલ્મી પૃષ્ઠભૂમિમાંથી આવતા હોવા છતાં, તેણે સિનેમાની દુનિયામાં એક સારી એવો સ્થાન પ્રાપ્ત કર્યો છે. લગભગ નવ વર્ષ પહેલા કૃતિએ ફિલ્મ ‘હીરોપંતી’થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ પછી તેણે ‘બરેલી કી બરફી’, ‘લુકા છુપી’ અને ‘મિમી’ જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. આજે ભલે તેમનું પોતાનું એક સ્થાન છે પણ એક સમય એવો હતો જ્યારે તેમને ફિલ્મો મળતી ન હતી. તાજેતરમાં જ કૃતિએ તેના સંઘર્ષના સમય વિશે વાત કરી હતી.

કૃતિ સેનન કહે છે કે જ્યારે તમે ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી નથી આવતા ત્યારે ઈન્ડસ્ટ્રીના લોકોને તમારું નામ યાદ રાખવામાં ઘણો સમય લાગે છે. હું લોકોને મારા નામનો પરિચય કરાવવા માંગતી હતી અને તે નામ પ્રતિભા સાથે આવે છે. મને હંમેશા ફિલ્મ સ્ટાર તરીકે ઓળખ બનાવવાની ભૂખ હતી. તેની શરૂઆત ‘બરેલી કી બરફી’થી થઈ હતી. આ પછી ‘લુકા છિપી’એ પણ સારો દેખાવ કર્યો. આ ફિલ્મો દ્વારા ભલે નાના પણ સાચી દિશામાં મારા પગલાઓ વધ્યા હતા. તે પછી ‘મિમી’એ બધું જ બદલી નાખ્યું અને મને પહેલીવાર બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો. મને અહીં પહોંચતાં આઠ વર્ષ લાગ્યાં.

# શૉર્ટ ડ્રેસમાં મલાઈકા અરોરાની સ્ટાઈલિશ તસ્વીરો સામે આવી



બોલીવુડ એક્ટ્રેસ મલાઈકા અરોરા ફરી એકવાર લાઈમલાઈટમાં આવી ગઈ છે. મંગળવારે સાંજે મલાઈકા પોતાની લેટેસ્ટ સ્ટાઈલ સ્ટેટમેન્ટના કારણે લાઈમલાઈટ આવી છે. મલાઈકા અરોરા બૉલીવૂડની એવી સુંદરી છે, તે જ્યારે પણ ઘરની બહાર નીકળે છે ત્યારે બધાની નજર તેના પર જ ચોંટી જાય છે. તે પોતાના બ્યૂટીફૂલ લૂક અને ગ્લેમરસ સ્ટાઈલથી ફેન્સને દિવાના બનાવવાની કોઈ તક છોડતી નથી.

મલાઈકા અરોરા હાલમાં જ મુંબઈના બાંદ્રામાં સ્ટાઈલિશ અંદાજમાં જોવા મળી હતી. આ દરમિયાન એક્ટ્રેસે શૉર્ટ ડ્રેસ પહેરીને પોતાની સુંદરતામાં ધૂમ મચાવી હતી.

આ દરમિયાન મલાઈકા વન શૉલ્ડર પ્રિન્ટેડ શૉર્ટ ડ્રેસમાં જોવા મળી હતી. તેને હાઈ હીલ સાથે ગુલાબી પર્સ કેરી કર્યુ હતુ. આ સાથે ગળામાં આકર્ષક હાર પહેરીને વાળને સારી રીતે બાંધ્યા હતા. તેનો લૂક મિનિમલ મેકઅપ સાથે ખૂબ જ સુંદર લાગતો હતો.

## હાઈ હીલ સાથે ગુલાબી પર્સ કેરી કર્યું, તસવીરો જોઈને ફેન્સના દિલ ધડક્યા...

મલાઈકા દરેક લૂકમાં ખૂબ જ અદભૂત લાગે છે, પરંતુ ગઈકાલે રાત્રે તેનો ચહેરો ચમકતો હતો અને તેના પરથી આંખો હટાવી શકાતી નહોતી. આ દરમિયાન મલાઈકાએ પણ સ્માઈલ સાથે પૈપરાજી તરફ હાથ લંબાવ્યો હતો.

મલાઈકાની આ તસવીરો સોશ્યલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે, અને ફેન્સ તેના ગ્લેમ લૂકના વખાણ કરી રહ્યા છે.

મલાઈકા 49 વર્ષની ઉંમરે પણ યુવા અભિનેત્રીઓને જોરદાર ટક્કર આપી રહી છે. એવું લાગે છે કે તેની સુંદરતા પણ ઉંમર સાથે વધી રહી છે. તેની ફિટનેસ જોઈને વિશ્વાસ નથી થતો કે આ અભિનેત્રી 50 વર્ષની થઈ જશે.

# હું મહેલમાં લગ્ન કરવા માંગતી હતી : પ્રિયંકા



બોલીવુડથી લઈને હોલીવુડ સુધી પોતાની અભિનય ક્ષમતાનો ઝંડો લહેરાવી રહેલી અભિનેત્રી પ્રિયંકા ચોપરાની શાનદાર જીવનશૈલીથી પણ સૌકોઈ વાકેફ છે. કરોડોના ઘરથી લઈને લક્ઝરી કાર સુધી પ્રિયંકા ચોપરા તેની જીવનશૈલીમાં કોઈ કસર છોડતી નથી. તો પછી પ્રિયંકા તેના લગ્નમાં કેમ ઓછો ખર્ચ કરે તે લગભગ શક્ય જ નહોતું. તેણે વર્ષ 2018માં ડેસ્ટિનેશન વેડિંગ કર્યું હતું અને લગ્નમાં પાણીની જેમ પૈસા ખર્ચ્યા હતા. એક દિકરીની માતા બન્યા બાદ છેક હવે જઈને અભિનેત્રીએ સમાન્યના બદલે શા માટે આટલા ભવ્યાતીભવ્ય લગ્ન કર્યા તેને લઈને ખુલાસો કર્યો છે.

આલિયા ભટ્ટ-રણબીર કપૂરથી લઈને દિયા મિર્ઝા સુધીના સેલેબ્સ સહિત ઘણા બોલિવૂડ સ્ટાર્સે ખૂબ જ સાદગીપૂર્ણ રીતે લગ્ન કર્યા હતા. જોકે, પ્રિયંકાએ ભારતમાં ભવ્ય લગ્ન કર્યા હતા. એક વાતચીતમાં પ્રિયંકા ચોપરાએ ખુલાસો કર્યો કે, તેણે સાદા લગ્નને બદલે શાહી અંદાજમાં લગ્ન કેમ કર્યા.

અભિનેત્રીએ કહ્યું હતું કે, કારણ કે મેં ક્યારેય કહ્યું જ નથી કે હું સાદી અને સિંપલ છું. મેં જે કર્યું તે બધું બિગ જ હતું. હું બોલ્ડ વ્યક્તિ છું. આ બિગ ફેટ વેડિંગ હતું, પરંતુ માત્ર 110 લોકોએ હાજરી આપી હતી. તેઓ બધા મારા અને મારા પતિના નજીકના લોકો હતા અને અમે તેને ખૂબ જ ઈંટીમેર રાખ્યા હતા. જો કે, હું મહેલમાં લગ્ન કરવા માંગતી હતી.”

# કાન્સમાં ગુજરાતની અભિનેત્રી કોમલ ઠક્કરે ચમકતા ગાઉનમાં લૂંટી મહેફિલ




ફ્રાન્સ શહેરના દરિયાકાંઠા વિસ્તારમાં 76મો કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરાવામાં આવ્યું છે. બોલિવુડની અભિનેત્રી મૃણાલ ઠાકુર, ઉર્વશી રૌતેલા, સારા અલી ખાન, ઈશા ગુપ્તા કાન્સમાં ડેબ્યુ કરી પોતાનો શાનદાર લુકથી લોકોને પ્રભાવિત કરી દીધા છે. ત્યારે ગુજરાતની અભિનેત્રી કોમલ ઠક્કરે પણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સતત આ બીજી વખત કાન્સમાં ભાગ લીધો છે. તેમણે પોતાના ચમકતા ગાઉનમાં શાનદાર ડ્રેસથી લોકોને પ્રભાવિત કરી મહેફિલ લૂંટી લીધી હતી.

અભિનેત્રી કોમલ ઠક્કરે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાના ચળકાટ ધરાવતા સુંદર ડ્રેસથી સૌને આકર્ષિત કર્યું હતું. કોમલ ઠક્કરે પોતાના વાળને ડ્રેસ સાથે મેચિંગ કર્યા હતા. ક્યૂટ સ્માઈલ સાથે પોઝ આપતી તેમની તસ્વીરો સામે આવી છે.

અભિનેત્રી કોમલ ઠક્કરનો ડ્રેસ ઈસ્તંબુલ તુર્કીના ફૌર સરકીસે ડિઝાઈન કર્યો છે. જ્યારે ઘરેણા લંડનની મોના ફાઈન જવેલરી દ્વારા બનાવ્યા છે. અભિનેત્રીનો બીજો લુક ભારતીય ડિઝાઈનર નિકેતા ઠક્કર દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, કોમલ ઠક્કરે માય ફાધર ઈકબાલ ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મથી તેમને ખુબજ નામના મળી હતી. ખરેખરમાં ગુજરાતી ફિલ્મોમાં વિવિધ ભૂમિકાઓ સારી રીતે ભજવીને કોમલે પોતાની અભિનય પ્રતિભા ખૂબ જ સરસ રીતે સાબિત કરી બતાવી છે. મૂળ કચ્છની અભિનેત્રી કોમલ ઠક્કરે 2004માં મીસ કચ્છનો ખિતાબ જીત્યો હતો.

ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com




શહેરમાં ઉનાળાની ભીષણ ગરમી-હિટ વેવ અને ગરમીનો પારો 40ની ઉપર પહોંચી રહ્યો છે. ગરમીથી બચવા નિતનવા ઉપાયો અજમાવવામાં આવે છે. કોઈ સામાન્ય વ્યક્તિ માથે ટોપી પહેરીને કે, ગમછો-રૂમાલ બાંધીને ગરમીથી રાહત મેળવવાનો પ્રયાસ કરતા હોય છે. તસ્વીરમાં દેખાય છે તેમ ખાનપુર ખાતેની એક ક્લબમાં સ્વિમિંગપુલનું પાણી ગરમીથી ગરમ ન થઈ જાય અને તરનારાઓને રાહત મળે તે હેતુથી તેની ઉપર ગ્રીન નેટ લગાવીને છાંયડો કરવામાં આવ્યો છે.....આવું દરેક સ્વિમિંગ પુલમાં કરાય તો કેટલું સારૂ....? (તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)

# રાજ્યમાં 28-29મેના રોજ ભારે પવન સાથે માવઠાની આગાહી

■ માછીમારોને દરિયો ન ખેડવા તાકીદ

ગુજરાત | વંદન




રાજ્યમાં શુક્રવારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જે બાદ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. વરસાદ પડ્યા બાદ શહેરીજનોને આગ ઓકતી ગરમીમાંથી આંશિક રાહત મળી હતી. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં ફરીથી વરસાદ પડી શકે છે. જે બાદ લોકોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે. રાજ્યમાં વાદળછાયુ વાતાવરણ રહેશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતનાં ખેડુતો માટે ફરી એકવાર માઠા સમાચાર સામે આવ્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ મુજબ આગામી 28 અને 29 મેના રોજ માવઠું પડી શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.પ્રાપ્ત રિપોર્ટ મુજબ, હવામાન વિભાગે ગુજરાતમાં ફરી એક વાર વરસાદની આગાહી કરી છે. આગામી 28 અને 29 મેના રોજ વાતાવરણમાં પલટો આવી શકે છે અને આ બે દિવસ દરમિયાન વરસાદ પડી શકે છે. ગુજરાતના સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉપરાંત આણંદ,ભરુચ, અમરેલી, રાજકોટ અને ભાવનગરમાં પણ વરસાદની શક્યતા રહેલી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની આગાહીને પગલે માછીમારોને દરિયો ન ખેડવા તાકીદ કરવામાં આવી છે.

## તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને અમૂલ દ્વારા દૂધની ખરીદી રોકવા સહકાર મંત્રી અમિત શાહને લખ્યો પત્ર

# અમૂલની સામે વધતો વિરોધ: કર્ણાટક બાદ હવે તમિલનાડુએ કહ્યું:-નો, પ્લીઝ

ગુજરાત | વંદન

કર્ણાટકમાં અમૂલ વર્સીસ નંદિની દૂધ વિવાદ બાદ હવે ગુજરાત સ્થિત સહકારી મંડળી અમૂલને દક્ષિણના રાજ્યમાંથી દૂધ ખરીદવાના પોતાના પગલાના કારણે તમિલનાડુમાં વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. તમિલનાડુના ડીએમકે સરકારના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને પત્ર લખીને કહ્યું છે કે, ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (અમૂલ)ને તમિલનાડુમાંથી દૂધ ખરીદવાની મંજૂરી આપવી જોઈએ નહીં. તાજેતરમાં અમૂલને કર્ણાટકમાં તાજુ દૂધ વેચવાના તેના પગલાના વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

સ્ટાલિને જણાવ્યું હતું કે, અમૂલ જે તમિલનાડુમાં રિટેલ આઉટલેટ્સ દ્વારા તેના ઉત્પાદનોનું વેચાણ કરે છે, તે હવે તેના બહુ રાજ્ય સહકારી લાઈસન્સનો ઉપયોગ કરીને કૃષ્ણાગિરી જિલ્લામાં ચિલિંગ કેન્દ્રો અને પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપિત કરવાની યોજના બનાવી રહી છે. કૃષ્ણાગિરી, ધર્મપુરી, વેલ્લોર, રાનીપેટ, તિરુપથુર, કાંચીપુરમ અને તિરુવલ્લુર જિલ્લાઓમાંથી પણ દૂધ મેળવવાનું આયોજન કરી રહ્યું છે.

અમૂલનું પગલુ તમિલનાડુ એવિનના દૂધ શેડ વિસ્તારનું ઉલ્લંઘન કરે છે. જે દાયકાઓથી સાચી સહકારી ભાવનાથી પોષવામાં આવે છે. સ્ટાલિને અમિત શાહને યાદ અપાવતા કહ્યું કે, સહકારી સંસ્થાઓએ એકબીજાના વિસ્તારમાં હસ્તક્ષેપ કર્યા વગર તેમનો વિકાસ થાય એવો આદર્શ રહ્યો છે. તેઓએ કહ્યું કે, આ પ્રકારની ક્રોસ પ્રોક્યોરમેન્ટ ઓપરેશન વ્હાઈટ ફ્લડની ભાવનાઓ ની વિરુદ્ધ છે અને દેશમાં દૂધની અછતની સ્થિતિને જોતા ગ્રાહકો માટે સમસ્યાઓમાં વધારો કરશે, એવું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

સરકારી આંકડાઓ દર્શાવે છે કે, એવિન પ્રતિ દિવસ લગભગ 4.5 લાખ સભ્યો અને ડેરી ખેડૂતો પાસેથી લગભગ 35 લિટર દૂધ મેળવે છે. આ તમિલનાડુમાં દરરોજ ઉત્પાદિત કુલ દૂધ (2.4 કરોડ લિટર)ના માત્ર 14 ટકા છે. તમિલનાડુના ભાજપ યુનિટના પ્રમુખ કે અન્નામલાઈએ કહ્યું કે, સ્ટાલિનનો પત્ર એક ડાયવર્ઝન ડ્રામા છે. એવિનનું દૈનિક દૂધ પ્રાપ્તિનું સ્તર ઘટીને 21 લાખ લિટર થઈ ગયું છે અને તેને સુધારવા માટે કોઈ પ્રયાસો કરવામાં આવ્યા નથી.

### અમૂલ એટલે દુધના ભાવમાં વારંવાર વધારો કરનાર ડેરી...!




ગુજરાતના ખેડામાં સહકારી આગેવાન ત્રિભુવન દાસ પટેલ વી. કુરીયન દ્વારા વૈશ્વિક ફલક પર લઈ જવામાં આવનાર અમૂલ ડેરીની છાપ વારંવાર દુધના ભાવમાં વધારો કરનાર તરીકેની પડી છે દર છ-બાર મહિને અમૂલ લીટરે 2 રૂપિયાનો વધારો કરે છે. દૂધ ઉપરાંત દૂધની બનાવટોના ભાવમાં પણ સમયાંતરે વધારો કરે છે. અમૂલ ડેરીને સહકાર ટેગનો લાભ મળે છે અને જ્યારે-જ્યારે ભાવ વધારો કરે છે ત્યારે રાજ્ય સરકાર કે સત્તાપક્ષ દ્વારા પ્રજાહિતમાં તેનો કોઈ વિરોધ કરાતો નથી. સહકારી માળખું સ્વાયત્ત છે અને સરકાર હસ્તક્ષેપ કરી શકે નહીં તેમ કહીને અમૂલને ઠેસ ઠપકો, રોક-ટોક કરાતી નથી. તે જોતા એક રીતે અમૂલ ઈજારાશાહી ભોગવતું હોય તેવી એક છાપ પણ પડી રહી છે.

# ગુજરાતમાં ફરી દરિયાઈ સરહદે ઝડપાયું 5 કરોડથી વધુનો ડ્રગ્સ

■ કચ્છ સરહદે BSFનુ સર્ચ ઓપરેશન, કોટેશ્વર નજીક કોરી ક્રીક ટાપુ પાસેથી મળી આવ્યુ પેકેટ

ગુજરાત | વંદન

કચ્છ સરહદે BSF દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. જેમાં વધુ એક વખત ડ્રગ્સનું પેકેટ મળી આવ્યું હતું. BSFની ટીમે કોટેશ્વર નજીક કોરી ક્રીક ટાપુ પાસે તપાસ હાથ ધરી હતી. જેમાં ડ્રગ્સનું પેકેટ મળી આવ્યું હતું. અંદાજે ડ્રગ્સની કિંમત 5 કરોડથી વધુ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. મહત્વનું છે કે આ ડ્રગ્સ પણ દરિયામાં વહી આવેલા પેકેટ જેવું જ હોવાથી આ દિશામાં વધુ વધુ તપાસ હાથ ધરી છે.



અગાઉ 11 એપ્રિલ ના રોજ કચ્છમાંથી MD ડ્રગ્સ ઝડપાયું હતું. પૂર્વ કચ્છ SOG એ MD ડ્રગ્સ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ભચાઉ નજીક એક મહિલા અને એક યુવકની ધરપકડ કરાઈ હતી. પોલીસે 3.22 કિલો ગ્રામ MD ડ્રગ્સ સાથે બે આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસે 5.58 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. થોડા દિવસ પહેલા પણ 3.42 લાખનું MD ડ્રગ્સ ઝડપાયું હતું 30 માર્ચ 2023 નાં રોજ પણ કચ્છનાં માધાપર પાસે SOG ને મળેલ બાતમીના આધારે 34.2 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જેની કિંમત 3.42 લાખનાં MD ડ્રગ્સ સહિત એક મહિલાને ઝડપી પાડી હતી. ત્યારે મહિલા રેશમા ક્રિષ્ના મંડલની પૂછપરછ કરતા તે પશ્ચિમ બંગાળની રહેવાસી છે તેમજ માધાપર હાઈવે ઉપર રહે છે. ત્યારે મહિલા મુંબઈમાં બાંદ્રા ખાતેથી ખરીદી કરી ભુજ પરત આવી હતી.

# અમદાવાદમાં યુવતીને પ્રેમજાળમાં ફસાવી, વિધર્મી યુવકે મિત્રો સાથે મળી દુષ્કર્મ આચર્યું

ગુજરાત | વંદન

શહેરની નારોલ પોલીસે અપહરણ અને દુષ્કર્મના ગુનામાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. યુવતીના પ્રેમી સહિતના આરોપીઓએ યુવતીને હોસ્પિટલ લઈ જવાના બહાને હોટલમાં લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું. તે ઉપરાંત પ્રેમીએ યુવતીના ઘરમાં ચોરી કરી હોવાનું પણ સામે આવ્યું છે. આ ગુનામાં નારોલ પોલીસે આરોપીઓની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનામાં પોલીસે યુવતીની પુછપરછ કરતાં એવી હકીકત સામે આવી હતી કે, આરોપીએ યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યાર બાદ તેને ધાનેરા લઈ ગયો હતો અને ત્યાં દુષ્કર્મ આચર્યું હતું. પ્રેમીએ શારીરિક સંબંધ બાંધ્યા હોવાની વાત કોઈને નહીં કરવા ધમકી પણ આપી હતી. આરોપીએ અમદાવાદમાં આ યુવતીને અલગ અલગ જગ્યાએ ગોંધી રાખીને મિત્રો સાથે મળીને દુષ્કર્મ આચર્યું હતું. એક સપ્તાહથી પણ વધુ દિવસો સુધી આવા દુષ્કૃત્યો કર્યા બાદ યુવતીને હોસ્પિટલ લઈ જવાના બહાને હોટેલમાં લઈ જઈને આ નરાધમોએ ફરીવાર દુષ્કર્મ આચર્યું હતું.

યુવતીએ પોલીસને કહ્યું હતું કે, તેના પ્રેમીએ ઘરમાં જ ચોરી કરી હતી. પોલીસે યુવતીની ફરિયાદના આધારે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આ આરોપીઓમાં મુખ્ય આરોપી જે યુવતીનો પ્રેમી છે તે વિધર્મી છે. નારોલ પોલીસે પકડેલા ત્રણ આરોપીઓના નામ છોટુરામ ઈસરાર શા, મિલન ઠાકોર અને રીન્કુ ગોહિલ છે. ત્રણેય આરોપીઓ વિરુદ્ધ નારોલ પોલીસ મથકે અપહરણ અને બળાત્કારની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ...અનુસંધાન પેજ નં. 6 પર

# રાજકોટ સિવિલમાં સ્ટ્રેચર 'ભગવા' રંગે રંગાતા રાજકારણ ગરમાયું

■ કોંગ્રેસ અને ભાજપના એકબીજા પર આરોપ-પ્રત્યારોપ

ગુજરાત | વંદન

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સ્ટ્રેચરના રંગને લઈ વિવાદ સર્જાયો છે. આ વખતે વિવાદનું કારણ બન્યુ છે સ્ટ્રેચરનો ભગવો રંગ. સામાન્ય રીતે કોઈપણ હોસ્પિટલમાં સ્ટ્રેચર સફેદ રંગના જ હોય, પરંતુ રાજકોટ સિવિલમાં સ્ટ્રેચરને કેસરી રંગે રંગી દેવાતા વિવાદ ઉભો થઈ ગયો છે. કોંગ્રેસનો આરોપ છે કે ભાજપના કહેવાથી હોસ્પિટલ સત્તાધીશોએ સ્ટ્રેચરનું ભગવાકરણ કર્યું છે. આ મામલે મેડિકલ ઓફિસર



એ.વી.રામાણીનું નિવેદન સામે આવ્યું છે. સ્ટ્રેચર દર્દીઓના સગા અન્ય વોર્ડમાં દર્દીને લઈ જતા અને પાછા સ્ટ્રેચર આપતા નહિ. સ્ટેચરનો કલર સરકારી નિયમ મુજબ સફેદ જ હોય, પરંતુ અમારા સિનિયર નર્સ દ્વારા કલર બદલવાનો નિર્ણય કર્યો હતો. સફેદને બદલે ભગવો કરવામાં આવ્યો તેની પાછળ કારણ એટલું જ હતું કે અમારા સ્ટ્રેચર ખોવાઈ ન જાય એટલો જ હતો. સ્ટ્રેચર દર્દીના સગાને લઈને જવા પાછળ કારણ એ છે કે પૂરતો સ્ટાફ નથી.

તો બીજી તરફ કોંગ્રેસના નેતા મહેશ રાજપૂત ઘટનાની જાણ થતા સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. સિવિલમાં સ્ટ્રેચર ભગવા રંગને લઈને રાજકારણ ગરમાયું છે, મધ્યમ વર્ગના લોકોને દેવાતી સાયકલ પણ ભગવા રંગની હતી. મહેશ રાજપૂતે કહ્યું કે, આવતા દિવસોની અંદર દર્દીઓને લગાવવાના પાટા અને દવા પણ ભગવી હશે. તો આ મામલે મેડિકલ અધિકારીએ કહ્યું કે, આ અમારી ભૂલ છે. સામાન્ય રીતે સફેદ કલરનું જ સ્ટેચર હોય છે. સ્ટેચ્યર ગુમ ન થાય તે માટે અમે ભગવો કલર કર્યો.

કોંગ્રેસના આરોપ સામે ભાજપે વળતો પ્રહાર કર્યો છે. ભાજપના ધારાસભ્ય ઉદય કાનગડે રંગના નામે રાજનીતિ ન કરવાની કોંગ્રેસને સલાહ આપી ...અનુસંધાન પેજ નં. 6 પર

# અમદાવાદમાં મહિલાની હત્યા કરીને ગુમ થયાનું કાવતરૂ રચ્યું

■ સુરજ ભુવાજી સહિત આઠની ધરપકડ

ગુજરાત | વંદન

શહેરમાં પાલડી વિસ્તારમાંથી એક વર્ષ પહેલાં ગુમ થયેલી મહિલાનો કેસ પોલીસે ઉકેલી નાંખ્યો છે. દુષ્કર્મનો ભોગ બનેલી યુવતીનું અપહરણ કરી હત્યા કરી દેવાના મામલે પોલીસે સુરજ ભુવા અને એક મહિલા સહિત 8 લોકોની ધરપકડ કરી છે.

પોલીસે સંખ્યાબંધ ટાવર લોકેશન, CDR અને SDRનું સતત એનાલિસિસ કરીને એક ટેકનિકલ સાંકળ રચીને આરોપીઓએ ખૂબજ યુક્તિ પૂર્વક ગુનાથી બચવા રચેલી છટક બારીઓનો પર્દાફાશ કરીને ગુનો ઉકેલી નાંખ્યો હતો. ઝોન-7ના DCP બી.યુ જાડેજાએ જણાવ્યું કે, રાજ્યમાં ગુમ થયેલ મહિલાઓને શોધી કાઢવાની ઝૂંબેશના ભાગરૂપે અમદાવાદ ખાતે રહેતી અને મૂળ જૂનાગઢની ધારા કડીવાર નામની યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હતી. આ બાબતની ગંભીરતા પૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી. ધારાને શોધી કાઢવા માટે DCP લેવલે ઝોન 7ની LCB, સ્થાનિક પોલીસ અને અમારી ટેક્નિકલ સર્વેલન્સ ટીમને કામે લગાવી હતી.

# ડમીકાંડ-2 : 300 જેટલા પરીક્ષાર્થીને પાસ કરાવ્યાનો ચોંકાવનારો ખુલાસો

■ વિદ્યુત સહાયકની પરીક્ષામાં ગેરરીતિ બહાર આવી, 6 લોકોની ધરપકડ

ગુજરાત | વંદન

વિધુત સહાયકની ઓનલાઇન પરીક્ષા મામલે થયેલી ગરબડનો પર્દાફાશ થયો છે. આ કૌભાંડના પગલે 24 કલાકમાં 6 લોકોની ધરપકડ કરવામાં આવી છે. કોમ્પ્યુટર લેબ ઈન્ચાર્જ સહિત 6 શખ્સો પકડાયા છે. પ્રાથમિક તપાસ અને પૂછપરછમાંથી એવી હકીકત સામે આવી છે કે, 300




જેટલા ઉમેદવારો પાસ કરાવવા માટે કુલ 30 કરોડથી વધુ પડાવ્યાં છે. અત્યાર સુધીમાં આ રેકેટમાં 8 લોકોની ધરપકડ કરવામાં આવી છે.હાલમાં પકડાયેલા આરોપી પૈકીમાંથી નિશીકાંત શંશીકાંત સિન્હા, જે વડોદરા ભાયલીમાં વડોદરા ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનીયરીંગ કોલેજના કોમ્પ્યુટર ...અનુસંધાન પેજ નં. 6 પર

# આગામી બે માસમાં ગુજરાતમાં પ્રારંભ થશે ઇ-વિધાનસભા

■ ગૃહની કાર્યવાહી પેપરલેસ બનાવ્યા બાદ વધુ એક અભિગમ

ગુજરાત | વંદન


ગુજરાત વિધાનસભા આગામી સમયમાં પૂર્ણ રીતે પેપરલેસ બની જશે અને તેની સાથે ઈ-વિધાનસભા પ્રોજેકટને પણ અધ્યક્ષ શંકર ચૌધરી દ્વારા આગળ વધારવામાં આવ્યો છે અને આગામી બે માસમાં ઈ-વિધાનસભા કાર્યરત થઇ જશે તેવી માહિતી આપતા શંકર ચૌધરીએ જણાવ્યું કે આ ઈ-વિધાનસભામાં સભ્યો પોતે પ્રશ્નો ઓનલાઈન પૂછી શકશે ઉપરાંત ટેબ્લેટ મારફત તે વિધાનસભા સંદર્ભના કાર્ય પણ કરી શકશે અને તેમની ફાઈલો પણ ઓનલાઈન અપલોડ કરી શકશે

દેશમાં ઈ-વિધાનસભાનો સંકલ્પને સાકાર કરવાનો ગુજરાત પ્રથમ રાજ્ય બની જશે. રાજ્ય સરકાર દ્વારા આ અંગે 15 સભ્યોની એક કમીટી નિયુકત કરાઇ છે જેનું નેતૃત્વ અધ્યક્ષ કરશે અને સમગ્ર ઈ-વિધાનસભાનો પ્રોજેકટ સફળતાપૂર્વક પાર પડે તે જોવાશે.




ચૌધરીએ જણાવ્યું કે ધારાસભ્યો ટેબ્લેટનો ઉપયોગ કરીને પોતાના પ્રશ્ન પૂછી શકશે ઉપરાંત પોતાના મત વિસ્તાર સંબંધી મુદ્દાઓ પણ અપલોડ કરી શકશે અને તે માટે ધારાસભ્યોના ટેબ્લેટ સાથે ઈ-ફાઈલીંગ સિસ્ટમ કે જે રાજય સરકારની છે

જે જોડી દેવામાં આવશે અને તેમાં જે કંઈ પ્રશ્નોના જવાબ હશે અથવા તો ધારાસભ્યો દ્વારા જે કંઈ મુદ્દાઓ ઉઠાવાયા હશે તેમનો તેમને આ વિધાનસભા મારફત અપડેટેડ માહિતી પણ મળતી રહેશે અને ખાસ કરીને તેનો ઉદ્દેશ લોકોની સમસ્યાઓના સરળ ઉકેલ માટેનો છે. આ માટે ધારાસભ્યોને તાલીમ આપવા માટે ખાસ ટીમ તૈયાર કરી છે અને તેઓ જે તે મત વિસતારમાં જઇને ધારાસભ્યને મળશે અને ઈ-વિધાનસભા ફિચર્સના ઉપયોગ કરવાની તાલીમ આપશે આ માટે સાયન્સ અને ટેકનોલોજી દ્વારા તમામ ટેકનીકલ સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.




Venue
102, Arista Business Space 3, Sindhu Bhavan Marg, Opp. HOF Showroom, Ahmedabad, Gujarat 380054
Contact : +91 63573 63574
skincare for your hair
BOTANICAL | SULFATE & PARABEN FREE | CRUELTY FREE